# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

અહાન પાંડે-અનીત પડ્ડાની લવ સ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ....



પેજ-09

એશિયન ગેમ્સમાંથી બહાર થયા નીરજ ચોપરા....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 25.00 |
| વડોદરા | 31.00 | 25.00 |
| સુરત | 31.00 | 25.00 |

પેજ 5



ચંદ્રશેખરનની વધુ 5 વર્ષની ટર્મ માટે નિમણૂક, નોએલ ટાટાએ કર્યો....

**19** SEPTEMBER-2026 SATURDAY

'બ્રિક્સ-સમિટ' દરમિયાન શી-જિનપિંગને તમ્મર આવી ગયાં....



પેજ 10

**.....સુવિચાર.....**

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહી સીધુ થવાની જરૂર છે!


વર્ષ-15 । અંક-305 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક







# રાજકોટમાં આમ આદમી પાર્ટીનો અનોખો વિરોધ, ખાડા પર દીપ પ્રગટાવી સરકાર સામે રોષ ઠાલવ્યો

અમદાવાદ | આમ આદમી પાર્ટી રાજકોટ શહેર દ્વારા રસ્તા પરના ખાડાનો વિરોધ કરવા માટે દીપ પ્રગટાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે વિરોધ નોંધાવતા જણાવાયું હતું કે, દેશમાં ભાજપ દ્વારા જેને 'આશીર્વાદનો દીવો' નામ આપવામાં આવ્યું છે, તે આશીર્વાદ માત્ર બૂટલેગરો, ભૂમાફિયાઓ અને શિક્ષણ માફિયાઓને જ મળી રહ્યા છે, જ્યારે સામાન્ય જનતાને સારા રસ્તા પણ નસીબ થતા નથી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી રાજકોટ લોકસભા પ્રમુખ દિલીપસિંહ વાઘેલા, રાજકોટ શહેર પ્રમુખ રાજેશ ડાંગરિયા, પ્રદેશ સહ મંત્રી દિનેશ જોશી, શીતલબેન ગોહેલ, પ્રભાતભાઈ હુંબલ, કિરણ ગોહેલ, દિનેશભાઈ, હરેશભાઈ ગજેરા, વિનુભાઈ પીપળીયા, પિયુષ ભંડેરી, પિયુષ પાંભર અને જયદીપ નિમ્બાર્ક સહિતના અનેક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે આમ આદમી પાર્ટી રાજકોટ લોકસભા પ્રમુખ દિલીપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'ગરીબોના કૂબામાં તેલનું ટીપું નથી અને અમીરોની કબર પર ઘીના દીવા બળે છે' એ ઉક્તિ વર્તમાન ભાજપ સરકારમાં સાર્થક થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભાજપ દ્વારા 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમ યોજાયો છે, પરંતુ વાસ્તવમાં આ સરકારના આશીર્વાદ ભૂમાફિયાઓ, બૂટલેગરો અને શિક્ષણ માફિયાઓને મળી રહ્યા છે. બીજી તરફ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર નથી મળતું અને નકલી બિયારણો મળે છે, બાળકોને પૂરતું શિક્ષણ મળતું નથી અને રસ્તાઓ પર ખાડા હોવાથી લોકો પડીને જીવ ગુમાવે છે તેમજ હાડકાં ભાંગે છે. તેથી જ અમે દીપ પ્રગટાવીને માંગ કરીએ છીએ કે સરકારના આશીર્વાદ ગુજરાતની સામાન્ય જનતાને મળે જેથી તેમનું જીવન સુધરી શકે.

આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ રાજેશભાઈ ડાંગરિયાએ ઉમેર્યું હતું કે, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે ભાજપ ઘરે-ઘરે દીવા પ્રગટાવવાની વાતો કરે છે. થોડા દિવસ પહેલાં જ્યારે મોદીજી સોમનાથ આવ્યા ત્યારે તેમણે લોકોને તેલ અને પેટ્રોલ બચાવવાની સલાહ આપી હતી, તો બીજી તરફ વડનગરથી વારાણસી સુધી બાઈક રેલી કાઢવામાં આવી રહી છે, ત્યારે આ બધો તાયફો શાના માટે કરવામાં આવી રહ્યો છે? જનતાના કામ થતા નથી, સામાન્ય માણસોના ઘરે ખાવાનું તેલ નથી અને મોંઘવારી ચરમસીમાએ છે, છતાં આવા તહેવારો અને કાર્યક્રમો કરવામાં આવે છે. અમે પણ દીવો પ્રગટાવીને વિરોધ કરી રહ્યા છીએ, કારણ કે જ્યાં આવો કાર્યક્રમ થાય ત્યાં જ તરત ખાડા પૂરવામાં આવે છે. જો આ રીતે અવાજ ઉઠાવીને ખરેખર વિરોધ કરવામાં આવશે તો જ કામ થશે, બાકી આ સરકારમાં જનતાનું કોઈ કામ થવાનું નથી.

# સુરતમાં 'આપના રાજા' ગણેશ મહોત્સવમાં 'આપ' પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ આરતી ઉતારી બાપ્પાના દર્શન કર્યા



સુરત | સુરત આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત ભવ્ય ગણેશ મહોત્સવ 'આપના રાજા' ખાતે ગતરોજ આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ ઉપસ્થિત રહી ગણેશજીની આરતી ઉતારી બાપ્પાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે 'આપ' નેતા મનોજ સોરઠીયાએ ગણપતિ બાપ્પાની પૂજા-અર્ચના કરી સુરત સહિત સમગ્ર ગુજરાત અને દેશના નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ખુશહાલી માટે પ્રાર્થના કરી હતી.આમ આદમી પાર્ટી દ્વારા છેલ્લા ચાર વર્ષથી સુરતમાં ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. દસ દિવસ ચાલનારા આ પાવન મહોત્સવ દરમિયાન આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો ભક્તિભાવપૂર્વક ગણપતિ બાપ્પાની આરાધના કરી રહ્યા છે. આ પ્રસંગે ઉપસ્થિત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયા, નવસારી લોકસભા ઈનચાર્જ ભરત પ્રજાપતિ, સુરત વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, લિંબાયત વિધાનસભા પ્રભારી પંકજ તાયડે, કોર્પોરેટર પંકજ ચાવડા સહિત સૌએ ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના કરી હતી.

## વિસાવદર મતવિસ્તારના કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓએ મળીને રોડનું ખુન કર્યું: ગોપાલ ઈટાલીયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના લોકપ્રિય ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા આજે સચિવાલય સ્થિત માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર)ને પત્ર લખ્યો છે. પત્રમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિસાવદર મતવિસ્તારના કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓએ મળીને રોડનું ખુન કર્યું હોવાની બાબતનો ઉલ્લેખ કર્યો છે. પત્રમાં જણાવ્યા મુજબ, જુનાગઢ જિલ્લાના પેધી ગયેલા કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ દ્વારા વિસાવદર વિસ્તારના અલગ અલગ ચાર જેટલા રોડનું ખુન કરવામાં આવેલ હોવાથી મૃતક રોડનું બેસણું રાખવા માટે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ઉચ્ચ સ્તરે ફરિયાદ કરેલ છે. હકીકત એવી છે કે, વર્ષ-૨૦૨૧/૨૨ માં એક કરોડ ત્રીસ લાખના ખર્ચે ભટવાવડીથી લુંઘીયા સુધીનો સંપૂર્ણ રસ્તો બનાવવાનું ટેન્ડર મંજુર થયેલ હતું. કોન્ટ્રાક્ટર દ્વારા સંપૂર્ણ રોડ બનાવ્યા વગર જ એક કરોડ ચોવીસ લાખ રૂપિયાનું પેમેન્ટ લઈને રોડનું કામ છોડી દીધું હતું. ત્યારબાદ નવેસરથી સરકારે એક કરોડ એકત્રીસ લાખનું ટેન્ડર બહાર પાડેલ હતું પરંતુ એક નિવૃત્ત અધિકારીની કંપનીને બે કરોડ બાર લાખમાં ટેન્ડર આપીને નવેસરથી ભટવાવડી લુંઘીયા રોડનું કામ સોંપવામાં આવેલ. જે રોડ ૨૦૨૧/૨૨ માં એક કરોડ ત્રીસ લાખમાં બનવાનો હતો એ રોડનું એક કરોડ ચોવીસ લાખનું પેમેન્ટ તેમજ વધારાના બે કરોડ બાર લાખનું ટેન્ડર કરવા છતાં પણ રોડ ન બનતા અધિકારી અને કોન્ટ્રાક્ટરોના હાથે રોડનું ખૂન થયું હોવાની ફરિયાદ ગોપાલ ઈટાલિયાએ કરેલ છે. હવે આ રોડ ક્યારેય સજીવન થાય એવી આશા નથી માટે માર્ગ મકાન વિભાગ તરફથી રોડનું બેસણું રાખવામાં આવે એવી ઉચ્ચ સ્તરે રજૂઆત કરેલ છે. ભટવાવડીથી લુંઘીયા સિવાય બીજા ત્રણ રોડનું પણ ખૂન થયેલ છે. લીલીયાથી જાંબાળા, ખાંભાથી ઈશ્વરીયા અને જેતલવડથી ઘોડાસણ આ તમામ રોડનું પણ આવી રીતે ખૂન કરવામાં આવેલ છે, તેમ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ફેસબૂકના માધ્યમથી જણાવ્યું હતું.

## શિક્ષકોના ભણાવવાના કલાકો સામે ઓનલાઈન કામગીરીનો વધતો બોજ

અમદાવાદ | સરકારી શાળાઓમાં શિક્ષકો પર વધતી ઓનલાઈન તથા બિન-શૈક્ષણિક કામગીરીનો મુદ્દો હવે માત્ર પ્રાથમિક શિક્ષણ પૂરતો સીમિત રહ્યો નથી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને પણ વિવિધ પ્રકારની ઓનલાઈન, ડેટા એન્ટ્રી અને વહીવટી કામગીરી સોંપવામાં આવતી હોવાની રજૂઆત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ કરવામાં આવી છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાતે તા. 16 સપ્ટેમ્બર, 2026ના રોજ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી શિક્ષકોને બિન-શૈક્ષણિક કામગીરીમાંથી રાહત આપવા માંગ કરી છે.મહાસંઘે રજૂઆતમાં જણાવ્યું છે કે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ બીજી તરફ શિક્ષકોને ઓનલાઈન, ટેક-એન્ટ્રી, સર્વે તથા વિવિધ બિન-શૈક્ષણિક કામગીરીમાં સતત જોડવામાં આવે છે.


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES, NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE LIMITED IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

**PUBLIC ANNOUNCEMENT FOR INVITING PUBLIC COMMENTS ON DRAFT OFFER DOCUMENT**

LAXMI SECURITY

(Please scan this QR Code to view the Draft Prospectus)

# LAXMI SECURITY (GUJARAT) LIMITED

**Corporate Identity Number:** U74999GJ2016PLC092223

Our company was incorporated as a private limited company under the name *"Laxmi Security (Gujarat) Private Limited"* under the provisions of the Companies Act, 2013 vide certificate of incorporation dated May 27, 2016 issued by the Deputy Registrar of Companies, Central Registration Centre. Thereafter, our company was converted from a private limited company to a public limited company, pursuant to a special resolution passed in the extraordinary general meeting of our shareholders held on February 22, 2024 and the name of our Company was changed to *"Laxmi Security (Gujarat) Limited"* with a fresh certificate of incorporation dated May 23, 2024, issued to our Company by the Assistant Registrar of Companies/ Deputy Registrar of Companies/ Registrar of Companies, Central Processing Centre. For further details on incorporation and registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** on page 186.

**Registered & Corporate Office:** E Shop-601, Naroda Icon, Nr. Toll Plaza Ring Rd, Naroda, Ahmedabad, Gujarat, India, 382330;
**Contact Person:** Juhi Rajendrakumar Chaturvedi, Company Secretary & Compliance Officer
**Tel No:** +91 9274691859 | **E-Mail ID:** cs@laxmisecurity.com | **Website:** www.laxmisecurity.com

**OUR PROMOTERS: ASHOK DULICHAND DINODIYA AND PREMLATA ASHOK DINODIYA**

**INITIAL PUBLIC OFFERING OF UPTO 50,00,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH ("EQUITY SHARES") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING TO ₹ [●] LAKHS ("THE OFFER"). THE OFFER COMPRISES A FRESH ISSUE OF UP TO 41,01,000 EQUITY SHARES AGGREGATING TO ₹ [●] LAKHS ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 8,99,000 EQUITY SHARES ("OFFERED SHARES") AGGREGATING UP TO ₹ [●] LAKHS, COMPRISING UP TO 2,00,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY SANJAYKUMAR SEVANTILAL SHAH ("SELLING SHAREHOLDER"), UP TO 2,00,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY TUSHAR SHASHIKANT SHAH ("SELLING SHAREHOLDER"), UP TO 2,00,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY RIDDHI PINAL SHAH ("SELLING SHAREHOLDER"), UP TO 2,00,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY RISHI PINAL SHAH ("SELLING SHAREHOLDER"), UP TO 74,250 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY SHIVANI NAKUL THAKKAR ("SELLING SHAREHOLDER"), UP TO 24,750 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] LAKHS BY SHAILESHBHAI HARGOVINDBHAI THAKKER ("SELLING SHAREHOLDER") (COLLECTIVELY, THE "SELLING SHAREHOLDERS" AND SUCH OFFER FOR SALE OF EQUITY SHARES BY THE SELLING SHAREHOLDERS, THE "OFFER FOR SALE"). THE OFFER WILL CONSTITUTE [●]% OF THE POST-OFFER PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THE OFFER INCLUDES A RESERVATION OF UP TO [●] EQUITY SHARES AGGREGATING TO ₹ [●] LAKHS (CONSTITUTING UP TO [●] % OF THE POST OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY) FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE OFFER LESS THE MARKET MAKER RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER WILL CONSTITUTE [●] % AND [●] % RESPECTIVELY, OF THE POST- OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. FOR FURTHER DETAILS, PLEASE REFER TO SECTION TITLED "TERMS OF THE OFFER" BEGINNING ON PAGE NO. 276 OF THIS DRAFT PROSPECTUS.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS ₹ 10 EACH.
THE OFFER PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES.**

**THIS OFFER IS BEING MADE IN TERMS OF CHAPTER IX (INITIAL PUBLIC OFFER BY SMALL AND MEDIUM ENTERPRISES) OF THE SEBI ICDR REGULATIONS. THIS OFFER IS A FIXED PRICE OFFER AND ALLOCATION IN THE NET OFFER TO THE PUBLIC WILL BE MADE IN TERMS OF REGULATION 253(3) OF THE SEBI ICDR REGULATIONS.**

In terms of Regulation 256 of SEBI ICDR Regulations read with the SEBI Circular No. CIR/CFD/POLICYCELL/11/2015 dated November 10, 2015, and Unified Payments Interface (UPI) introduced vide SEBI Circular Ref: SEBI/HO/CFD/DIL2/CIR/P/2018/138 dated November 1, 2018 all the potential investors shall participate in the offer only through an Application Supported by Blocked Amount ("ASBA") process providing details about the bank account which will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs') for the same. Further, pursuant to SEBI Circular No. SEBI/HO/CFD/DCR2/CIR/P/2019/133 dated November 08, 2019, Individual Investors applying in public offer may use either Application Supported by Blocked Amount (ASBA) process or UPI payment mechanism by providing UPI ID in the Application Form which is linked to the Bank Account of the investor. For details in this regard, specific attention is invited to ***"Offer Procedure"*** beginning on page no. 288 of the Draft Prospectus.

This public announcement is being made in compliance with the provisions of Regulation 247 of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares pursuant to the Offer and has filed the Draft Prospectus dated September 18, 2026 with SME Platform of BSE Limited. Pursuant to Regulation 247 of the SEBI ICDR Regulations, the Draft Prospectus filed with BSE Limited shall be made available to public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of BSE Limited at and **www.bseindia.com**, on the website of the Company at **www.laxmisecurity.com** and on the websites of the Lead Manager, i.e. Aftertrade Broking Private Limited at **www.aftertrade.in**. Our Company invites members of the public to give their comments, if any, on the Draft Prospectus filed with BSE Limited, with respect to disclosures made in the Draft Prospectus. The members of the public are requested to send a copy of their comments, if any, to BSE and/ or to the Company Secretary and Compliance Officer of our Company and/or the Lead Manager at their respective addresses mentioned herein below by 5.00 p.m. on the 21st day from the aforesaid date of filing of the Draft Prospectus with BSE Limited.

Investments in Equity and Equity related securities involve a degree of risk and investors should not invest any funds in this offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer including the risks involved. The Equity Shares issued in the Offer have not been recommended or approved by the Securities and Exchange Board of India (**"SEBI"**), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Prospectus. Specific attention of the investors is invited to the section ***"Risk Factors"*** beginning on page 26 of the Draft Prospectus. Any decision to invest in the Equity Shares described in the Draft Prospectus may only be taken after the Prospectus has been filed with the RoC and must be made solely on the basis of such Prospectus as there may be material changes in the Prospectus from the Draft Prospectus.

Equity Shares, issued through the Prospectus, are proposed to be listed on the SME Platform of BSE Limited.

For details of the share capital and capital structure and the names of the Signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, please see the section titled ***"Capital Structure"*** beginning on page 92 of the Draft Prospectus. The liability of members of our Company is limited.

For details of the main objects of our Company as contained in the Memorandum of Association, please see the section titled ***"History and Certain Corporate Matters"*** beginning on page 186 of the Draft Prospectus.

| LEAD MANAGER TO THE OFFER | REGISTRAR TO THE OFFER | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| AFTERTRADE<br>**AFTERTRADE BROKING PRIVATE LIMITED**<br>**Address:** 206, 2nd Floor, Time Square, Besides Pariseema Building, C. G. Road, Navrangpura, Ahmedabad 380009<br>**Tel No:** +91 9725009939<br>**Email:** mb@aftertrade.in<br>**Investors Grievance e-mail:** compliance@aftertrade.in<br>**Website:** www.aftertrade.in<br>**Contact Person:** Mr. Vanesh Panchal<br>**SEBI Registration Number:** INM000013110 | **BIGSHARE SERVICES PRIVATE LIMITED**<br>**Address:** S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East), Mumbai, Maharashtra–400093.<br>**Tel No:** 022-62638200<br>**Email:** ipo@bigshareonline.com<br>**Investor Grievance e-mail:** investor@bigshareonline.com<br>**Website:** www.bigshareonline.com<br>**Contact Person:** Babu Rapheal C<br>**SEBI Registration Number:** INR000001385 | **Laxmi Security (Gujarat) Limited**<br>**Name: Juhi Rajendrakumar Chaturvedi**<br>**Tel. No.:** +91 9274691859<br>**Email:** cs@laxmisecurity.com<br>**Website:** www.laxmisecurity.com<br>Investors can contact our Company Secretary and Compliance Officer, the Lead Manager, or the Registrar to the Offer in case of any pre-offer or post-offer related issues, such as non receipt of letter of allottment, non-credit of allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode, etc. |

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed in the Draft Prospectus.

**For Laxmi Security (Gujarat) Limited**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Ashok Dulichand Dinodiya**
**Chairman and Managing Director**
**DIN – 07521421**

**Place:** Ahmedabad
**Date:** September 18, 2026

**Laxmi Security (Gujarat) Limited** is proposing, subject to the receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the Draft Prospectus dated September 18, 2026 with SME Platform of BSE Limited. The Draft Prospectus is available on the website of the BSE Limited at www.bseindia.com, the website of the Company at www.laxmisecurity.com and the website of the Lead Manager, i.e. Aftertrade Broking Private Limited at www.aftertrade.in . Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled ***"Risk Factors"*** on page 26 of the Draft Prospectus. Potential investors should not rely on the Draft Prospectus filed with BSE Limited for making any investment decision. The Equity Shares have not been and will not be registered under the U.S Securities Act of 1933 ("US Securities Act"), or any state securities law in the United States, and unless so registered, and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the US Securities Act and applicable US State securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' in reliance of Regulations and applicable laws of each jurisdiction where such offers and sales are made. There will be no public offering of the shares in the United States.

AdBaaz


# News Brief

## અમદાવાદ એરપોર્ટ પર વરસાદની અસર : કોલકાતાથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટ ઈન્દોર ડાયવર્ટ, કુલ 4 ફ્લાઈટ ડીલે




અમદાવાદ | અમદાવાદમાં વહેલી સવારથી શરૂ થયેલા ધોધમાર વરસાદના કારણે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હવાઈ સેવા પર વિપરીત અસર પડી છે. ખરાબ હવામાનને લીધે કોલકાતાથી અમદાવાદ આવતી ઈન્ડિગોની એક ફ્લાઈટને ઈન્દોર ડાયવર્ટ કરવી પડી હતી. આ ઉપરાંત, એરપોર્ટ પર આવતી-જતી અન્ય ચાર ફ્લાઈટ્સ પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી પડી હતી, જેમાં ત્રણ અરાઈવલ અને એક ડિપાર્ચર ફ્લાઈટનો સમાવેશ થાય છે. કોલકાતાથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટ (6E 245) સવારે 8:40ના બદલે 10:58 વાગ્યે ટર્મિનલ-1 પર લેન્ડ થઈ હતી. નવી દિલ્હીથી આવતી ઈન્ડિગોની બે ફ્લાઈટ્સ (6E 907 અને 6E 2331) પણ અનુક્રમે સવારે 11:54 વાગ્યે અને બપોરે 2:36 વાગ્યે પહોંચી હતી. અમદાવાદથી નવી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટ (6E 5072) બપોરે 2:35ના બદલે 3:20 વાગ્યે ટર્મિનલ-1 ના ગેટ નંબર 3 પરથી ટેકઓફ થઈ. હવામાનની પ્રતિકૂળ સ્થિતિને ધ્યાનમાં રાખીને એરપોર્ટ તંત્ર દ્વારા મુસાફરોને અગવડતાથી બચવા માટે એરપોર્ટ પહોંચતા પહેલા સંબંધિત એરલાઈન્સ પાસેથી પોતાની ફ્લાઈટનું લાઈવ સ્ટેટસ ચકાસી લેવાની સલાહ આપવામાં આવી છે.

## દૂધ-છાસના કેરેટ ચોરતી ગેંગનો પર્દાફાશ : ગાંધીનગરમાં ડેરી પાર્લરમાંથી ચોરી કરતા

ગાંધીનગર | ગાંધીનગરમાં છેલ્લા નવ દિવસથી વહેલી પરોઢે ડેરી પાર્લરોને નિશાન બનાવી દૂધ, દહીં અને છાશના ભરેલા કેરેટની ચોરી કરતી શાતિર તસ્કર ગેંગનો સેક્ટર-21 પોલીસ સ્ટેશનની ટીમે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડીને ચોરીમાં વપરાતી ફોર વ્હીલ ગાડી, મોટી સંખ્યામાં પ્લાસ્ટિકના કેરેટ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 3.43 લાખનો મુદ્દામાલ કબજે કરી ગોકુળપુરાના રીઢા ચોર અને તેની સાથેના સગીરને ઝડપી લીધા છે. મળતી વિગતો અનુસાર, ગાંધીનગર શહેરમાં દૂધના કેરેટ ચોરી કરવાનો સિલસિલો 9મી સપ્ટેમ્બરથી શરૂ થયો હતો. વહેલી સવારે અઢી થી 6 વાગ્યાના સમયગાળા દરમિયાન જ્યારે ડેરીઓમાંથી દૂધ અને છાસનો જથ્થો દૂધ કેન્દ્રો પર પહોંચાડવામાં આવતો હોય ત્યારે પાર્લર માલિકોની ગેરહાજરીનો લાભ ઉઠાવી આ તસ્કરો ત્રાટકતા હતા.

સેક્ટર-17માં ઈન્દ્રવદનભાઈના દૂધ કેન્દ્ર, સેક્ટર-21માં ગીરીશભાઈ પટેલના પાર્લર પરથી 15 કેરેટ, સેક્ટર-26 ગ્રીનસિટીમાં સંજયભાઈ પટેલના મારૂતિ પાર્લર ખાતેથી 17 કેરેટ, સેક્ટર-15ના જય ભોલે પાર્લર પરથી 7 કેરેટ તેમજ સેક્ટર-5 અને સેક્ટર-20માંથી મોટા પ્રમાણમાં કેરેટ ચોરાયા હતા. ટૂંક સમયમાં સાત જેટલા સ્થળોએ ચોરી થતાં વેપારીઓ અને સંચાલકોમાં ભારે ચિંતા અને અસંતોષ વ્યાપી ગયો હતો.

## ફૂટપાથ પર જીવનું જોખમ

### રાયખડ ચાર રસ્તા પાસે બે વ્યક્તિ ફૂટપાથ પર પડેલી હાલતમાં, આસપાસમાં દારૂની થેલીઓ મળી



અમદાવાદ | કોમનવેલ્થ અને ઓલમ્પિક રમતોત્સવને ધ્યાનમાં રાખીને ફૂટપાથ પર રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાના દાવાઓ વચ્ચે અમદાવાદના રાયખડ અને જમાલપુર વિસ્તારમાં ગંભીર આદર અને સુરક્ષાનો મુદ્દો સામે આવ્યો છે. દિવ્ય ભાસ્કરના કેમેરામાં રાયખડ ચાર રસ્તા પાસે બે વ્યક્તિઓ ફૂટપાથ અને મુખ્ય રોડ પર દેશી દારૂની થેલીઓ, બોટલો અને કફ સીરપની શીશીઓ સાથે બેભાન કે સૂતેલી હાલતમાં ઝડપાયા છે. AMCની દાણાપીઠ મુખ્ય કચેરીથી માત્ર 100 મીટરના અંતરે બનેલી આ ઘટના સ્થાનિક પોલીસ અને કોર્પોરેશન તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.

વિક્ટોરિયા ગાર્ડનથી ખમાસા, રાયખડ અને ગોળ લીમડા ચાર રસ્તા સુધીના ભારે ટ્રાફિક વાળા વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા લોકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. નશાની હાલતમાં એક વ્યક્તિનો અડધો ભાગ અને પગ રોડ પર હોવાથી અકસ્માતનો ભય સતત રહે છે. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં આ વિસ્તારમાં દેશી દારૂ, નશીલા પાવડર અને સીરપનું બેફામ વેચાણ થતું હોવાનું અને લોકો દિવસ-રાત નશો કરીને પડ્યા રહેતા હોવાનું સામે આવ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કારંજ અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા આ વિસ્તારમાં નશીલા પદાર્થોના વેચાણ અને આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે પોલીસ આંખ આડા કાન કરી રહી છે. એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહિલા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભિક્ષુકો અને નિરાધારોને શોધીને 'રેન બસેરા'માં ખસેડવાની ઝુંબેશ ચલાવવાનો દાવો કરાય છે, ત્યારે મુખ્ય કચેરીની બિલકુલ નજીક જ બની રહેલી આ ઘટના તંત્રની દાવેદારી પર મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## હિમાચલ-લદ્દાખમાં 1થી 8 સપ્ટેમ્બર દરમિયાન બે પર્વત શિખરો સર કરી વધાર્યું ગૌરવ

# વડોદરાના હિતેશ પટેલે પર્વતારોહણ ક્ષેત્રે નોંધાવી સિદ્ધિ

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરાના યુવા પર્વતારોહકે પર્વતારોહણ ક્ષેત્રે એક અદ્ભુત અને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરીને સમગ્ર ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે. વડોદરાના પર્વતારોહક હિતેશ પટેલે હિમાચલ પ્રદેશ અને લદ્દાખના દુર્ગમ વિસ્તારોમાં ૧ થી ૮ સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરાયેલા અભિયાનમાં ટૂંકા ગાળામાં ૬,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બે પર્વત શિખરો સફળતાપૂર્વક સર કરી લીધા છે.

હિતેશ પટેલે આ અભિયાન દરમિયાન ૬,૦૮૧ મીટર ઊંચાઈ ધરાવતો માઉન્ટ શિન્કુન ઈસ્ટ અને ૬,૧૧૧ મીટર ઊંચાઈ ધરાવતો માઉન્ટ યુનમ એમ બંને શિખરો પર તિરંગો લહેરાવ્યો હતો. આ સફળતા પાછળ તેમનું અથાક પરિશ્રમ અને મજબૂત મનોબળ રહેલું છે.

આ અભિયાનની સૌથી વિશેષ વાત એ હતી કે બંને શિખરોનું આરોહણ અત્યંત જોખમી અને રોમાંચક એવી 'આલ્પાઈન સ્ટાઈલ' પદ્ધતિથી કરવામાં આવ્યું હતું. આ પદ્ધતિમાં પર્વતારોહકો કોઈ પણ હેલ્પર, અગાઉથી ગોઠવાયેલા દોરડા કે તૈયાર હાઈ કેમ્પસ વિના પોતાની મેળે જ જરૂરી સામાન સાથે રાખીને પર્વતારોહણ કરે છે. અભિયાન દરમિયાન ટીમે અત્યંત



પડકારજનક પથરાળ અને બરફીલા માર્ગો પાર કરીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી.

આ બંને મોટા શિખરો સર કર્યા બાદ હિતેશ પટેલ અને તેમની બે સભ્યોની ટીમે લદ્દાખના પેંગોંગ તળાવ ઉપર આવેલા અગાઉ ક્યારેય ન ચડાયેલા એક અજ્ઞાત શિખર પર પણ ચઢાઈનો રોમાંચક પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ટીમ ૫,૮૦૦ મીટરની ઊંચાઈ સુધી સફળતાપૂર્વક પહોંચી હતી, જોકે ખરાબ પરિસ્થિતિ કે અન્ય કારણોસર મુખ્ય શિખર સુધી પહોંચવામાં તેમને સફળતા મળી નહોતી. ટૂંકા ગાળામાં બે વિશાળ શિખરો સર કરવાની આ સિદ્ધિ બદલ હિતેશ પટેલની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

હિતેશ પટેલે હિમાચલ પ્રદેશ અને લદ્દાખ વિસ્તારમાં આવેલા માઉન્ટ શિન્કુન ઈસ્ટ, જેની ઊંચાઈ ૬,૦૮૧ મીટર છે, તેમજ માઉન્ટ યુનમ, જેની ઊંચાઈ 6,111 મીટર છે, બંને શિખરો સર કર્યા હતા. ખાસ વાત એ છે કે બંને શિખરોનું આરોહણ 'આલ્પાઈન સ્ટાઈલ' પદ્ધતિથી કરવામાં આવ્યું હતું.

આ પદ્ધતિમાં પર્વતારોહકો કોઈ હેલ્પર, અગાઉથી ગોઠવાયેલા દોરડા કે તૈયાર હાઈ કેમ્પસ વિના જરૂરી સામાન પોતાની સાથે લઈ પર્વતારોહણ કરે છે. અભિયાન દરમિયાન ટીમે પડકારજનક પથરાળ અને બરફીલા માર્ગો પાર કરીને બંને શિખરો પર તિરંગો લહેરાવ્યો હતો.

બે શિખરો સર કર્યા બાદ હિતેશ પટેલ અને તેમની ટીમે લદ્દાખના પેંગોંગ તળાવ ઉપર આવેલા અગાઉ ન ચડાયેલા એક શિખર પર પણ ચઢાઈનો પ્રયાસ કર્યો હતો. ટીમ 5,800 મીટરની ઊંચાઈ સુધી પહોંચી હતી, પરંતુ મુખ્ય શિખર સુધી પહોંચવામાં સફળતા મળી નહોતી. ટૂંકા ગાળામાં બે ઊંચા શિખરો સર કરવાની આ સિદ્ધિથી હિતેશ પટેલે વડોદરા અને ગુજરાતનું નામ પર્વતારોહણ ક્ષેત્રે ઉજાગર કર્યું છે.

## દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે-પર વડોદરા નજીક 12 લાખના દારૂ સાથે ટ્રક પકડાઈ



વડોદરા | વડોદરા નજીક આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપરથી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે બાતમીના આધારે દારૂનો એક મોટો જથ્થો ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. એક્સપ્રેસવે પર વાસદ નજીક વેસ્ટ પાવડરની થેલીઓની આડમાં છુપાવીને લઈ જવાતી વિદેશી દારૂ ભરેલી ટ્રકને પોલીસે ઝડપી લીધી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૨૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે અને ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી અન્ય સંડોવાયેલા શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. મળતી વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના પગલે ગઈ મોડી સાંજે એક્સપ્રેસ વે પરથી વાસદ તરફ જવાના રસ્તા ઉપર પોલીસ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન અમરેલી તરફ દારૂનો જથ્થો લઈને નીકળેલી શંકાસ્પદ ટ્રક નજરે પડતા પોલીસે તેને પકડવા માટે યુક્તિ અપનાવી હતી. પોલીસે એક અન્ય ટ્રકમાં બેસીને બે થી ત્રણ કિલોમીટર સુધી દારૂ ભરેલી ટ્રકનો ફિલ્મીઢબે પીછો કર્યો હતો અને આખરે વાસદ નજીક તેને સફળતાપૂર્વક આંતરી લીધી હતી.

## 10 કરોડની ખંડણી માટે રોહિત ગોદાણા ગેંગને વેપારીની ટિપ કોણે આપી, ATS પણ તપાસ કરશે

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરના છાણી વિસ્તારના એક અગ્રણી કેમિકલ વેપારી પાસે કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા અને મહેન્દ્ર દેલાણાના નામે રૂ. ૧૦ કરોડની માતબર રકમની ખંડણી માંગવાના પ્રકરણમાં ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. આ કેસમાં દિલ્હીથી ઝડપાયેલા રોહિત ગોદારા ગેંગના સાગરીત કુલદીપ સ્વામીના રિમાન્ડ પૂરા થતાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચ તેને દિલ્હીથી વડોદરા લાવવાની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે હવે ગુજરાત એટીએસ (ATS) પણ સક્રિય થઈને તપાસમાં જોડાઈ છે.

વડોદરાના વેપારીને ધમકી આપીને ૧૦ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. વેપારીએ જ્યારે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું ત્યારે ગેંગ દ્વારા તેમને વોઈસ નોટ પણ મોકલવામાં આવી હતી, જે હાલ પોલીસ તપાસનો મુખ્ય વિષય બની છે. ખંડણી પેટે રૂ. ૧૦ લાખની ટોકન રકમ આપવાનું નક્કી કરી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને દિલ્હી પોલીસે સંયુક્ત ઓપરેશન ચલાવીને નવી દિલ્હી ખાતે છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન પંજાબથી આવેલા અને રાજસ્થાનના ચુરું જિલ્લાના કલ્યાણપુરાના વતની કુલદીપ ગણેશદાસ સ્વામીને પોલીસે રંગેહાથ ઝડપી લીધો હતો. આશ્ચર્યની વાત એ છે કે તેની કારમાંથી રૂ. ૪ કરોડની કિંમતનું હેરોઈન પણ જપ્ત કરવામાં આવ્યું હતું, જેને લઈને દિલ્હી પોલીસ અલગથી તપાસ કરી રહી છે. આ ગંભીર ગુનામાં પોલીસ માટે સૌથી મોટો સવાલ એ છે કે વડોદરાના આ કેમિકલ વેપારીની અંગત માહિતી અને ટિપ રોહિત ગોદારા ગેંગ સુધી કોણે પહોંચાડી હતી? શું આ કેસમાં વેપારીની કોઈ નિકટની વ્યક્તિ કે અંદરની જ કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ, તે દિશામાં તપાસ શરુ કરવામાં આવી છે. આ માટે પકડાયેલા કુલદીપ સ્વામીના મોબાઈલની કોલ ડિટેલ રેકોર્ડ (CDR) અને અન્ય ટેકનિકલ સોર્સના આધારે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરાઈ છે.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે રોહિત ગોદારા ગેંગ સામે પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ખંડણી, હત્યા અને જબરજસ્તી વસૂલાતના ૧૦૦ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ગુનાખોરીની દુનિયામાં શરૂઆતમાં લોરેન્સ બિશ્નોઈનો રાઈટ હેન્ડ મનાતો રોહિત ગોદારા હાલ તેના સંપર્કમાં છે કે વિરોધમાં, તેની સત્તાવાર માહિતી પોલીસ પાસે નથી, પરંતુ વડોદરાના આ કેસમાં રોહિત ગોદારા અને મહેન્દ્ર દેલાણા મુખ્ય વોન્ટેડ છે.

## લૂંટેરી દુલ્હન ગેંગની ચુંગાલમાં ફસાયેલા 3 યુવાનોના રૂપિયા અને સપના બંને લૂંટાયા : 10 લાખ પડાવી છેતરપિંડી

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરમાં લગ્નના બહાને ભોળા યુવાનોને ફસાવીને લાખો રૂપિયા પડાવતી એક કુખ્યાત 'લૂંટેરી દુલ્હન' ગેંગનો પર્દાફાશ થયો છે. રાજકોટના ફર્નિચરના વેપારીને શિકાર બનાવનાર આ ટોળકીએ અન્ય બે યુવાનો સાથે પણ લાખોની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. બાપોદ પોલીસે આ મામલે મુખ્ય મહિલા આરોપી સહિત ૬ શખ્સો સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં ફર્નિચરનો વેપાર કરતા હાર્દિક મહેશભાઈ ધેડિયાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન ન થતાં સગા-સંબંધીઓમાં ચર્ચા ચાલતી હતી. તે દરમિયાન તેમના કૌટુંબિક ભાઈ મિલન જાદવે રાજકોટના અશોક રાઠોડ અને મહેશ રાવલ સાથે તેમની મુલાકાત કરાવી હતી. આ શખ્સોએ વડોદરાની મેઘના પ્રજાપતિ નામના યુવતીનો ફોટો બતાવીને લગ્ન માટે પસંદ કરાવી હતી. ગત ૭ મે ૨૦૨૬ના રોજ તેઓ હાર્દિકને વડોદરાના આજવા રોડ ખાતે કમલાનગર તળાવ પાસે લઈ ગયા હતા, જ્યાં મેઘના, તેની માતા રાધાબેન અને માસી જયાબેન સાથે મુલાકાત કરાવી લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા.

લગ્ન નક્કી થયા બાદ જયાબેન અને અશોક રાઠોડ સૌને ઉમા ચાર રસ્તા ખાતે 'મા કોમ્પ્લેક્સ'માં વકીલ અને નોટરી નિલેશ સોલંકીની ઓફિસે લઈ ગયા હતા. ત્યાં રૂ. ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું કરાવીને મેઘના સાથે લગ્ન કરાવવામાં આવ્યા હતા અને જયાબેને હાર્દિક પાસેથી રૂ. ૩,૮૦,૦૦૦ રોકડા પડાવી લીધા હતા. લગ્ન બાદ મેઘના ચાર દિવસ રાજકોટ રોકાઈ હતી અને પછી માસીના મરણનું બહાનું કાઢીને વડોદરા પરત આવી હતી. પંદર દિવસ પછી તે ફરી પાછી આવી અને ત્રણ દિવસ રહીને ફરી બેસણાનું કહીને ગઈ ત્યારબાદ ક્યારેય પરત ફરી નહોતી અને તેનો ફોન પણ સ્વિચ ઓફ આવવા લાગ્યો હતો.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આ જ કુખ્યાત ટોળકીએ હાર્દિકની સોસાયટીમાં રહેતા પીયુષ ચૌહાણ પાસેથી રૂ. ૩.૬૦ લાખ પડાવી સીમાબેન નામના પાત્ર સાથે તથા મિત્ર સંજય ભોળા પાસેથી રૂ. ૨. લાખ પડાવીને અન્ય લગ્ન કરાવીને છેતરપિંડી આચરી હતી.

## વડોદરામાં આજવા રોડ પર સ્કૂલ બસના ડ્રાઈવરની હત્યાનો ચોંકાવનારો ભેદ ઉકેલાયો

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં આવેલી પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલની બસના ડ્રાઈવરની હત્યાનો પોલીસે ગણતરીના દિવસોમાં જર્બદસ્ત પર્દાફાશ કર્યો છે. શરૂઆતમાં આ મામલો રોડ અકસ્માતનો લાગતો હતો, પરંતુ પોલીસની ઝીણવટભરી તપાસમાં તે પૂર્વઆયોજિત હત્યા હોવાનું બહાર આવ્યું છે. સ્કૂલ બસની જ મહિલા કંડક્ટર અને તેના પતિએ મળીને નાણાકીય તકરારમાં ડ્રાઈવરને મોતને ઘાટ ઉતારી દીધો હતો અને પુરાવા નાશ કરવા લાશને હાઈવે પર ફેંકી દીધી હતી. મકરપુરા પોલીસે આ હીચકારી કૃત્ય આચરનાર દંપતીની ધરપકડ કરી લીધી છે.

મળતી વિગતો અનુસાર, આજવા રોડના એકતાનગરમાં આંબેડકર નગરમાં રહેતા રમેશભાઈ ગણપતરાવ પવાર પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલની બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. તેમની જ બસમાં ગાજરાવાડી વિસ્તારમાં રહેતી પૂજા ખડસે કંડક્ટર તરીકે નોકરી કરતી હતી. ગત ૭મી તારીખે રમેશભાઈ પોતાના પાડોશીને એમ કહીને ઘરથી રિક્ષા લઈને નીકળ્યા હતા કે પૂજાને બરોડા ડેરી પાસે અકસ્માત નડ્યો છે અને હું અડધા કલાકમાં પરત આવું છું. જોકે, ૨૪ કલાક વીતી જવા છતાં તેઓ પરત ન ફરતા તેમના પુત્ર કેયૂર (જે ભરૂચના ભોલાવ ખાતે રહે છે) ને જાણ કરવામાં આવી હતી. કેયૂરે વડોદરા આવીને તપાસ કરતા કોઈ પત્તો ન લાગતાં ૯મી તારીખે બાપોદ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી. દરમિયાન સોશ્યલ મીડિયા પર હાઈવે પર સતીમાતા હોટલ પાસેથી એક લાશ મળ્યાનો વીડિયો વાયરલ થતાં પરિવારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં જઈને તપાસ કરી હતી, જ્યાં મૃતક રમેશભાઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

મકરપુરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.એ. ભેડા અને પીઆઈ એ.એમ. ગોહિલ દ્વારા આ કેસમાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તપાસમાં ખૂલ્યું કે મૃતક રમેશભાઈએ પોતાની સાથે નોકરી કરતી પૂજાબેનને પોતાના બેંક ખાતામાંથી લોન લઈને ૩ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે, પૂજાબેન આ લોનના હપ્તા નિયમિત ભરપાઈ કરતા ન હતા.

આ બાબતે ખારાસ અને બોલાચાલી કરવા માટે ગત તારીખ ૭મીના રોજ રાત્રે પૂજાબેને રમેશભાઈને બરોડા ડેરી પાસે બોલાવ્યા હતા. ત્યાં પૂજાબેન અને તેમના પતિ હિમાંશુ સાથે રમેશભાઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી.

## આજવા સરોવરની સપાટી 209.85 ફૂટે અટકતા આગામી ઉનાળામાં પાણીની ચિંતા વધી



વડોદરા | વડોદરા શહેર માટે પાણીની દ્રષ્ટિએ અત્યંત મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. વડોદરાના પૂર્વ વિસ્તારમાં પાણી પુરવઠાનો મુખ્ય આધાર ગણાતા આજવા સરોવરમાં ચાલુ વર્ષે પૂરતા પ્રમાણમાં પાણીની આવક નહીં થવાથી સરોવર હજુ સુધી છલકાયું નથી. સામાન્ય રીતે ચોમાસાની ઋતુ દરમિયાન આજવા સરોવરની સપાટી બે થી ત્રણ વખત ૨૧૪ ફૂટ સુધી પહોંચતી હોય છે, પરંતુ આ વર્ષે વરસાદની અછતના કારણે સપાટી તે સ્તર સુધી પહોંચી શકી નથી. આજે સવારે ૧૧:૩૦ વાગ્યે આજવા સરોવરની સપાટી માત્ર ૨૦૯.૮૫ ફૂટ નોંધાઈ હતી. ચોમાસું વિદાય લઈ રહ્યું છે ત્યારે સરોવર પૂરું ન ભરાવાના કારણે આગામી શિયાળા અને ઉનાળાની ઋતુને લઈને પાણી પુરવઠા અંગે ગંભીર ચિંતા ઊભી થઈ છે. ચાલુ ઉનાળા દરમિયાન કાળઝાળ ગરમીના કારણે આજવા સરોવરની સપાટી ઐતિહાસિક રીતે પ્રથમ વખત ૨૦૭ ફૂટની નીચે પહોંચી ગઈ હતી, જેના કારણે પૂર્વ વિસ્તારમાં પાણીનો ભારે કકળાટ સર્જાયો હતો. તે સમયે વડોદરા મહાનગરપાલિકાને નર્મદા કેનાલમાંથી પાણી ખરીદવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાતી હોય છે, પરંતુ આ વખતે સરોવરમાં પૂરતી આવક ન થવાને કારણે હવે શિયાળાની શરૂઆતથી જ પાણીની અછત સર્જાવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.આજવા સરોવરની આ વર્તમાન સ્થિતિને જોતા પૂર્વ વિસ્તારના નાગરિકોને આગામી દિવસોમાં પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

## વાહનોના ટાઈમિંગ તેમજ ચેકપોસ્ટ ઉપરના સીસીટીવી ફૂટેજ ચેક કરી કારચાલકને શોધી કાઢ્યો હતો

# છાણીમાં બાઈક સવારનું મોત નીપજાવવાના હીટ એન્ડ રનના બનાવવામાં પોલીસે કાર ચાલકને શોધી કાઢ્યો

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરના છાણી રોડ વિસ્તારમાં પાંચ દિવસ પૂર્વે બનેલા ચકચારી હિટ એન્ડ રનના બનાવનો પોલીસે સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. બાઈક સવારને અડફેટમાં લઈને ગંભીર ઈજાઓ પહોંચાડીને ફરાર થઈ ગયેલા કારચાલકને છાણી પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ઝડપી પાડ્યો છે. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ અકસ્માત સર્જ્યાની કબૂલાત કરી લીધી છે.

ઘટનાની વિગતો મુજબ, ગત તા. ૧૩મીના રોજ બપોરે છાણી રામા કાકાની દેરી પાસે એક પુરપાટ ઝડપે આવી રહેલી કારે બાઈક સવારને અડફેટમાં લીધા બાદ કારચાલક ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાઈક સવાર



અમરસિંહ રામસિંહ પરમાર (રહે. લાલપુરા, નવાયાર્ડ) ને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બે દિવસ બાદ તેમનું દુઃખદ અવસાન થયું હતું.

આ ગંભીર બનાવ બાદ છાણી પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એલ. પ્રજાપતિ અને તેમની ટીમ દ્વારા તાત્કાલિક વિવિધ ટીમો બનાવીને સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની આસપાસના તેમજ ચેકપોસ્ટ ઉપરના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા અને બાઈકની આગળ-પાછળ આવતા તમામ વાહનોના ટાઈમિંગનું બારીકાઈથી વિશ્લેષણ કર્યું હતું.

આ ટેકનિકલ તપાસના આધારે પોલીસે શંકાસ્પદ કારને શોધી કાઢી હતી અને કાર ઉપર થયેલા ઘસરકા તથા નુકસાન અંગે કારચાલકને સઘન પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન પકડાયેલા કારચાલક મજીત ઉર્ફે મિહિર ઉસ્માન ખાન (રહે. બ્રાહ્મણ ફળિયું, રણોલી) ભાંગી પડ્યો હતો અને તેણે અકસ્માત સર્જ્યાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સયાજીગંજ રોડ પર પણ અસર

## MS યુનિ.માં ઈન્ટરનલ પરીક્ષાના પહેલા દિવસે અભૂતપૂર્વ ટ્રાફિક જામ

(એજન્સી) વડોદરા । તા. 18

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) કેમ્પસમાં સત્તાધીશોના અયોગ્ય વહીવટના કારણે આજથી શરૂ થયેલી આંતરિક પરીક્ષાઓના પહેલા જ દિવસે અભૂતપૂર્વ ટ્રાફિક જામ સર્જાયો હતો. કોમર્સ, આર્ટસ અને સાયન્સ ફેકલ્ટીની પરીક્ષાઓ એકસાથે શરૂ થવાના કારણે કેમ્પસમાં હજારો વિદ્યાર્થીઓની ભીડ એકત્ર થઈ હતી, જેના પરિણામે ભારે અંધાધૂંધી અને ટ્રાફિકની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી.

મળતી માહિતી મુજબ, કોમર્સ ફેકલ્ટીમાં તબક્કાવાર એસ.વાય., એફ.વાય. અને ટી.વાય. ની સવાર, બપોર અને સાંજની શિફ્ટમાં વારાફરતી પરીક્ષાઓ લેવાઈ રહી છે. એક તરફ એફ.વાય. ની પરીક્ષા પૂરી થઈ હતી અને બીજી તરફ એસ.વાય. ની



પરીક્ષા શરૂ થવાની હોવાથી હજારો વિદ્યાર્થીઓ એકસાથે કેમ્પસમાં ભેગા થયા હતા. આ પરિસ્થિતિ વચ્ચે આર્ટસ ફેકલ્ટીની ઐતિહાસિક ઈમારત અને તેના ગુંબજના બ્યુટિફિકેશનના કામ બાદ સત્તાધીશો દ્વારા કોમર્સ અને આર્ટસ ફેકલ્ટી વચ્ચેનો મુખ્ય રસ્તો કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવ્યો છે.

### ફ્લેટના ધાબેથી ચાર એસીની કોપર પાઈપ ચોરી તસ્કરો ફરાર

## વાઘોડિયા રોડની શ્યામલ રેસીડેન્સીમાં ચોરીની ઘટના

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં ચોરીની એક અનોખી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. વાઘોડિયા રોડ પર આવેલી શ્યામલ રેસીડેન્સીના ધાબા પરથી અજાણ્યા તસ્કરો ચાર અલગ-અલગ એસીની કોપરની પાઈપો કાપીને ચોરી કરી નાસી છૂટ્યા છે. કુલ ૩૨ ફૂટ જેટલી મોંઘી કોપર પાઈપ ચોરાઈ જવાથી ફ્લેટના રહીશોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે કપૂરાઈ પોલીસે રહીશની ફરિયાદના આધારે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધીને તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. નારાયણ ઈન્ટરનેશનલ શાળાની બાજુમાં આવેલી શ્યામલ રેસીડેન્સીમાં રહેતા ૩૨ વર્ષીય નિશાંત પુરોહિત ચાની દુકાન ચલાવીને



પોતાનું ગુજરાન ચલાવે છે. ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ વાગ્યે તેઓ પોતાના પરિવાર સાથે ખરીદી કરવા માટે બજારમાં ગયા હતા. ત્યારબાદ રાત્રે ૧૦:૩૦ વાગ્યે જ્યારે તેઓ પરત ઘરે આવ્યા અને ઘરમાં ગરમી લાગતા એર કન્ડિશનર (AC) ચાલુ કર્યું ત્યારે રૂમમાં જરાય ઠંડક આવતી ન હતી.

AXIS BANK

મહત્વની જાહેરાત

અમે સ્થળાંતર કરી રહ્યા છીએ

એક્સિસ બેંકની વાપી શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ., વાપી શાખા,
ગ્રાઉન્ડ, ફર્સ્ટ એન્ડ સેકન્ડ ફ્લોર, કોમર્શિયલ પ્લોટ નં. સી.એમ. ૮, ૯,
નેશનલ હાઈવે - ૮, સી.કે. ચેમ્બર્સ, જીવન દીપ હોસ્પિટલ સામે,
વાપી, ગુજરાત – ૩૯૬૧૯૫.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ., વાપી શાખા,
ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, કોમર્શિયલ પ્લોટ નં. સી૭/૬૭/૧, હોટેલ ફોર્ચ્યુન
ગેલેક્સી કમ્પાઉન્ડ, કોપરલી રોડ, નેશનલ હાઈવે - ૮, જી.આઈ.ડી.સી.
વાપી, તાલુકો – વાપી, જિલ્લો – વલસાડ, ગુજરાત – ૩૯૬૧૯૫.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

થોડુંક ટેન્શન તથા કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે.

**વૃષભ : બ. વ. ઉ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશો તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

**મિથુન : ક. છ. ઘ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો.

**કર્ક : ડ. હ.**

ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે.

**સિંહ : મ. ટ.**

તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**તુલા : ર. ત.**

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

**વૃશ્ચિક : ન. ય.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**મકર : ખ. જ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો સ્વત6 રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

### નાગવીરી (કચ્છ)માં PMના ૭૬મા જન્મદિવસની દિવ્ય ઉજવણી

# "એક દીવો, મોદીજીના નામ" અભિયાનથી ઝળહળ્યું શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન મંદિર

મહેશ એલ. સોની નખત્રાણા



નખત્રાણા દેશના લોકલાડીલા અને પોતાને પ્રધાન સેવક કહેવડાવતા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૬મા જન્મદિવસના પાવન અવસરે કચ્છના નાગવીરી ગામ ખાતે આવેલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ખાતે સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત સૌએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના શ્રીચરણોમાં પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કરી દીધું છે અને જેમના નેતૃત્વમાં હિન્દુ વૈદિક સનાતન સંસ્કૃતિ વિશ્વભરમાં પુનઃ ગૌરવવંતી બની રહી છે, તેવા આપણા વડાપ્રધાનશ્રીને ભગવાન ઉત્તમ સ્વાસ્થ્ય, નીરોગી કાયા અને દીર્ઘાયુષ્ય અર્પે અને તેઓ સતત રાષ્ટ્રસેવાના પથ પર અવિરત આગળ વધતા રહે એવી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ પાસે અંતકરણ પૂર્વક પ્રાર્થના કરી હતી."એક દીવો, એક પ્રાર્થના, એક ભાવ... મોદીજીના નામ" ના દિવ્ય સંકલ્પ સાથે જાહેર જીવનના ૨૫ વર્ષથી વધુ સમયથી સતત સેવાયજ્ઞમાં લીન રહેલા માનનીય મોદી સાહેબ માટે દરેક ઘરનો દીપ પ્રગટાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ભક્તિમય અને રાષ્ટ્રભાવનાથી સભર વાતાવરણમાં સંપન્ન થયો હતો, તેવું સમાજના મહામંત્રી શ્રી હિરાલાલભાઈ પોકારની યાદીમાં જણાવાયું હતું.

# લોહાણા મહિલા મંડળ અને મીનાબેન દત્તાના સંયુક્ત ઉપક્રમે ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી સ્પર્ધાનું આયોજન

| નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. લોહાણા મહિલા મંડળ અને મીનાબેન દત્તાના સંયુક્ત ઉપક્રમે ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી સ્પર્ધા તા.2 ઓક્ટોબરના રોજ સાંજે 5 વાગ્યે પ્રેસિડેન્ટ હોલ, રેલ્વે સ્ટેશન સામે, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેની એન્ટ્રી ફી. 150 ( અલ્પાહાર સાથે) રાખવામાં આવી છે. સ્પર્ધા માટેની એન્ટ્રી લેવાની છેલ્લી તા.30 સપ્ટેમ્બર ૨૦૨૬ રહેશે. જેમાં 3 થી 5 વર્ષના બાળકોની એન્ટ્રી ફી ભરવાની નથી, સ્પર્ધા માટે 10 થી 18 વર્ષના બહેનો, 19 થી 35 વર્ષના બહેનો અને 36 થી ઉપરની વયના બહેનો માટે છે, વધુમાં આ સ્પર્ધા સમયે કોઈપણ બહેનોને વસ્તુ વેચાણનું ટેબલ રાખવું હોય તો તેની ફી 150 રહેશે, નિર્ણાયક નો નિર્ણય આખરી રહેશે, એન્ટ્રી ફી ના રૂ.150 google pay અથવા રોકડા ભરી એન્ટ્રી પાસ મેળવી લેવા જણાવ્યું છે., પાસ મેળવવા માટે મીનાબેન દત્તા- +91 97372 11021 પ્રિયંકાબેન દત્તા- 9624964123 અલ્પાબેન ઉનડકટ- 98795 40771પારૂલબેન સૂચક- 9033684576રસીલાબેન સોઢા-98251 05545રશ્મિબેન વિઠલાણી-94295 80017

બિનલબેન ઉનડકટ- 97377 63555નો સંપર્ક કરવા જણાવાયું છે.

**દારૂ**

# જામનગર નજીક મોટી ખાવડીમાં રૂ.6,500ના દારૂ સાથે એક શખ્સ ઝડપાયો, સપ્લાયર સામે પણ ગુનો



જામનગર : મેઘપર-પડાણા પોલીસ મથકના વિસ્તારમાં મોટી ખાવડી ગામે જીયો પંપ પાસે પોલીસે રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂની 11 બોટલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. દારૂ સપ્લાય કરનાર અન્ય શખ્સ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસના જણાવ્યા મુજબ તા.17 સપ્ટેમ્બરના રાત્રે સાડા આઠ વાગ્યે મોટી ખાવડી ગામે જીયો પંપ પાસે કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન મહેન્દ્રસિંહ ગુમાનસિંહ વાઢેર (ઉંમર 21 વર્ષ, રહે. ગોકુલનગર, જામનગર) પાસેથી ભારતીય બનાવટની ઇંગ્લિશ દારૂની 11 બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂ.6,500 હોવાનું જણાવાયું છે. પોલીસ તપાસમાં આ દારૂ મોટી ખાવડીના દીપકભાઈ છગનભાઈ ગોહેલે સપ્લાય કર્યો હોવાનો આક્ષેપ થતાં બંને સામે પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ)(એ), 116(બી) અને 81 મુજબ ગુનો નોંધાયો છે. મહેન્દ્રસિંહની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે દીપકભાઈને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

**ઉજવણી**

# વાંકુ (અબડાસા) માં ત્રિદિવસીય ગણેશોત્સવની ભવ્ય ઉજવણી

મહેશ એલ.સોની નખત્રાણા



શ્રી વાંકુ યુવક મંડળ દ્વારા ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે માં આશાપુરા મંદિર ચોક ખાતે ત્રિદિવસીય ભવ્ય ગણેશ મહોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.પ્રથમ દિવસે ગણેશ ચતુર્થીના શુભ દિવસે શ્રીગણેશજીની મૂર્તિનું વાજતે-ગાજતે સરઘસ અને સામૈયા સાથે સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાવભરી આરતી-પૂજન કરવામાં આવી હતી. સાંજે મહિલા સત્સંગ મંડળ દ્વારા ભક્તિસભર સત્સંગ કાર્યક્રમ અને રાત્રે બહેનો દ્વારા રાસ-ગરબાનું મનમોહક આયોજન કરવામાં આવ્યું હતું.દ્વિતીય દિવસે સવાર-સાંજ મહાઆરતી અને રાત્રિના સમયે સ્થાનિક કલાકારો દ્વારા સંતવાણી-ભજનની ભવ્ય જમાવટ યોજાઈ હતી, જેમાં ભક્તિરસની અવિરત ધારા વહી હતી.તૃતીય દિવસે બપોરે સમસ્ત ગ્રામજનો માટે ભવ્ય મહાપ્રસાદનું આયોજન, ત્યારબાદ મહાઆરતી અને સાંજે ગામ ફરતે ભવ્ય શોભાયાત્રા કાઢીને પીંગલેશ્વર મહાદેવના દરિયા કિનારે ભાવભીની આંખે ગણપતિ બાપ્પાને વિદાય આપવામાં આવી હતી. "ગણપતિ બાપ્પા મોરિયા, આવતા વર્ષે જલ્દી આવો" ના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

**"જાન હૈ તો જહાન હૈ" — સાવચેતી રાખો, સલામત રહો.**

# રસ્તો કે અકસ્માતને આમંત્રણ? નખત્રાણા-માતાના મઢ હાઈવે પર મોટા ખાડા



**મથલ-ટોડીયા ફાટક અને સુરધણ દાદા તીર્થધામ નજીક વાહનચાલકો પર જોખમ; અકસ્માત પહેલાં તંત્ર સમારકામ કરે તેવી માંગ**

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-માતાના મઢ હાઈવે પર આવેલ મથલ-ટોડીયા ફાટક તથા સુરધણ દાદા તીર્થધામ નજીકના રોડ પર પડેલા મોટા ખાડાઓ વાહનચાલકો માટે જોખમી બન્યા છે. રોડ પર અનેક સ્થળે ખાડા પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાડાઓથી બચવા માટે વાહનચાલકોને ઘણી વખત રોંગ સાઇડ તરફ વાહન હંકારી પસાર થવાની ફરજ પડે છે, જેના કારણે સામેથી આવતા વાહન સાથે અકસ્માત થવાની શક્યતા વધી છે. ખાસ કરીને રાત્રિના સમયે આ ખાડાઓ વધુ જોખમી સાબિત થઈ શકે છે.સ્થાનિક વાહનચાલકો દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી છે કે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તાત્કાલિક ધોરણે રોડના ખાડાઓનું સમારકામ કરવામાં આવે અને માર્ગને સલામત બનાવવામાં આવે.વાહનચાલકોને પણ અપીલ છે કે આ માર્ગ પરથી પસાર થતી વખતે ગતિ ધીમી રાખી સાવચેતીપૂર્વક વાહન ચલાવે.

# ખરાદી-સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી

કમલેશ પટેલ. સંખેડા



સંખેડામાં ખરાદી-સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંખેડાના સોનેરી ફર્નિચર પર લખાયેલા એક વિશેષ પુસ્તકનું વિમોચન પણ કરાયું હતું.વિશ્વકર્મા મંદિરના પટાંગણમાં હોમાત્મક યજ્ઞ અને પૂજન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.સંખેડાનું સોનેરી ફર્નિચર તેની અનોખી કારીગરી માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. આ વારસાને જાળવી રાખવા માટે સંખેડા કોલેજના પ્રોફેસર ડો. સાધના ટાંક દ્વારા આ કારીગરી પર એક વિશેષ પુસ્તક તૈયાર કરાયું છે.

આ પુસ્તકનું વિમોચન રાઓલ બોડેલીના એસડીએમ અને સંખેડાના ધારાસભ્ય સહિતના અગ્રણીઓના હસ્તે કરાયું હતું. સંખેડાની કારીગરીને પુસ્તક સ્વરૂપે વાચા આપીને તેના સંરક્ષણનું કામ કરવા બદલ ખરાદી-સુથાર સમાજ તરફથી પ્રોફેસર ડો. સાધના ટાંકનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.પુસ્તક લેખિકા પ્રોફેસર ડો. સાધના ટાંકે જણાવ્યું હતું કે, "સંખેડાનું સોનેરી ફર્નિચર એ માત્ર ફર્નિચર નથી, પણ અમારી સંસ્કૃતિ અને પરંપરાનો વારસો છે. આ કારીગરીને આવનારી પેઢી સુધી પહોંચાડવી એ મારો ઉદ્દેશ્ય છે."ધારાસભ્ય અભેસિંહ તડવીએ કહ્યું હતું કે, "સંખેડાના ખરાદી સમાજે દેશભરમાં સંખેડાનું નામ રોશન કર્યું છે. સરકાર આ લુપ્ત થતી કળાને બચાવવા માટે તમામ પ્રયત્નો કરશે."આ પ્રસંગે સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સ્થાનકવાસી જૈન સંઘ જુનાગઢ દ્વારા કુ. સુશીલાબેન શાહ નું દાનવીર ભામાશા તરીકે ભવ્ય સન્માન કરવામાં આવ્યું



| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.18.

પર્યુષણ પર્વના સાતમા દિવસે મહેતા નિદાન કેન્દ્ર ઉપરકોટ પાસે, જૂનાગઢ ખાતે ધીરતાબાઈ સ્વામી આદિઠાણાના વ્યાખ્યાનના કાર્યક્રમમાં જુનાગઢ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા દાનવીર ભામાશા સમાન જેમનું જીવન છે એવા જુનાગઢ વાસી કુ. સુશીલાબેન છોટાલાલ શાહ નું આધુનિક યુગના દાનવીર ભામાશા તરીકે ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી





| કમલેશ પટેલ. સંખેડા

બહાદરપુરના ગુપ્તેશ્વર મહાદેવ મંદિરે રાય શેરી યુવક મંડળ દ્વારા ગણેશજીની મહાઆરતીનું આયોજન કરાયું હતું. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી.આ ખાસ કાર્યક્રમમાં બહાદરપુર ગામના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને સંખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.યુ. ગોહિલ હાજર રહ્યા હતા. ભક્તો અને નાના બાળકોના હસ્તે કેક કાપીને ગણપતિ દાદાની આરતી ઉતારવામાં આવી હતી.આ પ્રસંગે ગામમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. સૌએ દેશના વડાપ્રધાનના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. બહાદરપુરમાં રામ ધૂન યુવક મંડળ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ભજન સંધ્યા અને કેક કાપીને ઉજવવામાં આવ્યો.આ ઉજવણી ભાવિનભાઈ શેઠના ઘરે યોજવામાં આવી હતી. આ પ્રસંગે હનુમાનજીની આરતી પણ કરવામાં આવી.વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિત્તે ભજન મંડળના બાળકોએ કેક કાપી હતી.બહાદરપુર ગામના હરિભક્તો, મહિલાઓ, ભક્તો અને નાના બાળકો સહિત અનેક લોકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

**ગણેશ વિસર્જનનો ચોથો દિવસ**

# બંને કુંડમાં બાપ્પાની 62 મૂર્તિઓનું વિસર્જન



જામનગર : જામનગર શહેરમાં ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલા બંને વિસર્જન કુંડ ખાતે ગણેશજીની વિદાયનો ક્રમ યથાવત્ રહ્યો છે. તા.17 સપ્ટેમ્બરના ચોથા દિવસે શહેરના બંને વિસર્જન કુંડ ખાતે એક જ દિવસમાં કુલ 62 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે ગણેશ વિસર્જનના ચાર દિવસમાં બંને કુંડ ખાતે મળીને કુલ 458 ગણેશ મૂર્તિઓનું વિસર્જન પૂર્ણ થયું છે.ગણેશ ભક્તો દ્વારા પોતાના ઘેર તેમજ વિવિધ સ્થળોએ સ્થાપિત કરવામાં આવેલી ગણેશજીની મૂર્તિઓને વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત બંને કુંડ ખાતે લાવવામાં આવી રહી છે. મહાનગરપાલિકાની ટીમ દ્વારા મૂર્તિઓના વિસર્જનની પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવામાં આવી રહી છે.

ખંભાળિયા બાયપાસ કુંડમાં ચોથા દિવસે 45 મૂર્તિઓનું વિસર્જન ચોથા દિવસે ખંભાળિયા બાયપાસ ખાતે બનાવવામાં આવેલા વિસર્જન કુંડમાં કુલ 45 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે આ કુંડમાં ચાર દિવસ દરમિયાન અત્યાર સુધીમાં કુલ 370 ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે.સરદાર રિવેરા કુંડમાં ચોથા દિવસે 17 મૂર્તિઓની વિદાયસરદાર રિવેરા નજીકના વિસર્જન કુંડમાં ચોથા દિવસે કુલ 17 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે આ કુંડમાં ચાર દિવસ દરમિયાન અત્યાર સુધીમાં કુલ 88 ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે.

### રાજપીપલાના હરસિદ્ધી માતા મંદિર ખાતે ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે દિવા પ્રગટાવી આરતી કરી

# નર્મદા જિલ્લામાં ઠેર ઠેર 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો







રાજપીપલા : સમગ્ર રાજ્યમાં યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન-હેઠળ નર્મદા જિલ્લામાં પણ વિવિધ સેવાલક્ષી અને જનભાગીદારી આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું .

જેના ભાગરૂપે રાજપીપલાના હરસિદ્ધી માતા મંદિર ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો હતો.પ્રાપ્ત માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મ દિવસે જિલ્લા માં ઠેર ઠેર લોકો એ ઘર આંગણે કે મહોલ્લા અને મંદિરો માં ' આશીર્વાદ નો દીવડો' પ્રગટાવ્યો હતો આ પ્રસંગે રાજપીપલા ના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે અત્રે હરસિધ્ધિ મંદીર ના પ્રાંગણ માં પાંચ હજાર દીવડા પ્રગટાવ્યા હતા આ પ્રસંગે પાલિકા ચીફ ઓફિસર વૈશાલી વરિયા અને મામલતદાર નાંદોદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સેવા, સંકલ્પ અને સદભાવનાની ભાવના સાથે સૌએ સહભાગી બની અભિયાનના હેતુને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ કર્યો હતો.આ પ્રસંગે સિવિલ હોસ્પિટલ માં દર્દીઓ ને ફળ વિતરણ કરવામાં આવ્યું હતું . 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ દ્વારા શ્રદ્ધા સાથે સેવા અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# બોરતલાવ પંચાયત વિસ્તારમાં મોદીના જન્મદિવસની ખાસ રીતે ઉજવણી કરવામાં આવી



| કમલેશ પટેલ. સંખેડા

બોરતલાવ તાલુકા પંચાયત વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ખાસ રીતે ઉજવણી કરવામાં આવી.સંખેડા તાલુકા પંચાયત સદસ્ય ભાવિકાબેન વિશાલ પટેલ અને તેમના સમર્થકોએ વિરમપુરા, ગેરીયા, પ્રતાપપરા, માલપુર, હાંડોદ, ગુંડેર અને પીપરીયા સહિતના ગામોમાં દીવડા પ્રગટાવ્યા હતા.આ પ્રસંગે ગામના વડીલો, માતા-બહેનો, ભાઈઓ અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓ પણ ઉત્સાહથી જોડાયા હતા. સૌએ સાથે મળીને દીવડા પ્રગટાવી વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.દીવડાઓની રોશનીથી સમગ્ર બોરતલાવ પંથકમાં ઉત્સવ જેવું વાતાવરણ બન્યું હતું. હાજર રહેલા સૌએ વડાપ્રધાનના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી હતી.

## UPI ટ્રાન્ઝેક્શન્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)નો અમલ

# ભારતના પેમેન્ટ બિઝનેસનું માળખું બદલાઈ જશે

(એજન્સી) અમદાવાદ | તા.18

મોટા મૂલ્યના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) દાખલ થવાથી ભારતના પેમેન્ટ બિઝનેસનું માળખું બદલાઈ શકે છે. આનાથી કંપનીઓ માત્ર ટ્રાન્ઝેક્શન વોલ્યુમ પાછળ દોડવાને બદલે મોટા વેપારી ચુકવણીઓ (મર્ચન્ટ પેમેન્ટ્સ) આધારિત મોનેટાઈઝ કરી શકાય તેવા બિઝનેસ મોડલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સુધારેલા માળખા (ફ્રેમવર્ક) મુજબ, રૂ. ૨,૦૦૦ થી વધુના માન્ય પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) વ્યવહારો પર ૦.૪% MDR લાગુ થશે, જે રૂ. ૭૫,૦૦૦ કે તેથી વધુના ટ્રાન્ઝેક્શન માટે વધુમાં વધુ રૂ. ૩૦૦ સુધી મર્યાદિત (કેપ) રહેશે. નાના વ્યવહારોને આ ચાર્જમાંથી બહાર રાખીને, આ માળખું યુપીઆઈ માટે બે અલગ-અલગ પ્રકારનું અર્થતંત્ર ઊભું કરે છે. રોજિંદા પેમેન્ટ્સ મફત રહેશે, જ્યારે મોટા મૂલ્યના પેમેન્ટ્સ આવકની તક ઊભી કરશે.



પેમેન્ટ કંપનીઓ માટે આ નિર્ણય મોટી રકમ (હાયર ટિકિટ સાઇઝ) ધરાવતી કેટેગરીઝને ઘણી આકર્ષક બનાવી શકે છે. પેમેન્ટ કંપનીઓના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યુપીઆઈ અને અન્ય પેમેન્ટ્સ આસપાસ હાઈ-વેલ્યુ યુઝ કેસ ઊભા કરવાની તક પૂરી પાડે છે, જેથી પેમેન્ટ્સને માત્ર ટ્રાન્ઝેક્શન વોલ્યુમની દ્રષ્ટિએ જોવાથી બચી શકાય. ટ્રાવેલ, ઈ-કોમર્સ અને હાઈ-વેલ્યુ રિટેલ જેવી કેટેગરીઝ પર નવા માળખા હેઠળ 'અપેક્ષિત સામાન્ય ખર્ચ' આવશે, જ્યારે MDRથી મળતી આવક પેમેન્ટ્સ ઈકોસિસ્ટમને રોકાણ ચાલુ રાખવા માટે વધુ અવકાશ આપશે.આ ફેરફાર યુપીઆઈ માર્કેટમાં સ્પર્ધા કરવા ઈચ્છતા નવા પ્લેયર્સ માટે આર્થિક અડચણો પણ ઘટાડી શકે છે. નવું માળખું થર્ડ-પાર્ટી એપ્લિકેશન પ્રોવાઈડર્સ માટે અપેક્ષિત આવકનો સ્રોત ઊભો કરશે, જેનાથી એવા માર્કેટમાં વધુ પ્લેયર્સને રોકાણ કરવાનું પ્રોત્સાહન મળશે જે અત્યાર સુધી ઝીરો-MDR વાતાવરણમાં ટકી રહેવા સક્ષમ મોટી કંપનીઓ તરફી રહ્યું છે.આ નવું માળખું પેમેન્ટ્સ ઈકોસિસ્ટમનું અર્થતંત્ર કેટલી હદે સુધારે છે તેનો આધાર એ વાત પર રહેશે કે સહભાગીઓ (પાર્ટિસિપેન્ટ્સ) વચ્ચે MDRની આવક કેવી રીતે વહેંચાય છે અને સમય જતાં પ્રાઈસિંગ સ્ટ્રક્ચર કેવી રીતે વિકસે છે. રૂ. ૩૦૦ ની મહત્તમ મર્યાદા ભવિષ્યમાં પુનઃવિચારણાને પાત્ર બની શકે છે.બ્રોકરેજ કંપનીઓના મતે, છ વર્ષ પછી યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) ફરીથી દાખલ કરવાથી ડિજિટલ ચુકવણીઓ અને બેંકિંગ ઉદ્યોગની આવકમાં રૂ. ૧૫,૦૦૦-૨૦,૯૦૦ કરોડનો વધારો થઈ શકે છે. MDR એ ડિજિટલ ચુકવણીઓ સ્વીકારવા માટે વેપારીઓ પાસેથી વસૂલવામાં આવતી ફી છે.MDR પીઅર-ટુ-મર્ચન્ટ (P2M) યુપીઆઈ વ્યવહારો, એટલે કે, રૂ. ૨,૦૦૦ થી વધુ ગ્રાહક-થી-મર્ચન્ટ વ્યવહારો પર લાગુ થશે. ગોલ્ડમેન સેક્સના અંદાજ મુજબ, ૨૬ ઓગસ્ટ સુધીના વ્યવહાર સ્તરના આધારે, કુલ યુપીઆઈ P2M વ્યવહાર મૂલ્યના આશરે ૪૮% MDR હેઠળ આવે છે. આ ઉદ્યોગ માટે આશરે રૂ. ૨૦,૬૦૦ કરોડની આવકની તક રજૂ કરે છે.

## એક્સિસ બેન્ક અને કોગ્નિઝન્ટ AMS 2.0 સાથે એપ્લિકેશન મેનેજમેન્ટને વધુ મજબૂત બનાવવા સહયોગ કર્યો

મુંબઈ | અગ્રણી એઆઈ બિલ્ડર અને ટેક્નોલોજી સર્વિસ પ્રોવાઈડર કોગ્નિઝન્ટ (NASDAQ: CTSH) અને ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેન્કોમાંની એક એક્સિસ બેન્કે આજે એક્સિસ બેન્કના હિતધારકો માટે બેન્કની AMS 2.0 પહેલ હેઠળ કોગ્નિઝન્ટની એપ્લિકેશન મેનેજમેન્ટ સર્વિસીસ (AMS)ના સફળ અમલીકરણ અને કામગીરી શરૂ થયાની જાહેરાત કરી હતી.AMS 2.0 એ સુવ્યવસ્થિત અને બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવતો કાર્યક્રમ છે. તેનો હેતુ સેવા પૂરી પાડવાની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવો, કામગીરીમાં એકરૂપતા લાવવી અને એપ્લિકેશન સપોર્ટ સર્વિસીસમાં ઓટોમેશનનો વધુ ઝડપી અમલ કરાવવાનો છે. ઓટોમેશન આધારિત પદ્ધતિઓ પર આધારિત આ મોડલનો હેતુ સેવાઓની વિશ્વસનીયતા અને ખર્ચ કાર્યક્ષમતામાં વધારો કરવાની સાથે ઉત્પાદકતા અને વ્યાપ વધારવાની ક્ષમતા વધારવી તથા પ્રોસેસીસને સ્ટાન્ડર્ડાઈઝ બનાવવાનો છે. આ સમગ્ર વ્યવસ્થામાં ગવર્નન્સ, નિયમોનું પાલન અને કામગીરીમાં શિસ્ત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.એક્સિસ બેન્કની આગેવાની હેઠળની AMS 2.0 પહેલ બેન્કની વ્યાપક ટેક્નોલોજી પરિવર્તન યાત્રાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. આ સહયોગ દર્શાવે છે કે એક્સિસ બેન્ક એવા આઈટી ઓપરેટિંગ મોડલના નિર્માણ પર વ્યૂહાત્મક ધ્યાન આપી રહી છે, જે મોટા પાયે વિસ્તારી શકાય, પડકારજનક પરિસ્થિતિઓમાં પણ વિશ્વસનીય રીતે કાર્ય કરી શકે અને ભવિષ્યની જરૂરિયાતો માટે તૈયાર હોય. આ મોડલ બિઝનેસના વિકાસને સક્ષમ બનાવશે, સિસ્ટમની વિશ્વસનીયતામાં વધારો કરશે અને બેન્કના મહત્વપૂર્ણ બેન્કિંગ પ્લેટફોર્મ પર હિતધારકોને વધુ સારી સેવા પૂરી પાડશે.પાંચ વર્ષના કરાર હેઠળ કોગ્નિઝન્ટ એક્સિસ બેન્ક સાથે મળીને બેન્કના વિવિધ મહત્વપૂર્ણ બિઝનેસ વિભાગોની સિસ્ટમ્સને સપોર્ટ આપી રહી છે. તેમાં બ્રાન્ચ અને ઓપરેશન્સ, કાર્ડ્સ, કોર્પોરેટ બેન્કિંગ અને ટ્રેઝરી, કોર પ્લેટફોર્મ્સ અને પેમેન્ટ્સ, ફાઈનાન્સ અને એકાઉન્ટિંગ, રિટેલ અને હોલસેલ બેન્કિંગ, ડેટા પ્લેટફોર્મ્સ અને ઈન્ટિગ્રેશનનો સમાવેશ થાય છે.આ સહયોગ અંગે એક્સિસ બેન્કના ગ્રુપ હેડ - ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને રિટેલ ઓપરેશન્સ અવિનાશ રાઘવેન્દ્રએ જણાવ્યું હતું કે, "AMS 2.0નું અમલીકરણ વધુ મજબૂત, વધુ સ્થિર અને ભવિષ્ય માટે તૈયાર એવી ઓટોમેશન આધારિત ઓપરેશન્સ મોડલ વિકસાવવા માટે એક્સિસ બેન્ક દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોનો એક ભાગ છે.

## News Brief

### અવાન્તે સ્પેસીસ લિમિટેડે જ્યોર્જ વર્ગીસની મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરી

પુણે, 18 સપ્ટેમ્બર 2026: કિર્લોસ્કર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (કેઆઈએલ)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અવાન્તે સ્પેસીસ લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે 18 સપ્ટેમ્બર 2026ના રોજ મળેલી તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં જ્યોર્જ વર્ગીસને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંકને મંજૂરી આપવામાં આવી હતી. તેમની નિમણૂંક 18 સપ્ટેમ્બર 2026થી અમલમાં આવી છે અને તેઓ 19 મે 2030 સુધી આ જવાબદારી સંભાળશે.શ્રી વર્ગીસ 20 મે 2025થી કિર્લોસ્કર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. અવાન્તે સ્પેસીસમાં તેમની નવી જવાબદારી વધારાની જવાબદારી તરીકે રહેશે, જેનાથી કિર્લોસ્કર ગ્રુપના વિવિધ વ્યવસાયોમાં નેતૃત્વ વધુ મજબૂત બનશે. આ અંગે અવાન્તે સ્પેસીસ લિમિટેડના બોર્ડના ચેરમેન રાહુલ કિર્લોસ્કરે જણાવ્યું હતું કે, "પાંચ વર્ષથી વધુ સમયથી જ્યોર્જ કિર્લોસ્કર ગ્રુપની અનેક કંપનીઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેમણે બિઝનેસ સ્ટ્રેટેજી, કામગીરીના અમલીકરણ તેમજ એચઆર, માર્કેટિંગ અને કંપનીના કલ્ચર સાથે જોડાયેલી પહેલમાં યોગદાન આપ્યું છે. આ તમામ ક્ષેત્રોમાં તેમના અનુભવથી ગ્રુપની વિકાસયાત્રામાં મૂલ્યવાન દ્રષ્ટિકોણ ઉમેરાયો છે. ભવિષ્યના વિકાસ માટે અવાન્તે સ્પેસીસને તૈયાર કરવામાં તેમની નિપુણતા કંપનીને વધુ મજબૂત બનાવશે."

# ટાટા AIA લાઈફ ઈન્શ્યોરન્સે Shubh SIP લૉંચ કરી

### જે ફ્લેક્સિબલ ફાયનાન્શિયલ સોલ્યુશન સાથે જીવનના દરેક તબક્કે પરિવર્તન લાવી શકાય તે રીતે ડિઝાઈન કરાઈ

(એજન્સી) મુંબઈ | તા.18

સમયની સાથે સાથે લોકોની આર્થિક મોરચે પ્રાથમિકતા બદલાતી રહે છે. વ્યક્તિ શરૂઆતમાં સંપત્તિનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે અને ત્યારબાદ વધી રહેલ પારિવારિક સુરક્ષાને પ્રાથમિકતા આપી શકે છે અને છેવટે રિટાયરમેન્ટ માટે આવકનું એક યોગ્ય માધ્યમ બનાવવા અંગે વિચાર કરી શકે છે.આ જરૂરિયાત અંગે યોગ્ય સમજણ કેળવીને ભારતની અગ્રણી પ્રાઈવેટ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની પૈકીની એક અગ્રણી ટાટા AIA લાઈફ ઈન્શ્યોરન્સે ટાટા AIA Shubh SIP લૉંચ કરી છે, જે એક યુનિટ-લિંક્ડ ઈન્શ્યોરન્સ પ્લાન(ULIP) છે, જેને વેલ્થ ક્રિએશન, પ્રોટેક્શન અને રિટાયરમેન્ટ પ્લાનિંગને એક જ ફ્લેક્સિબલ સોલ્યુશન આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. આ પ્લાન લોકોને માર્કેટ સાથે લિંક્ડ ફંડનું નિર્માણ કરવા, પરિવાર માટે ફાયનાન્શિયલ સુરક્ષા મજબૂત કરવા અને રિટાયરમેન્ટ સમયે વ્યવસ્થિત રીતે પૈસાને ઉપાડવાને લગતું આયોજન કરવામાં મદદ કરે છે. તેનાથી રોકાણકારો પોતાની બદલાતી પ્રાથમિકતા પ્રમાણે ફાયનાન્શિયલ જર્નીને આગળ વધારી શકે છે, પણ આ માટે લાગુ પોલિસીની શરતો તથા નિયમોનું પાલન કરવું જરૂરી છે. Tata AIAએ ભારતના અગ્રણી ઓનલાઈન ઈન્શ્યોરન્સ પ્લેટફોર્મ પૈકી એક Policybazaar સાથે પણ ભાગીદારી કરી છે, જેથી લાંબા સમય માટે ફાયનાન્શિયલ સોલ્યુશન્સ ઈચ્છતા લોકોને Tata AIA Shubh SIP ડિજિટલ રીતે ઉપલબ્ધ કરાવી શકાય છે. આ લૉંચ અંગે ટિપ્પણી કરતાં ટાટા AIG લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ બિઝનેસ ઓફિસર-પાર્ટનરશિપ ડિસ્ટ્રીબ્યુશન અને ગ્રુપ બિઝનેસ, શ્રી જીલાની બાશાએ જણાવ્યું હતું કે, 'ફાયનાન્શિયલ પ્રાયોરિટીઝ જીવન પર્યંત એક સમાન રહેતી નથી. વર્તમાન સમયની જરૂરિયાત કદાચ સંપત્તિ સર્જનનું હોય, ત્યારબાદ આવતીકાલ પરિવારની જવાબદારીને સુરક્ષિત કરવાની હોય. ટાટા AIG Shubh SIP સાથે અમારો ઉદ્દેશ આ બદલાતી જરૂરિયાતોને એક જ ફ્લેક્સિબલ સોલ્યુશન રજૂ કરવાના હતા, જેથી લોકો તેમની ફાયનાન્શિયલ જર્ની આગળ જાળવી રાખી શકાય અને તેને જીવનના દરેક પડાવ પર ફરીથી શરૂ કરવી ન પડે.' બદલાતી આર્થિક પ્રાથમિકતાને ધ્યાનમાં રાખી ડિઝાઈન કરી : જે લોકો લાંબા સમયમાં સંપત્તિનું સર્જન કરવા ઈચ્છે છે તેમના માટે Tata AIA Shubh SIP માર્કેટ લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટને લગતી તકો આપે છે. આ સાથે જ તેમાં લોયલ્ટી એડિશન્સ અને મેચ્યોરિટી બૂસ્ટર પણ મળે છે(જે પોલિસીની શરતોને આધિન છે), જેથી લાંબા સમય સુધી અનુશાસિત પદ્ધતિથી રોકાણને જાળવી શકાય છે. જેમ-જેમ જવાબદારીઓ વધતી જાય છે, આ પ્લાન પરિવારના લક્ષ્યોને પૂરા કરવામાં મદદ કરવા માટે સુરક્ષા સુવિધા પ્રદાન કરે છે. કમાઉ માતા-પિતાના મૃત્યુ બાદ ઘરના ત્યારપછીના ખર્ચાઓને પ્રાથમિકતા આપવી પડી શકે છે, જેથી પરિવારની પાસે બાળકોના અભ્યાસ અથવા જીવન સાથીના રિટાયરમેન્ટ માટે રોકાણને યથાવત રાખવા માટે મર્યાદિત સંસાધનો જ બચે છે. પ્રીમિયમની માફી(Waiver of Premium)ને લગતા ફાયદા આ પ્રકારના પડકારોનો સામનો કરવામાં મદદ કરી શકે છે. આ સુવિધા કોઈ નિયત ઘટના બાદ પોલિસીની માફક ભવિષ્યના પ્રીમિયમની ચુકવણીને સુનિશ્ચિત કરે છે, જેથી પરિવાર પર પ્રીમિયમ ભરવાને લગતો કોઈ જ બોજ નાંખ્યા વગર જ રોકાણને યથાવત રીતે જાળવી શકાય છે.

## વરમોરા ગ્રેનિટો લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 22 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | વરમોરા ગ્રેનિટ લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, 22 સપ્ટેમ્બર, 2026ના રોજ ખોલશે. બિડ/ઓફર ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, 21 સપ્ટેમ્બર, 2026 રહેશે. બિડ્સ લઘુતમ 101 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 101 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 140થી રૂ. 148નો નક્કી કરવામાં આવ્યો છે. આ ઓફરમાં રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ () ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યુ સામેલ છે, જેની કુલ કિંમત વધુમાં વધુ રૂ. 3,200.00 મિલિયન છે. આ ઉપરાંત, કેસુરા ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 2,62,17,634 ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર પણ સામેલ છે.આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE", together with BSE, the "Stock Exchanges") પર કરવાનો પ્રસ્તાવ છે. આ ઓફર માટે એનએસઈ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ છે.આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, 1957ના નિયમ 19(2)(બી), સુધારા (the "SCRR") અનુસાર અને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 31 સાથે વાંચીને કરવામાં આવી રહી છે. આ ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન 6(1)ના અનુસંધાનમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે, જેમાં ઓફરનો મહત્તમ 50 ટકા હિસ્સાની ફાળવણી ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ("QIBs" અને આવો હિસ્સો "QIB Portion") ને પ્રમાણસર ધોરણે કરવામાં આવશે, એ શરતે કે અમારી કંપની, બુક રનિંગ લીડ મેનેજરો સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી હિસ્સામાંથી મહત્તમ 60 ટકા હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવી શકશે અને આવી ફાળવણી સેબી આઈસીડીઆર નિયમનો અનુસાર બીઆરએલએમ સાથેની ચર્ચા બાદ અમારી કંપની પોતાની વિવેકબુદ્ધિ મુજબ ફાળવી શકશે ("Anchor Investor Portion").

## કિયા ઈન્ડિયાએ કરેન્સ ક્લેવિસ EV માટે 'લાઈફટાઈમ હાઈ વોલ્ટેજ બેટરી વોરંટી' સાથે EV માલિકી અંગેનો વિશ્વાસ વધુ મજબૂત બનાવ્યો



નવી દિલ્હી : ગ્રાહકોના વિશ્વાસ અને EV મોબિલિટીને સરળતાથી અપનાવવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વળગી રહીને દેશની અગ્રણી માસ- પ્રીમિયમ વાહન ઉત્પાદક કંપની 'કિયા ઈન્ડિયા'એ કરેન્સ ક્લેવિસ EV માટે 'લાઈફટાઈમ હાઈ વોલ્ટેજ બેટરી વોરંટી*' રજૂ કરી છે. 1 ઓગસ્ટ, 2026થી અમલમાં આવતી આ વોરંટી તે તારીખ કે તે પછી વેચાયેલી નવી કરેન્સ ક્લેવિસ EVના પ્રથમ માલિકને 15 વર્ષ અને અનલિમિટેડ કિલોમીટરનું કવરેજ પૂરું પાડે છે. ઉપરાંત 1 ઓગસ્ટ, 2026 પહેલાં વાહન ખરીદનાર કરેન્સ ક્લેવિસ EVના પાત્ર ગ્રાહકો પાસે તેમની હાલની 8 વર્ષ/ 1,60,000 કિમીની HV બેટરી વોરંટીને 15 વર્ષ અને અનલિમિટેડ કિલોમીટર સુધી લંબાવવાનો વિકલ્પ રહેશે.હાઈ વોલ્ટેજ બેટરી એ ઈલેક્ટ્રિક વાહનનાં સૌથી મહત્વપૂર્ણ ઘટકોમાંનું એક છે. આથી EV અપનાવવાનો વિચાર કરતા ગ્રાહકો માટે બેટરીનું લાંબા ગાળાનું સ્વાસ્થ્ય અને તેને બદલવાનો ખર્ચ એ મુખ્ય બાબતો હોય છે. 'લાઈફટાઈમ હાઈ વોલ્ટેજ બેટરી વોરંટી*' પ્રથમ માલિક માટે 15 વર્ષ સુધી અનલિમિટેડ કિલોમીટરનું કવરેજ પૂરું પાડીને આ ચિંતાઓનું નિરાકરણ લાવે છે. આ જાહેરાત અંગે બોલતાં કિયા ઈન્ડિયાના સેલ્સ એન્ડ માર્કેટિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અતુલ સૂદે કહ્યું, "કિયામાં અમારું ધ્યાન હંમેશાં અમારા ગ્રાહકો માટે ઈલેક્ટ્રિક મોબિલિટીને વધુ સુલભ, વિશ્વસનીય અને લાભદાયક બનાવવા પર રહ્યું છે. કરેન્સ ક્લેવિસ EV માટેની 'લાઈફટાઈમ હાઈ વોલ્ટેજ બેટરી વોરંટી' અમારી બેટરી ટેક્નોલોજીની ગુણવત્તા અને ટકાઉપણામાં અમારા વિશ્વાસને દર્શાવે છે અને કિયા EVની માલિકીના લાંબા ગાળાના મૂલ્યને મજબૂત બનાવે છે. પાત્રતા ધરાવતા હાલના ક્લેવિસ EV ગ્રાહકો સુધી બેટરીની આ વિસ્તૃત ખાતરી પહોંચાડવી એ તેમની માલિકીની સફર દરમિયાન તેમની સાથે રહેવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. EV ખરીદદારોની સૌથી મોટી ચિંતાઓમાંની એકનું નિરાકરણ લાવીને અમે અમારા ગ્રાહકોને સંપૂર્ણ માનસિક શાંતિ સાથે ઈલેક્ટ્રિક મોબિલિટી અપનાવવાનો વિશ્વાસ આપી રહ્યા છીએ."

## EV વેચાણ વધવા છતાં માળખાકીય સુવિધાઓનો પડકાર વધુ ગંભીર

અમદાવાદ : ભારતના જાહેર ઈલેક્ટ્રિક વાહન (ઈવી) ચાર્જિંગ માટેના રૂ. ૨,૦૦૦ કરોડના પ્રોત્સાહનથી માત્ર ૧૮,૮૧૧ ચાર્જિંગ પોઈન્ટ્સને જ ટેકો મળી શકે તેમ છે, જે ૨૦૩૦ સુધીમાં દેશના ૩૦% ઈવી અપનાવવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે જરૂરી ૧૩.૨ લાખ (૧.૩૨ મિલિયન) ચાર્જિંગ પોઈન્ટ્સના ૨% કરતાં પણ ઓછું છે. આ બાબત દર્શાવે છે કે ઈવી વેચાણ વધવા છતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય સુવિધાઓ)નો પડકાર વધુ ગંભીર બની રહ્યો છે.ઈન્સ્ટિટ્યૂટ ફોર એનર્જી ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્શિયલ એનાલિસિસ દ્વારા કરવામાં આવેલો આ અંદાજ અપર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ચાર્જિંગ સાધનો બંને માટે ૧૦૦% સબસિડી વધારીને મૂકવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવાના ખર્ચમાં માત્ર ગ્રીડ અપગ્રેડેશનનો હિસ્સો જ ૫૦% જેટલો હોઈ શકે



છે, જે ઓછા વપરાશ સામે ઝઝૂમી રહેલા ઓપરેટરો પર વધારાનું આર્થિક ભારણ ઊભું કરે છે.આ તારણો એવા સમયે આવ્યા છે જ્યારે ભારતના પબ્લિક ચાર્જિંગ નેટવર્કમાં દસ ગણાથી વધુનો વિસ્તાર થયો છે. ૨૦૨૨માં ૫,૧૫૧ સ્ટેશનોથી વધીને જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૫૨,૭૧૮ સ્ટેશનો થયા છે. વાર્ષિક ઈવી વેચાણ ૨૦૧૯માં આશરે ૫૦,૦૦૦ થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૨૫ લાખ (૨.૫ મિલિયન) પર પહોંચી ગયું છે, જ્યારે જુલાઈ ૨૦૨૬નું વેચાણ વાર્ષિક ધોરણે ૬૩.૨% વધીને ૩,૦૭,૭૫૨ યુનિટ થયું હતું.તાજેતરમાં બહાર પાડવામાં આવેલી બ્રીફિંગ નોટમાં ઈન્સ્ટિટ્યૂટ એ સરકારને રજૂઆત કરી છે કે સરકારી સહાયને માત્ર ચાર્જર લગાવવા પૂરતી સીમિત ન રાખતાં પ્રમાણિત કામગીરી (પર્ફોર્મન્સ), ઓછા કરવેરા અને ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રાહત દરે ધિરાણ સાથે જોડવામાં આવે.અહેવાલ ભલામણ કરે છે કે ભવિષ્યની સબસિડી, જમીનની છૂટછાટો અને વાયેબિલિટી-ગેપ ફંડિંગને ચાર્જરના અપટાઈમ (ચાલુ રહેવાનો સમય), સફળ ચાર્જિંગ સત્રો અને ખામી નિવારણની મહત્તમ સમયમર્યાદા સાથે સાંકળવામાં આવે. ઈવી ચાર્જિંગના સારા અનુભવ માટે માત્ર ચાર્જરની સંખ્યા જ નહીં, પરંતુ ચાર્જરનો અપટાઈમ અને તેની વિશ્વસનીયતા અનિવાર્ય છે.અહેવાલમાં પબ્લિક ચાર્જિંગ પરનો જીએસટી ૧૮% થી ઘટાડીને ૫% કરવાની પણ ભલામણ કરવામાં આવી છે, જેથી તે ઈવી ખરીદી પરના ટેક્સ દર જેટલો સમાન થઈ શકે.

# મ્યુચ્યુઅલ ફંડ અને ટ્રેડિંગ પર 0.02% UPI ફી: બ્રોકર્સ ચૂકવશે કે રોકાણકારોના ખિસ્સા કપાશે?

(એજન્સી) નવી દિલ્હી | તા.18

મ્યુચ્યુઅલ ફંડ અને સ્ટોક ખરીદી પર સરકાર દ્વારા 0.02 ટકાનો એમડીઆર (MDR) ચાર્જ લાગુ કરવામાં આવ્યો છે, જે બ્રોકરેજ ફર્મ કે એએમસી(AMC)એ ચૂકવવાનો રહેશે. જો કે, નિષ્ણાતોનું માનવું છે કે અપ્રત્યક્ષ (ઈનડાયરેક્ટ) રીતે આનો બોજ ગ્રાહકો પર જ પડી શકે છે.આગામી 15 ઓક્ટોબર, 2026થી 2,000 રૂપિયાથી વધુના ચોક્કસ પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) UPI લેણ-દેણ પર MDR લાગુ થવા જઈ રહ્યો છે, જેનો દર 0.4% (મહત્તમ 300) રહેશે. જો કે, કેપિટલ માર્કેટના લેણ-દેણને અલગ કેટેગરીમાં રાખીને તેના પર માત્ર 0.02%નો ખૂબ જ ઓછો MDR નક્કી કરવામાં આવ્યો છે, જેની મર્યાદા પ્રતિ લેણ-દેણ 300 રૂપિયા સુધીની છે. સરકારી નોટિફિકેશન મુજબ, આ ચાર્જ માત્ર વેપારીઓએ જ આપવાનો રહેશે અને તે ગ્રાહકો પાસેથી સીધો વસૂલી શકાશે નહીં.સરકારી નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે IPO, SIP અને ઓટો-ડેબિટ રિકરિંગ પેમેન્ટ (જેમ કે યુટિલિટી બિલ કે ઓટીટી/મ્યુચ્યુઅલ ફંડ સબ્સ્ક્રિપ્શન) પર આ MDR ચાર્જ લાગુ થશે નહીં. આ તમામ ઓટો પે પેમેન્ટ છે અને સીધા ખાતામાંથી કપાય છે, તેથી તેના પર કોઈ વધારાનો ચાર્જ વસૂલાતો નથી.જો કે, જો તમે UPI દ્વારા વન-ટાઈમ મ્યુચ્યુઅલ ફંડ ખરીદી કરો છો, તો તેના પર 0.02%નો દર કેપિટલ માર્કેટ MDR લાગુ થશે. ઉદાહરણ તરીકે, 5,000ના રોકાણ પર MDR 1 અને 10,000ના લેણ-દેણ પર 2 થશે. આ ચાર્જ ગ્રાહકને બદલે મ્યુચ્યુઅલ ફંડ હાઉસ અથવા બ્રોકર ચૂકવશે. જો કોઈ બ્રોકરેજ ફર્મ 2,000થી વધુનું ટ્રાન્ઝેક્શન મેળવે છે.

# ગુગલ મીટ પર ખાલી 5 મિનિટની મિટિંગ અને અમેરિકાની કંપનીએ 80 ભારતીય કર્મચારીઓને કાઢી મુક્યાં!

(એજન્સી) નવી દિલ્હી | તા.18

અમેરિકાની એક કંપનીએ પોતાના ત્યાં કામ કરતા આશરે 80 ભારતીય કર્મચારીઓને માત્ર 5 મિનિટમાં નોકરીમાંથી કાઢી મૂક્યા. આ સમાચાર સોશિયલ મીડિયા પર આવતા જ લોકો આશ્ચર્યમાં પડી ગયા છે. કંપનીએ કર્મચારીઓ સાથે માત્ર 5 મિનિટની ગુગલ મીટ કરી અને ત્યારબાદ તેમને તરત જ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા. હવે ઘણા લોકો કંપનીની આ કાર્યવાહી અંગે સવાલ ઉઠાવી રહ્યા છે.કર્મચારીએ પોતાની આપવીતી જણાવીઆ અંગે Reddit પર એક કર્મચારીએ પોસ્ટ શેર કરીને પોતાની આપવીતી જણાવી. પોસ્ટમાં તેણે લખ્યું, "ગુગલ મીટ પર લેઓફમાં મને કાઢી મુકવામાં આવ્યો."પોતાની વાત સમજાવતા કર્મચારીએ આગળ લખ્યું, "હું ગઈકાલ સુધી એક US બેંકની કસ્ટમર સપોર્ટ ટીમનો ભાગ હતો. કામકાજને લગતા કારણોસર કંપનીએ અમને ગઈકાલે ઘરેથી કામ કરવા કહ્યું હતું. હું સાંજે 6:30 વાગ્યાની શિફ્ટમાં કામ કરી રહ્યો હતો. રાત્રે 9:30 વાગ્યે અમને ગુગલ મીટ પર બોલાવવામાં આવ્યા અને જણાવવામાં આવ્યું કે સમગ્ર ભારતીય કસ્ટમર સર્વિસ ટીમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી છે."કર્મચારીએ આગળ લખ્યું, "તમામ 80 કર્મચારીઓ! બધા જ નોકરીમાંથી બહાર થઈ ગયા. માત્ર 5 મિનિટની કોલથી 80 પરિવારો પર અસર થઈ. મને ખરાબ લાગી રહ્યું છે કે અમે એવી કંપનીઓ માટે કામ કરીએ છીએ, જે અમને ગમે ત્યારે નોકરીમાંથી કાઢી શકે છે. મને એ વાતનો પણ અફસોસ છે કે મેં મારી નોકરીમાં આટલી મહેનત કરી.

## ટાટા ગ્રૂપનો મોટો નિર્ણય

# ચંદ્રશેખરનની વધુ 5 વર્ષની ટર્મ માટે નિમણૂક, નોએલ ટાટાએ કર્યો વિરોધ!

(એજન્સી) નવી દિલ્હી | તા.18



ટાટા સન્સના બોર્ડે N. ચંદ્રશેખરનને વધુ 5 વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન પદે યથાવત્ રાખવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો છે. જોકે, બોર્ડ સભ્ય નોએલ ટાટાએ આ પ્રસ્તાવનો વિરોધ કરી વિરુદ્ધમાં મત આપ્યો હતો. RBIના લિસ્ટિંગના નિર્ણયને પગલે નેતૃત્વમાં સ્થિરતા જાળવવા આ નિર્ણય લેવાયો, પરંતુ ટાટા પરિવારમાં મતભેદો સપાટી પર આવ્યા છે. દેશના સૌથી મોટા ઔદ્યોગિક જૂથ ટાટા સન્સના બોર્ડે એન. ચંદ્રશેખરનને વધુ 5 વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન પદે યથાવત્ રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય શુક્રવારે જ ગત મહિને ચંદ્રશેખરને પોતાનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ પદ છોડવાની કરેલી જાહેરાત પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. જોકે, આ પ્રસ્તાવ પર મતદાન દરમિયાન ટાટા પરિવારમાં અંદરોઅંદર મતભેદ સપાટી પર આવ્યા હતા. બોર્ડના તમામ સભ્યોએ ચંદ્રશેખરનની પુનઃ વરણીની તરફેણમાં મતદાન કર્યું હતું, પરંતુ બોર્ડ સભ્ય નોએલ ટાટાએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો અને વિરુદ્ધમાં મત આપ્યો હતો.એન. ચંદ્રશેખરનની વર્તમાન મુદત 20 ફેબ્રુઆરી 2027ના રોજ પૂર્ણ થઈ રહી છે. ગત 12 ઓગસ્ટે તેમણે બોર્ડને સત્તાવાર રીતે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી 2027માં મુદત પૂરી થયા બાદ તેઓ આગામી ટર્મ માટે દાવેદારી કરશે નહીં. આ જાહેરાત બાદ ઉત્તરાધિકારી શોધવા માટે 'સર દોરાબજી ટાટા ટ્રસ્ટ' દ્વારા સિલેક્શન કમિટી બનાવવાની કવાયત પણ શરૂ થઈ ગઈ હતી, પરંતુ તાજેતરની બદલાયેલી પરિસ્થિતિમાં બોર્ડે નેતૃત્વમાં સ્થિરતા જાળવી રાખવા ચંદ્રશેખરન પર જ ભરોસો મૂક્યો છે. ફેબ્રુઆરી 2026માં મળેલી બોર્ડ બેઠકમાં ચંદ્રશેખરનને 5 વર્ષનું એક્સટેન્શન આપવા પર સર્વસંમતિ સધાઈ શકી નહોતી.ટાટા સન્સમાં આશરે 66% હિસ્સેદારી ધરાવતા ટાટા ટ્રસ્ટ અને ચંદ્રશેખરન વચ્ચે ગવર્નન્સ, મૂડી રોકાણ, પર્ફોમન્સ અને ભવિષ્યના માલિકી માળખાને લઈને લાંબા સમયથી મતભેદો ચાલી રહ્યા હતા.

# 3 દાયકાથી મંદી-ભાવ ઘટાડા સામે ઝઝૂમતા જાપાનમાં આર્થિક ઊલટફેર! 31 વર્ષ બાદ વ્યાજદરમાં મોટો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

જાપાને 31 વર્ષની ટોચે વ્યાજદર વધારીને 1.25% કર્યા છે. બેન્ક ઓફ જાપાને શુક્રવારે વૈશ્વિક તણાવ અને ઊર્જા કટોકટી વચ્ચે 1% થી વધારીને 1.25% કર્યો, જે 1995 પછીનું સૌથી ઊંચું સ્તર છે. યેનને મજબૂત કરવા અને મોંઘવારી નિયંત્રિત કરવા આ નિર્ણય લેવાયો છે. છેલ્લા અડધી વર્ષમાં આ છઠ્ઠી વખતનો વધારો છે, જે જાપાનને દાયકાઓ જૂની સસ્તા વ્યાજદરની નીતિમાંથી બહાર લાવી રહ્યું છે. દાયકાઓ સુધી જ્યાં પૈસા ઉધાર લેવા પર લગભગ શૂન્ય ટકા કે નેગેટિવ વ્યાજ મળતું હતું, તે જાપાનના અર્થતંત્રમાં અત્યારે મોટો વળાંક આવ્યો છે. જે દેશ ત્રણ દાયકા સુધી મોંઘવારી નહીં પણ મંદી અને ભાવ ઘટાડા સામે ઝઝૂમતો રહ્યો, તે આજે વધતી મોંઘવારી અને ગગડતા ચલણને સંભાળવા માટે



વ્યાજદરો વધારી રહ્યો છે.બેન્ક ઓફ જાપાને શુક્રવારે પોતાના મુખ્ય વ્યાજદરમાં વધારો કરીને તેને 31 વર્ષની નવી ટોચે પહોંચાડી દીધો છે. આ નિર્ણય પાછળ વૈશ્વિક તણાવ, ઊર્જા કટોકટી અને અમેરિકાનું દબાણ મુખ્ય કારણ બન્યા છે.31 વર્ષની ટોચે પહોંચ્યા વ્યાજદર: 1%થી વધારીને 1.25%બેન્ક ઓફ જાપાને શુક્રવારે વ્યાપક અપેક્ષા મુજબ પોતાનો મુખ્ય ધિરાણ દર 1% થી વધારીને 1.25% કરી દીધો છે. આ વ્યાજદર વર્ષ 1995 પછીનું સૌથી ઊંચું સ્તર છે. આ પગલા સાથે જાપાન દાયકાઓ જૂની અત્યંત સસ્તા વ્યાજદરની નીતિથી સંપૂર્ણપણે બહાર નીકળી ગયું છે.જ્યારે કોઈ પણ દેશની સેન્ટ્રલ બેન્ક વ્યાજદરમાં વધારો કરે છે, ત્યારે તેનું ચલણ રોકાણકારો માટે વધુ આકર્ષક બને છે અને કરન્સી મજબૂત થવાની સંભાવના રહે છે.છઠ્ઠી વખત વધારો: નેગેટિવ રેટ્સથી શરૂ થયેલી સફરબેન્ક ઓફ જાપાન વર્ષ 2024થી સતત દરોમાં વધારો કરી રહી છે. વર્ષ 2024માં દેશનો પોલિસી રેટ માઈનસ 0.1% પર હતો. છેલ્લા અડધી વર્ષના સમયગાળામાં જાપાનની સેન્ટ્રલ બેન્કે કુલ 6 વખત વ્યાજદરમાં વધારો કર્યો છે. બેન્ક વિશ્વના અન્ય મોટા અર્થતંત્રોના વ્યાજદરની સમકક્ષ પહોંચવા માટે સતત પ્રયાસ કરી રહી છે.ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટ કટોકટી: તેલ-ગેસના ભાવ ભડકે બળ્યા.વૈશ્વિક સ્તરે ઈરાન યુદ્ધના કારણે ઊર્જાના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે, જે વૈશ્વિક ફુગાવાને સતત વધેલો રહ્યો છે. ખાસ કરીને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ શિપિંગ રૂટ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં કાર્ગો શિપમેન્ટ ખોરવાઈ જતાં ક્રૂડ ઓઈલ અને ગેસના આંતરરાષ્ટ્રીય ભાવો આસમાને પહોંચ્યા છે.જાપાન પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મિડલ ઈસ્ટના દેશો પર નિર્ભર હોવાથી આ સપ્લાય વિક્ષેપની સીધી અને ગંભીર અસર તેના અર્થતંત્ર પર પડી છે. ગ્લોબલ ટ્રેન્ડ: યુએસ ફેડ અને ECB પણ વ્યાજદર વધારવાની લાઈનમાંમોંઘવારી માત્ર જાપાન પૂરતી સીમિત નથી, પરંતુ વિશ્વની તમામ મુખ્ય સેન્ટ્રલ બેન્ક વ્યાજદર વધારવા મજબૂર બની છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 08

# સ્વતંત્રતાનો સાદ કે વિખવાદ : યુનાઈટેડ કિંગડમ વિખરાવાની અણીએ

વિશ્વના સૌથી જૂના, પ્રભાવશાળી અને આધુનિક લોકશાહીના પાયા ગણાતા યુનાઈટેડ કિંગડમ સામે અસ્તિત્વનું સંકટ ઊભું થયું છે. સદીઓ જૂનો આ સંઘ તૂટવાની અણીએ પહોંચી ગયો છે. સદીઓ પહેલાં ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના જોડાણથી બનેલા યુનાઈટેડ કિંગડમના આંતરિક સાંધા હવે ઢીલા પડી રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાય છે. ઉલ્લેખનીય છે કે, સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગ, નોર્ધન આયર્લેન્ડમાં આયર્લેન્ડ પ્રજાસત્તાક સાથે પુન: એકીકરણની પ્રબળ બનતી લાગણી અને વેલ્સમાં વધતી સ્વાયત્તતાની ઈચ્છાએ લંડનની કેન્દ્ર સરકાર સામે બંધારણીય પડકારો સર્જ્યા છે.

ઉલ્લેખનીય છે કે, યુનાઈટેડ કિંગડમ એક જ દિવસે રચાયેલો દેશ નથી તે સંઘીય માળખું છે. સદીઓના યુદ્ધો, રાજકીય સમજૂતીઓ અને કાયદાકીય સંધિઓને પરિણામે તેનું અસ્તિત્વ શક્ય બન્યું હતું. ૧૩મી સદીમાં ઈંગ્લેન્ડે વેલ્સ પર વિજય મેળવ્યો હતો અને ૧૫૩૬-૧૫૪૨ના 'એક્ટ્સ ઓફ યુનિયન' દ્વારા તેને વહીવટી રીતે ઈંગ્લેન્ડ સાથે જોડી દેવામાં આવ્યું. ત્યારબાદ ૧૭૦૭ના 'એક્ટ ઓફ યુનિયન' અંતર્ગત ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડની સંસદોનું વિલીનીકરણ થયું અને 'ગ્રેટ બ્રિટન' અસ્તિત્વમાં આવ્યું. આ સંધિ છતાં સ્કોટલેન્ડે તેની આગવી કાયદાકીય પ્રણાલી જેને સ્કોટ્સ લૉ, શિક્ષણ વ્યવસ્થા અને ધાર્મિક ઓળખ જાળવી રાખી હતી. આ ત્યારબાદ ત્રીજા તબક્કામાં સમગ્ર આયર્લેન્ડ ૧૮૦૧માં યુકેનો ભાગ બન્યું હતું. જોકે, ૨૦મી સદીની શરૂઆતમાં થયેલા સશસ્ત્ર રાષ્ટ્રવાદી સંઘર્ષ પછી ૧૯૨૧માં આયર્લેન્ડનું વિભાજન થયું. દક્ષિણનો મોટો હિસ્સો આઝાદ થઈને 'રિપબ્લિક ઓફ આયર્લેન્ડ' બન્યો, જ્યારે પ્રોટેસ્ટન્ટ બહુમતી ધરાવતો ઉત્તરી ભાગ નોર્ધન આયર્લેન્ડ યુકે સાથે જોડાયેલો રહ્યો. મહત્ત્વની વાત એ છે કે, આ રીતે બનેલું યુકે કાગળ પર એક દેશ હોવા છતાં તેની અંદર ચાર અલગ-અલગ ઐતિહાસિક રાષ્ટ્રો વસેલા છે. વર્તમાન સમયની સમસ્યાઓની વાત કરીએ તો યુકેમાં રહેલા સમાવિષ્ટ દેશોમાં જ જાતભાતની ઈચ્છાઓ પ્રગટી છે. તેમાં સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની ભાવના વધારે પ્રબળ બનેલી છે. જાણકારોના મતે સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાની માંગણી કોઈ અચાનક ઉભરેલો વિચાર નથી, પરંતુ દાયકાઓથી ચાલતી એક સંગઠિત રાજકીય ચળવળ છે. સ્કોટિશ નેશનલ પાર્ટીના ઉદય સાથે આ મુદ્દો સ્કોટિશ રાજકારણના કેન્દ્રમાં આવ્યો છે. સ્કોટલેન્ડમાં ઊભા થયેલા અસંતોષ પાછળ ઘણા પરિબળો જવાબદાર માનવામાં આવે છે. સ્કોટલેન્ડના મતદારો સામાન્ય રીતે ડાબેરી કે મધ્યમ-માર્ગીય એટલે કે સોશિયલ ડેમોક્રેટિક પક્ષો તરફ વધુ ઢળેલા છે. તેનાથી વિપરીત, વેસ્ટમિન્સ્ટર (લંડન)માં મોટાભાગે કન્ઝર્વેટિવ પક્ષની સરકાર રહી છે. સ્કોટિશ નાગરિકોને લાગે છે કે તેઓ જે સરકારને મત આપતા નથી, તે સરકાર તેમના પર શાસન ચલાવે છે. આ સિવાય સ્કોટલેન્ડ પાસે ઉત્તર સમુદ્રમાં કુદરતી તેલ અને ગેસના વિપુલ ભંડાર છે તેમજ રિન્યુએબલ એનર્જીમાં તે અગ્રેસર છે. સ્વતંત્રતા સમર્થકો માને છે કે જો સ્કોટલેન્ડ આઝાદ થાય, તો તે નોર્વેની જેમ પોતાના સંસાધનોનું નિયમન કરીને સમૃદ્ધ કલ્યાણકારી દેશ બની શકે છે. આ સિવાય ૧૯૯૯માં સ્કોટિશ સંસદની પુન:સ્થાપના પછી સ્કોટલેન્ડે આરોગ્ય અને શિક્ષણ જેવા વિષયોમાં પોતાની નીતિઓ બનાવી, જે દર્શાવે છે કે તેઓ પોતાનો વહીવટ ચલાવવા સક્ષમ છે. આ અંસતોષની સ્થિતિ જાણવા અને સ્કોટલેન્ડના લોકો કઈ દિશામાં આગળ વધવા માગે છે તે જાણવા ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સ્કોટલેન્ડમાં ઐતિહાસિક જનમત સંગ્રહ યોજાયો હતો. આ મતદાન દરમિયાન અંદાજે ૫૬ ટકા લોકોએ આઝાદીની વિરુદ્ધમાં જ્યારે ૪૪ ટકા લોકોએ આઝાદીની તરફેણમાં મતદાન કર્યું હતું. આ ચૂંટણી દરમિયાન મતદાનનું પ્રમાણ આશરે ૮૪.૬% જેટલું અભૂતપૂર્વ રહ્યું હતું. તે સમયે બ્રિટિશ સરકારે વચન આપ્યું હતું કે આ ઘટના વન્સ ઈન એ જનરેશન જેવી છે. ત્યારબાદ આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા.જાણકારોના મતે સ્કોટલેન્ડ મુદ્દે મતદાન થયાના બે વર્ષ બાદ સ્થિતિ વધુ વણસવા લાગી હતી. ખાસ કરીને ૨૦૧૬માં થયેલ બ્રેક્ઝિટ જનમત સંગ્રહે યુકેના રાજકીય માળખાને હચમચાવી દીધું. સમગ્ર યુકેના સ્તરે ૫૨% લોકોએ યુરોપિયન યુનિયન (EU) છોડવાની તરફેણમાં મતદાન કર્યું, પરંતુ પ્રાદેશિક આંકડા સંપૂર્ણપણે અલગ હતા. ઈંગ્લેન્ડમાં ૪૭ ટકા લોકો ઈયુમાં રહેવા જ્યારે ૫૩ ટકા ઈયુ છોડવા માગતા હતા. તેવી જ રીતે વેલ્સના ૪૭.૫ ટકા લોકો યુરોપમા જોડાયેલા રહેવા જ્યારે ૫૨.૫ ટકા લોકો ઈયુ છોડવાની વાત કરતા હતા. આ સિવાય સ્કોટલેન્ડમાં ૬૨ ટકા લોકો યુરોપીયન યુનિયનમાં રહેવા જ્યારે માત્ર ૩૮ ટકા લોકો તેને છોડવા માગતા હતા.

## ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ લીમખેડા ખાતે પ્રી.ઇવેલ્યુએશન ટેસ્ટ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલોપમેન્ટ દ્વારા લીમખેડા એપીએમસી ખાતે CCNM કોર્સ બેચ નંબર ૧૫૧/૧૫૨ નું કીટ વિતરણ અને પ્રી ઇવેલ્યુએશન ટેસ્ટ નું લીમખેડા એપીએમસીના સેક્રેટરી ભરતભાઈ ભરવાડ સાહેબ ની અધ્યક્ષતા માં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રમુખશ્રી SPID પી કે ધેવરીયા ,ડી એસ ગઢિયા, સુનિલભાઈ સેક્રેટરી ,નીલુભાઈ,ભરતભાઈ,દિનેશભાઈ, જયેશભાઈ જીજાળા સહિતના મહેમાનોએ અભ્યાસ સામગ્રી કીટ નું વિતરણ કરવામાં આવ્યું અને પ્રી ઇવેલ્યુએશન ટેસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી.



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર દ્વારા ૫ - દિવસીય વ્યવસાયલક્ષી તાલીમ પૂર્ણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર ખાતે ૫-દિવસીય 'જૈવિકખાતર, જૈવિક કીટનાશક અને કમ્પોસ્ટના ઉત્પાદન' વિષય ઉપર ૫ દિવસીય વ્યવસાયલક્ષી તાલીમ પૂર્ણ થઈ.આજે તાલીમના અંતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી જીતેન્દ્રસિંહ અને આ કાર્યક્રમના કોઓર્ડિનેટર અને વિષય નિષ્ણાત, પાક સંરક્ષણશ્રી રમેશ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયો. આ ૫ દિવસીય તાલીમ કાર્યક્રમમાં જુદા જુદા વિષય નિષ્ણાતો દ્વારા યુવાનોને જુદા જુદા વિષયો ઉપર ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. જેમાં જૈવિક ખેતીનું મહત્ત્વ, જૈવિક જંતુનાશક, જૈવિક ખાતરો અને કમ્પોસ્ટ બનાવવાની વિવિધ પદ્ધતિઓ, યુવાનો માટે સ્વરોજગાર અને સ્ટાર્ટ-અપ ઊભુ કરવા માટે શું કરવું, લીમડા આધારિત કે અન્ય વનસ્પતિજન્ય જૈવિક કીટનાશકો જાતે બનાવવાની પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવી હતી. ગ્રામીણ યુવાનો આ તાલીમ મેળવીને પોતાના ગ્રામ્ય સ્તરે જૈવિક ઉત્પાદનોનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી આર્થિક રીતે સક્ષમ બની શકે તે તાલીમનો મુખ્ય હેતુ હતો. આ તાલીમ અંતર્ગત વેરાવળ ખાતે મહાકાળી ઓર્ગેનિક નર્સરીની મુલાકાત પણ કરાવવામાં આવી હતી.આ કાર્યક્રમમાં વેરાવળ તાલુકાના ૩૦ યુવાનો જોડાયા હતા. તાલીમ કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થી યુવાનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.



# સંખેડાના ગોજપુર ફાટકે વીજ થાંભલાના સંપર્કમાં આવતા ગાયનું કરંટ લાગવાથી કરૂણ મોત; જીઈબી દ્વારા તપાસ શરુ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ગોજપુર ફાટક પાસે એક ઘટના બની છે. અહીં વીજ થાંભલા પાસે ચરી રહેલી એક ગાયને કરંટ લાગતા તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ મામલે GEB એ તપાસ શરૂ કરી છે અને PM રિપોર્ટ બાદ વળતર આપવાની ખાતરી આપી છે.મળતી માહિતી મુજબ, ગોજપુર ફાટક પાસે ઉકાભાઈ ગોકળભાઈ ભરવાડની ગાય ચરી રહી હતી. આ દરમિયાન ગાય અચાનક વીજળીના થાંભલા પાસે પહોંચી અને તેને જોરદાર કરંટ લાગ્યો.કરંટ લાગ્યા બાદ ગાય થાંભલાથી લગભગ ચાર ફૂટ દૂર પડી હતી અને તેનું ત્યાં જ મોત થયું હતું.આ ઘટનાની જાણ સ્થાનિક નાગરિક મહેશભાઈ રબારીએ તાત્કાલિક GEB સંખેડાને કરી હતી. જાણ થતા જ



GEB ના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે સમગ્ર મામલે પંચનામું કરીને તપાસ શરૂ કરી.GEB સંખેડાના ડેપ્યુટી એન્જિનિયર ઋષભ કુમાર શાહએ આ અંગે જણાવ્યું હતું કે, 'મહેશભાઈ રબારીએ અમને જાણ કરી કે ઉકાભાઈ ભરવાડની ગાયને થાંભલા પાસે કરંટ લાગ્યો છે. અમે સ્થળ પર જઈને પંચનામું કર્યું છે.'તેમણે વધુમાં સ્પષ્ટતા કરી કે ગાયના PM રિપોર્ટ આવ્યા બાદ જ તેના મોતનું સાચું કારણ સત્તાવાર રીતે જાણી શકાશે. જો PM રિપોર્ટમાં ગાયનું મૃત્યુ કરંટ લાગવાથી થયું હોવાનું સાબિત થશે, તો ગાયના માલિકને નિયમ મુજબ યોગ્ય વળતર ચૂકવવામાં આવશે.હાલ GEB દ્વારા થાંભલામાં અર્થિંગ લીકેજ કે અન્ય કોઈ ખામીને કારણે કરંટ આવ્યો હતો કે કેમ, તે અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

## 'સેવા, મેરા યોગદાન' અંતર્ગત વડગામ તાલુકાના મગરવાડા ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા કાર્યકાળ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડગામ તાલુકાના મગરવાડા ગામે ચૌધરી સમાજની વાડી ખાતે 'સેવા, મેરા યોગદાન' થીમ હેઠળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં તાલુકા આરોગ્ય કચેરી, વડગામ, ગાયત્રી વોલેન્ટરી બ્લડ બેંક, પાલનપુર, રેડ ક્રોસ સોસાયટી, પાલનપુર તથા ભૂમિ વોલેન્ટરી સિવિલ હોસ્પિટલ સંચાલિત સંસ્થાઓના સહયોગથી રક્ત એકત્રિત કરવાની કામગીરી કરવામાં આવી હતી.આ રક્તદાન કેમ્પમાં જિલ્લા તથા તાલુકાના નાગરિકો, પદાધિકારીશ્રીઓ, વિવિધ કચેરીઓના અધિકારી-કર્મચારીઓ તેમજ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા નાગરિકોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની અંદાજે ૪૫૦ બોટલ રક્તદાન કર્યું હતું. આ ઉપરાંત ડિજિટલ એક્સ-રે મશીન દ્વારા ૧૫૭ લોકોને એક્સ-રેની સેવા પૂરી પાડવામાં આવી હતી. રક્તદાન જેવા સેવાકીય કાર્ય થકી સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો તેમજ 'સેવા, મેરા યોગદાન'નો સંદેશ આપવામાં આવ્યો હતો. કેમ્પમાં પ્રથમ વખત તેમજ નિયમિત રક્તદાતાઓએ પણ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી સેવાકાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.આ પ્રસંગે બનાસકાંઠા સંગઠન ના પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશ વિશ્વકર્મા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિત, મોટી સંખ્યામાં નાગરિકો તાલુકાની વિવિધ કચેરીઓના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષની જનસેવા: બનાસકાંઠામાં 'સેવા સંકલ્પ અભિયાન – વડનગરથી વારાણસી' બાઇક યાત્રાનું આગમન

માહીતી બ્યુરો, પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાથી રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે આયોજિત "સેવા સંકલ્પ અભિયાન - વડનગરથી વારાણસી-૨૦૨૬" અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં બાઇક સેવા યાત્રાનું આગમન થયું હતું. આ પ્રસંગે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં પાલનપુર તાલુકાના જગાણા ગામ ખાતે આવેલા જૈન તીર્થ ખાતે વડનગરથી વારાણસી જતી બાઇક સેવા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ બાઈકર્સનું સ્વાગત કરી સેવા, સંકલ્પ અને રાષ્ટ્રભાવનાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ મંત્રીશ્રીએ જગાણાથી કુચાવાડા સુધી જાતે બાઇક ચલાવી બાઈકર્સનો ઉત્સાહ વધાર્યો હતો.આ સેવા યાત્રામાં બાઇક સવારો સાથે પવિત્ર કળશ રથ તેમજ વડાપ્રધાનશ્રીના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત અને ભારતે સાધેલી વિકાસયાત્રાની ઝાંખી રજૂ કરતી એલ.ઈ.ડી. વાન પણ જોડાઈ છે. યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ જનસહભાગિતા સાથે વિવિધ સેવાકીય અને સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જગાણા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, કાર્યકર્તાઓ તથા ગ્રામજનોએ ઉત્સાહભેર સહભાગી બની બાઇક સેવા યાત્રાને શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, સંગઠનના હોદ્દેદારોશ્રીઓ, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬ની જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત રાજ્યના "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં એકસાથે 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬' (National Science Seminar - NSS) ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલા *લોક વિજ્ઞાન કેન્દ્રો (Community Science Centres - CSCs)*ના સંકલન અને સહયોગથી આ આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM)*ની માર્ગદર્શિકા અનુસાર GUJCOST દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે.મહિસાગર જિલ્લામાં જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬નું આયોજન મહિસાગર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા નિરજા એજ્યુકેશન કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્ષની સેમિનારનો વિષય "ભારતીય ઊર્જા બાસ્કેટ 2047: સંભાવનાઓ અને પડકારો" હતો. મહિસાગર જિલ્લાના વિવિધ તાલુકાઓ તેમજ વિવિધ શાળાઓમાંથી કુલ ૫૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ભારતના ઊર્જા ક્ષેત્ર, ઊર્જા સુરક્ષા, પરંપરાગત અને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો તેમજ ૨૦૪૭ સુધીના ઊર્જા ક્ષેત્રના પડકારો અને સંભાવનાઓ અંગે પોતાના વિચારો અને રજૂઆતો રજૂ કરી હતી.સ્પર્ધામાં વિદ્યાર્થીઓની વિષયની સમજ, વૈજ્ઞાનિક અભિગમ, રજૂઆત તથા પ્રશ્નોના જવાબ આપવાની ક્ષમતાના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પરિણામો નીચે મુજબ રહ્યા: પ્રથમ ક્રમ: અક્ષત ખરાડી - મુરલીધર વિદ્યાલય દ્વિતીય ક્રમ: પટેલ મિશા - કિસાન માધ્યમિક વિદ્યાલય તૃતીય ક્રમ: ગોસાઈ પિહુ - ક્રિસ્ટલ સ્કૂલ સેમિનારમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા, જ્યારે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી તથા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન અને ૨૫ વર્ષના જનસેવા કાર્ય નિમિત્તે પરબધામ ખાતે દીપ પ્રાગટ્ય સાથે પાઠવાઈ શુભકામનાઓ



નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા કાર્યની ઉજવણી અંતર્ગત 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે જૂનાગઢ જિલ્લામાં યોજાયેલા 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ અંતર્ગત પરબધામ, ખાતે ભાવસભર કાર્યક્રમ યોજાયો હતો. પરબધામના મહંતશ્રી કરશનદાસ બાપુના આશીર્વાદ સાથે મંદિર ની આરતી સમયે ૫ હજારથી વધુ 'આશીર્વાદ કા દિયા' પ્રગટાવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પરબધામના મહંતશ્રી કરશનદાસ બાપુએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, આજના દિવસે ભારતમાં નવા સૂર્યનો ઉદય થયો છે. પરમાત્મા વડાપ્રધાનશ્રીને સૂર્ય જેવી ઊર્જા, રુદ્ર જેવી શક્તિ તથા દેશના વિકાસના માર્ગમાં આવતા વિઘ્નો સામે સમુદ્ર જેવી શીતળતા અને ધૈર્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. આ તકે પૂર્વ મંત્રી તથા જૂનાગઢ જિલ્લાના સંગઠન પ્રભારીશ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા કાર્ય નિમિત્તે પરબધામ ખાતે ૫ હજારથી વધુ 'આશીર્વાદ કા દિયા' પ્રગટાવી જન્મદિનની શુભકામનાઓ પાઠવવામાં આવી છે. આ દીવાઓ ના પ્રકાશ સાથે વડાપ્રધાનશ્રીને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વધુ શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. મંદિરની આરતી સમયે એકસાથે પ્રગટેલા ૫ હજારથી વધુ દીવાઓ થી પરબધામનું સમગ્ર પરિસર ભક્તિ અને શુભેચ્છા ના પ્રકાશથી ઝળહળી ઊઠ્યું હતું. 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમમાં નાગરિકોની સહભાગિતાથી સેવા, સંકલ્પ અને જનભાગીદારી નો ભાવ ઉજાગર થયો હતો.આ કાર્યક્રમમાં શ્રી ચિરાગ હિરવાણીયા, પ્રાંત અધિકારીશ્રી વિસાવદર, શ્રી આઈ.આર.પારધી, મામલતદારશ્રી, ભેંસાણ, શ્રી ઉદયસિંહ ખેર, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભેંસાણ, શ્રી ઉમેશભાઈ બંભરોલીયા, તથા સાધુ-સંતો, ભક્તજનો, સ્થાનિક આગેવાનો, શાળાના બાળકો તેમજ તાલુકા વહીવટીતંત્રના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર બસ સ્ટેન્ડ ડેપો નજીક MGVCLની DPમાં અચાનક વ્હેલી સવારે વરસાદ દરમિયાન મોટો ભડાકા સાથે , આગ ભભૂકી ઊઠી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર બસ સ્ટેશનના ડેપોના કમ્પાઉન્ડ નજીક સંતરામપુર MGVCL કચેરી દ્વારા મૂકવામાં આવેલી ડીપીમાં કોઈ કારણસર અચાનક તારીખ : 18 સપ્ટેમ્બર 2026 ના રોજ વ્હેલી સવારે વરસાદ દરમિયાન મોટો ભડાકો થતાં આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા. અને અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહી હોવાનું જાણવા મળ્યું છે. બસ સ્ટેશન નજીક લોકોની સતત અવરજવર રહેતી હોવાથી આ પ્રકારની ઘટના સ્થાનિકોમાં ચિંતાનો વિષય બની છે.સ્થાનિક રહીશોનું કહેવું છે કે આ ડીપીમાં અવારનવાર ભડાકા થવાની ઘટનાઓ બનતી રહે છે. જેના પગલે આ વિસતારના સ્થાનિકોમાં સંતરામપુર MGVCL તંત્ર દવારા આ સંદેભમા જરુરી કાયૅવાહી કરવામાં આવે તેવી માગ ઉઠીછે.સ્થાનિકોની માંગ છે કે સંતરામપુર MGVCL કચેરીના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે આવીને ડીપીનું સ્થળ પર ટેક્નિકલ નિરીક્ષણ કરે અને વારંવાર આ ડીપીમા ભડાકા થવાનું કારણ શોધી કાઢીને તેનું કાયમી ધોરણે નીકાલ લાવે તે જરુરી છે.આ ડી. પી નું જરૂરી રિપેરિંગ અને જાળવણીની કામગીરી વહેલી તકે કરવામાં આવે તેવી નગરજનોની માંગ ઉઠવા પામેલ છે.આ વિસતારમાં ટ્રાફીકનુ પ્રમાણ પણ વધુ હોય છે અને લોકોની અવરજવરવાળા આ વિસ્તારમાં આવી ઘટના ફરી ન બને અને ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય નહીં તે માટે MGVCL તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોએ માંગ કરી છે.

## વડોદરાના હિતેશ પટેલે પર્વતારોહણ ક્ષેત્રે નોંધાવી સિદ્ધિ

વડોદરા | વડોદરાના પર્વતારોહક હિતેશ પટેલે હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં પર્વતારોહણ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ૧થી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન હાથ ધરાયેલા અભિયાનમાં તેમણે માત્ર ૬થી ૮ દિવસના ટૂંકા ગાળામાં ૬,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બે પર્વત શિખરો સર કર્યા હતા.હિતેશ પટેલે પોતાની બે સભ્યોની ટીમ સાથે માઉન્ટ શિન્કુન ઈસ્ટ ૬,૦૮૧ મીટર અને માઉન્ટ યુનમ ૬,૧૧૧ મીટર સફળતાપૂર્વક સર કર્યા હતા. આ બંને શિખરોનું આરોહણ 'આલ્પાઈન સ્ટાઈલ' પદ્ધતિથી કરવામાં આવ્યું હતું. આ પદ્ધતિમાં પર્વતારોહકો હેલ્પર્સ, ફિક્સ્ડ દોરડાં અને અગાઉથી તૈયાર કરેલા કેમ્પ્સ વિના પોતાનો જરૂરી સામાન જાતે લઈ શિખર સર કરે છે. આ શિખર પર ટીમે પડકારજનક પથરાળ અને બરફીલા માર્ગો પાર કરીને તિરંગો લહેરાવ્યો હતો.

## જિલ્લા કલેકટરશ્રી મયુર મહેતાના અધ્યક્ષસ્થાને વાવ-થરાદ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

માહિતી બ્યુરો, થરાદ| વાવ-થરાદ જિલ્લા કલેક્ટરશ્રી મયુર મહેતાની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી, થરાદ ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓને આવકારીને બેઠકની કામગીરી શરૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ વાવ થરાદ જિલ્લા માટે નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિકાસના કાર્યોને વેગવંતા બનાવવા માટે ઝડપથી કામગીરી કરવા જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં પાણી પુરવઠા, રોડ - રસ્તા, વીજળી, સંકલ્પ થી સેવા અભિયાન વગેરે બાબતોના પ્રશ્નોની અને તેના નિરાકરણની ચર્ચા કરાઈ હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્મા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન તેરૈયા, નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.જાની સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેવા, સંવેદના અને જનભાગીદારી સાથે જૂનાગઢ મહાનગર ભાજપે ઉજવ્યો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસનો ઉત્સવ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરની યાદીમાં જણાવ્યા અનુસાર દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જૂનાગઢ મહાનગર ભાજપ દ્વારા સેવા, સામાજિક જવાબદારી, પર્યાવરણ જાગૃતિ અને જનભાગીદારીને કેન્દ્રસ્થાને રાખી વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું.ભાજપ જૂનાગઢ મહાનગર પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયાની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમોમાંશ્રી ધર્મેશભાઈ પોસીયા, શ્રી આકાશભાઈ કટારા, શ્રીમતી પલવીબેન ઠાકર, શ્રી મનનભાઈ અભાણી, શ્રી કલ્પેશભાઈ અજવાણી, શ્રી વિનુભાઈ ચાંદેગ્રા, શ્રી જયેશભાઈ ધોરાજીયા, શ્રી મિલનભાઈ ભટ્ટ, શ્રીમતી ભાવનાબેન હિરપરા, સુરેશભાઈ પાનસુરીયા સહિત ભાજપ મહાનગરની ટીમ, તમામ મોરચાના હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.વડાપ્રધાનશ્રીના જન્મદિવસની ઉજવણીનો પ્રારંભ સવારે ૮:૩૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમથી કરવામાં આવ્યો હતો. ડી-માર્ટથી સાંતેશ્વર તરફ જતા માર્ગ પર વૃક્ષારોપણ કરી હરિયાળા જૂનાગઢ અને પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ વૃક્ષારોપણમાં જોડાઈ પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપ્યો હતો.ત્યારબાદ સવારે ૯:૦૦થી બપોરે ૧:૦૦ કલાક સુધી આઝાદ ચોક સ્થિત રેડ ક્રોસ હોલ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ હતી. યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરી જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ કરાવવાના સેવાભાવ સાથે આ શિબિર યોજાઈ હતી. બપોરે ૧૨:૦૦ કલાકે મજેવડી દરવાજા સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતે ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ફળ વિતરણ કરવામાં આવ્યું હતું. સાંજે ૬:૦૦ કલાકે નરસિંહ મહેતા ચોરા, સુખનાથ ચોક ખાતે આવેલા સેલટર હોમમાં વૃદ્ધજનો માટે ભોજન સેવા યોજાઈ હતી.તથા સાંજે ૬:૩૦ કલાકે "આશીર્વાદ નો દીવડો" દીપોત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય દીપોત્સવ કાર્યક્રમ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ટીંબાવાડી ખાતે યોજાયો હતો. ઉપરાંત ઉપરકોટના આઈકોનિક પ્લેસ, બહાઉદીન કોલેજ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સિવિલ હોસ્પિટલ, જ્ઞાનબાગ ગુરુકુળ અને કૃષિ યુનિવર્સિટી સહિત વિવિધ સ્થળોએ પણ દીપ પ્રગટાવવામાં આવ્યા હતા. જૂનાગઢ મહાનગરના વિવિધ વોર્ડમાં પણ "આશીર્વાદનો દીવડો" કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં. ૧થી ૭ તથા ૯થી ૧૫માં વિવિધ મંદિરો અને ધાર્મિક-સામાજિક સ્થળોએ દીપ પ્રગટાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આમ સેવા, સંવેદના, પર્યાવરણ જાગૃતિ અને આધ્યાત્મિક ભાવનાના સંગમ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીને જનભાગીદારીના ઉત્સવનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચવાનો તથા લોકભાગીદારી સાથે સેવા પ્રવૃત્તિઓને વેગ આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# કુચાવાડા મુકામે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ સફાઈ કર્મચારીઓનું કર્યું બહુમાન

માહિતી બ્યુરો, પાલનપુર | સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત બાઈક સેવા યાત્રાના પ્રસ્થાન કાર્યક્રમ બાદ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી જગાણા ખાતેના કાર્યક્રમથી ડીસા તાલુકાના કુચાવાડા ખાતે પહોંચ્યા હતા. કુચાવાડા ખાતે મંત્રીશ્રીએ મહાદેવ મંદિરે દર્શન કરી ભગવાન મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ગામના આગેવાનો, સંગઠનના પદાધિકારીઓ, આસપાસના આગેવાનો તેમજ ગ્રામજનોએ મંત્રીશ્રીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રી સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને સફાઈ કર્મચારીઓનું સ્વાગત કર્યું હતું. સફાઈ અભિયાન પછી મંત્રીશ્રી કુચાવાડા પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આપણે સૌએ ગુજરાત અને દેશની વિકાસયાત્રાને નજરે જોઈ છે, જ્યારે ઉપસ્થિત વડીલ આગેવાનોએ આ યાત્રાના અનેક તબક્કાઓને નજીકથી અનુભવ્યા છે. આજનું ગુજરાત અને આજનો ભારત દેશ આપણને ગૌરવ થાય તેવો બન્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવા કાર્ય દરમિયાન જનવિશ્વાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીનું વ્યક્તિત્વ વિશ્વાસનું વ્યક્તિત્વ છે અને જનતાની આકાંક્ષાઓ તથા પ્રજાએ મૂકેલા વિશ્વાસને સેવાકાર્ય દ્વારા સાકાર કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે.મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે પરંપરાગત શાસનવ્યવસ્થાની સાથે લોકો સાથે સીધા જોડાવાની ભાવનાને પ્રાધાન્ય આપ્યું હતું અને ૧૩ વર્ષ સુધી ગુજરાતનું નેતૃત્વ કર્યું હતું. ત્યારબાદ દેશના વડાપ્રધાન બન્યા પછી પણ તેમણે પોતાને માત્ર પ્રધાનમંત્રી તરીકે નહીં પરંતુ 'પ્રધાન સેવક' તરીકે ઓળખાવીને જનસેવાની ભાવનાને આગળ ધપાવી છે. તેમના જાહેર જીવનમાં સેવાનો ભાવ અને જનતા પ્રત્યેની જવાબદારી સતત જોવા મળે છે.આ પ્રસંગે ગામના આગેવાનો, સંગઠનના પદાધિકારીઓ, આસપાસના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જન સેવા અને રાષ્ટ્ર સેવાને સમર્પિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના ઐતિહાસિક કાર્યકાળ અને જન્મદિન નિમિતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે આશિર્વાદનાં દિવડા પ્રગટ્યા



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સટી જૂનાગઢ ખાતે જનસેવા અને રાષ્ટ્રસેવાને સમર્પિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન તથા જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગરપાલીકાનાં મનનભાઇ અભાણીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.સમગ્ર કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ. કુલપતિ પ્રો.ડો. પ્રતાપસિંહજી ચૌહાણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જન્મદિવસની શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે અવિરામ, અવિચલ સાધનાનાં પ્રહરી શ્રી નરેન્દ્રભાઇનાં જાહેર જીવનને અનીતિ કે અપ્રામાણિકતાનો એક અંશ બેદાગ વ્યક્તિત્વને સ્પર્શી પણ સુધ્ધાં શક્યો નથી. શ્રી નરેન્દ્રભાઈના વ્યક્તિગત જીવનની પ્રામાણિકતાની મૂડી એ સમગ્ર વિશ્વને અકિંચન જીવનની દીવાદાંડી પૂરી પાડી છે.આપનાં રાષ્ટ્રભાવનાં સભર તપની હૃદયપૂર્વક વંદના કરીએ છીએ. અગણ્ય ગુણોના અસરકારક અને છતાં એટલા જ નમ્ર, નિરાલા અને નિ:સ્વાર્થ નરેન્દ્રભાઈ પાસેથી કોઈ ને કોઈ બાબતની પ્રેરણા લઈ આપણા જીવનના કર્મમાં પરિવર્તિત કરી રાષ્ટ્રના અવિરામ-અવિચલ સાધક બની રાષ્ટ્રવંદના કરતા રહીએ. આ પ્રસંગે ઉપસ્થિત મનનભાઇ અભાણીએ જણાવ્યુ હતુ કે ૧૭ સપ્ટેમ્બરએ ગુજરાતના પનોતાપુત્ર અને આપણા પોતાના એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ હોય તેમનાં જીવનમાંથી પ્રેરણા લેવા જેવી કેટકેટલી બાબતો છે. ડગલે ને પગલે આપણને તેમની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, વંચિતો પ્રત્યેની સહૃદયતા, કાર્યકરો પ્રત્યેનો અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રદ્ધા, દેશના દુશ્મનો સામે મજબૂત રણટંકાર અને ભ્રષ્ટાચારીઓને અક્ષમ્ય શિક્ષા, આત્મનિર્ભર ભારતના સ્વપ્રદૃષ્ટા એવા અદ્‌ભુત, અભૂતપૂર્વ, અતુલનીય અસ્તિત્વ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈની આફતને પણ સેવાના અવસરમાં પલટાવવાની ક્ષમતા કે ગામડાના સહજ સરળ માણસથી લઈને જે તે ક્ષેત્રના વિશ્વભરના નિષ્ણાત કે ધુરંધર વ્યક્તિને પણ કોઈ ને કોઈ બાબતે પ્રેરણા આપતું શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ એ આપણી ગુજરાતની ધરાએ ઘડ્યું છે તેનું ગૌરવ આપણને સૌને અકલ્પનીય, અનરાધાર અને અલૌકિક છે. યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. આર.જી. પરમારે કાર્યક્રમમાં ઉપસ્થિતો પરત્વે આભાર વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે નરેન્દ્રભાઈ મોદી સ્વયંથી આગળ વધતાં-વધતાં ન માત્ર એક સંસ્થા કે સરકાર બન્યા છે, પરંતુ એક વિચાર બની ગયા છે. આ વિચાર દ્વારા જ તેઓ રાષ્ટ્રને પરમવૈભવના શિખરે બિરાજમાન કરવા પોતાનું સમગ્ર જીવનની પ્રત્યેક ક્ષણ આપવા કટિબદ્ધ રહ્યા છે. વડાપ્રધાનશ્રીના જન્મદિન નિમિત્તે આયોજિત આશીર્વાદ નો દીવડો કાર્યક્રમમાં સેવાભાવ, સંસ્કાર, સંસ્કૃતિ અને સુશાસનના મોટી સંખ્યામાં યુનિ.નાં છાત્રો, યુનિવર્સીટીનાં શિક્ષણિક અને એડમીનીસ્ટ્રેટીવ સ્ટાફ અને ખડીયા તથા ડુંગરપુરનાં નાગરિકો અગ્રણીશ્રી ધીરૂભાઇ સુવા, જીતુભાઇ મણવર, વિભાગાધ્યક્ષશ્રીઓ સહિત મહાનુભાવો એ આશિર્વાદનાં દિવડા છાત્રો સાથે પ્રગટાવી ભક્તકવિ નરસિંહ મહેતા રચિત વૈશણવજન તો તેને રે કહીએ ભજન નું શ્રવણ કરી નરેન્દ્રભાઈનાં નિરામયી અને દિર્ઘાયુની મંગલકામના વ્યક્ત કરી હતી. જોડાયા હતા. કાર્યક્રમોને સફળ બનાવવા માટે નીરવ કરડાણી, દિવ્યેશ ગોંડલીયા, જય પાટડીયા, હરવિજયસિંહ રાઠોડ અને યુનિ. આઇ.ટી સેલનાં કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી.

# સંગઠન પ્રભારી તરીકેની જવાબદારી પૂર્ણ થતા રાજેશ દેસાઈનો લાગણીસભર વિદાય સંદેશ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા ભાજપનાં સંગઠન પ્રભારી તરીકે મે-2023થી સપ્ટેમ્બર-2026 દરમિયાન જવાબદારી નિભાવ્યા બાદ રાજેશ દેસાઈએ ડાંગના કાર્યકરો, આગેવાનો તથા શુભેચ્છકોને લાગણીસભર સંદેશ પાઠવી આ સંગઠન યાત્રાને જીવનની યાદગાર સફર ગણાવી છે.સુરતનાં મૂળ વતની રાજેશ દેસાઈએ પોતાના સંદેશમાં જણાવ્યું છે કે, ડાંગની જંગલ-પહાડી ધરતી પર સતત પ્રવાસ, સંપર્ક અને બેઠક દ્વારા સંગઠનને મજબૂત બનાવવાની તક મળી હતી. કાર્યકર્તાઓના મન સુધી પહોંચવાની, ગામેગામ કાર્યકર્તાઓની સાથે જોડાવાની તેમજ પક્ષની વિચારધારા અને સરકારની યોજનાઓને લોકો સુધી પહોંચાડવાની કામગીરી દરમિયાન સૌનો સાથ મળ્યો હોવાનું તેમણે જણાવ્યું હતુ તેમણે જણાવ્યું કે, મે-2023થી સપ્ટેમ્બર-2026 સુધીની સંગઠન પ્રભારી તરીકેની જવાબદારી તેમના જાહેર જીવનની અત્યંત આત્મીય અને યાદગાર સફર બની રહી છે.આ સમયગાળા દરમિયાન ડાંગ ભાજપના સંગઠનને વધુ વિસ્તૃત કરવામાં તથા કાર્યકર્તાઓ સાથે સતત સંપર્કમાં રહેવાની તક મળી તે તેમના માટે ગૌરવની બાબત હોવાનું તેમણે જણાવ્યું હતુ.ડાંગમાં ભાજપના આદર્શોના કેન્દ્ર સમાન કાર્યાલયના નિર્માણમાં પ્રદેશ તરફથી યથાશક્તિ પૂરક બનવાની તક મળી તે પણ પોતાના માટે વિશેષ સંતોષ અને ગૌરવની બાબત હોવાનું રાજેશ દેસાઈએ પોતાના સંદેશમાં જણાવ્યું છે.સંગઠન યાત્રા દરમિયાન ડાંગના પૂર્વ પ્રમુખો, વરિષ્ઠ આગેવાનો, સમર્પિત કાર્યકર્તાઓ, વિવિધ સમાજ અને ક્ષેત્રના આગેવાનો, સંતો-મહંતો, જનપ્રતિનિધિઓ, ભૂતપૂર્વ જિલ્લા સુનિયોજિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓ, અજાણતાં તેમના કોઈ શબ્દ, નિર્ણય કે વર્તનથી કોઈને દુ:ખ પહોંચ્યું હોય તો તેમણે અંત:કરણપૂર્વક ક્ષમાયાચના પણ કરી છે.તેમણે વધુમાં જણાવ્યું કે, "વિદાય નહીં.. માત્ર જવાબદારીનું પરિવર્તન છે." ભલે જવાબદારી બદલાઈ હોય, પરંતુ ડાંગ પ્રત્યેનો પ્રેમ અને ડાંગના કાર્યકર્તાઓ સાથેનો આત્મીય સંબંધ હંમેશા જીવંત રહેશે.



પક્ષના વિચારધારા સાથે જોડાયેલા ગ્રામજનો, પોલીસ પટેલો, સરપંચો તેમજ પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રોએ આપેલા સહકાર બદલ તેમણે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. રાજેશ દેસાઈએ જણાવ્યું છે કે, ડાંગના સૌ આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે મળેલો પ્રેમ અને માન-સન્માન તેમના માટે જીવનભરની મૂડી સમાન છે. સંગઠન યાત્રા દરમિયાન જાણતાં-આવનારા સમયમાં પણ સંગઠન તથા સમાજસેવાની યાત્રામાં સહભાગી બનીને આગળ વધતા રહેવાની ભાવના તેમણે વ્યક્ત કરી છે.અંતમાં રાજેશ દેસાઈએ ડાંગવાસીઓ અને ભાજપના કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યુ કે, ડાંગે તેમને ઘણુ આપ્યું છે અને ડાંગ તથા ડાંગના કાર્યકર્તાઓ સાથેનો આ આત્મીય સંબંધ હંમેશા તેમના હૃદયમાં જીવંત રહેશે.

## વાલીનાથ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની યાદગાર શૈક્ષણિક મુલાકાત



જગદીશ ત્રિવેદી | મહીસાગર

વાલીનાથ ગ્રામ પંચાયતના સરપંચ નરેશભાઈ મંગળભાઈ પટેલ દ્વારા વાલીનાથ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ઝઘડિયા ખાતે આવેલી DCM શ્રીરામ કેમિકલ ઈન્ડસ્ટ્રી તેમજ ગુમાનદેવ મંદિરની શૈક્ષણિક અને ધાર્મિક મુલાકાત કરાવવામાં આવી.DCM શ્રીરામ કેમિકલ કંપનીના સી.ઈ.ઓ. શ્રી બી.એમ. પટેલ સાહેબ તથા તેમના સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને કંપનીમાં બનતા વિવિધ ઉત્પાદનો અંગે ખૂબ જ સરળ અને સુંદર રીતે માહિતી આપવામાં આવી. ખાસ કરીને કાસ્ટિક સોડા કેવી રીતે બને છે, તેના વિવિધ ઉપયોગો શું છે, તેમજ કંપનીમાં બનતા અન્ય ઉત્પાદનો વિશે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અને રસપ્રદ માહિતી આપવામાં આવી.સાથે સાથે કંપની દ્વારા બનાવવામાં આવેલ સેનિટેશન પાર્ક તથા તેના શૂન્ય કચરો - શૂન્ય ખર્ચ (Zero Waste - Zero Cost) મોડેલ વિશે પણ વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી. ગામમાં સ્વચ્છતા કેવી રીતે જાળવવી અને સ્વસ્થ ગામ કેવી રીતે બનાવવું તે અંગે પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ મુલાકાત દરમિયાન DCM શ્રીરામ પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીને સ્કૂલ બેગ તેમજ સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પુસ્તકના જ્ઞાન સાથે વ્યવહારુ, ઔદ્યોગિક અને પર્યાવરણલક્ષી જ્ઞાન મળે તે માટે આવી મુલાકાતો ખરેખર પ્રેરણાદાયી અને યાદગાર બની રહે છે.

## જૂનાગઢમાં વિશ્વ હિન્દુ આગેવાનના ઘરે ગણપતિ મહારાજની પધરામણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢના આગેવાન શ્રી હિરેનભાઈ રૂપારેલિયા ના નિવાસ સ્થાને 'રિદ્ધિ સિદ્ધિના આરાધ્ય દેવ શ્રી ગણપતિ ગજાનંદ મહારાજ' ની પધરામણી કરવામાં આવેલ. આ દિવ્ય પ્રસંગે ગણપતિ દાદાના દર્શન અર્થે જૂનાગઢ ના અનેક લોકોએ લાભ લીધો તથા સાંધ્ય આરતી સમયે પણ ઘણા લોકો એ આરતી નો લાભ લઈ ધન્યતા અનુભવી છે , આરતી પછી સુંદર મજાનો પ્રસાદ તો ખરો જ ઉપરાંતમાં નિત્ય નવા કાર્યક્રમો પણ યોજાય છે



તેમાં ખાસ કરીને સુંદરકાંડના પાઠ, સત્સંગ, સુમધુર સંગીત સંધ્યા વિગેરે કાર્યક્રમ પછી માણવા લાયક નાસ્તો પણ હોય, આમ દરરોજ ગણપતિ દાદાના ગુણગાન ગાઈ ધર્મપ્રેમીઓ ભાવવિભોર થઈ ખુશી વ્યક્ત કરે છે, પ્રથમ દિવસે મહાઆરતી મા શ્રી ચંદુભાઈ રૂપારેલિયા, દત્તાભાઈ, નરેન્દ્રભાઈ દવે, ગૌરવભાઈ રૂપારેલીયા, નાન્ઠાભાઈ, સોસાયટીના રહીશો વિગેરેએ ગણપતિ દાદાની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી આ સમયે મોટી સંખ્યામાં બહેનો, બાળકો તથા પુરુષો ઉપસ્થિત રહ્યા હતા.

## 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬' (National Science Seminar - NSS) ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું જૂનાગઢમા આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત રાજ્યના "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર, ૨૬ ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં એકસાથે 'નેશનલ સાયન્સ સેમિનાર- ૨૦૨૬' (National Science Seminar - NSS) ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ આયોજન રાજ્યના તમામ જિલ્લાઓમાં આવેલા લોક વિજ્ઞાન કેન્દ્રો (Community Science Centres ) ના સક્રિય સંકલન અને સહયોગથી સંપન્ન થયું છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM) ની માર્ગદર્શિકા અનુસાર GUJCOST દ્વારા દર વર્ષે આ રાષ્ટ્રીય વિજ્ઞાન સેમિનારનું આયોજન કરવામાં આવે છે જેમાં જૂનાગઢ જિલ્લામાં શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આ સેમિનાર યોજાયો હતો,આ પરિસંવાદનો મુખ્ય વિષય "ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ : સંભાવનાઓ અને પડકારો" રાખવામાં આવ્યું હતું. પરિસંવાદમાં વિદ્યાર્થીઓએ ભારતની ભાવિ ઊર્જા જરૂરિયાતો, પુનઃપ્રાપ્ય ઊર્જા, ઊર્જા સુરક્ષા, ટકાઉ વિકાસ, ઉભરતી ઊર્જા તકનીકો તેમજ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટેના વિવિધ પડકારો અંગે પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. જિલ્લાના 43 જેટલી શાળાઓ ના કુલ 46 વિદ્યાર્થીઓ, 40 શિક્ષકો અને 25 આમ જનતા એ આ જિલ્લા કક્ષાના સેમિનાર માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ વિદ્ અને સંસ્થાના ચેરમેનશ્રી ગિજુભાઈ ભરાડ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીમતી પલવીબેન ઠક્કર, ડૉ. માતંગભાઈ પુરોહિત, ડો એસ.આર. ગજેરા, ડૉ.ઘનશ્યામ જાદવ ડો.ઉત્સવ એમ ધોળકિયા, ડૉ.મન્ના એન દેસાઈ,. શ્રી તુષાર પંડ્યા, મંડલીકપુર, શ્રી પ્રતાપસિંહ ઓરા, જિલ્લા સંયોજક, સાયન્સ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શીલ્ડ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા અને દરેક પાર્ટિસિપેટ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો આપવામાં આવેલ હતા. આ તકે ગિજુભાઈ ભરવાડ દ્વારા રાજ્યકક્ષા એ જતા વિદ્યાર્થીઓને આશીર્વાદ વચન તેમજ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ માટે શ્રધ્ધાબેન કચોટ, રીનાબેન મકવાણા અને વોલેન્ટિયરો દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી તેમ પ્રતાપસિંહ ઓરાએ જણાવ્યું છે.



## નડગખાદીમાં બળદનું મારણ કરનાર દીપડો આખરે પાંજરે પુરાયો

સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના નડગખાદી ગામના ચિકાર ફળિયામાં ઢોરના શેડમાં ઘૂસી નાના બળદનું મારણ કરનાર દીપડો આખરે વન વિભાગના પાંજરામાં પુરાયો છે. રાત્રિના આશરે 11 વાગ્યાના સુમારે દીપડો પાંજરામાં સપડાતા સ્થાનિક રહીશો અને વન વિભાગે રાહતનો શ્વાસ લીધો હતો. દીપડો પાંજરે પુરાયો હોવાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને દીપડાને કબજામાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, દીપડાને યોગ્ય અને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.



ઉલ્લેખનીય છે કે ગત મોડી રાત્રે નડગખાદી-દાવદહાડ ગામની સરહદ નજીક આવેલા ચિકાર ફળિયામાં રાજુભાઈ શિલુભાઈ ચૌધરીના ઢોર રાખવાના શેડમાં દીપડો ઘૂસી આવ્યો હતો. શેડમાં બાંધેલા નાના બળદ પર હુમલો કરી દીપડાએ તેનું મારણ કર્યું હતું.ઘટનાની જાણ થતાં વન વિભાગ દ્વારા તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી હતી. અંતે રાત્રિના સમયે દીપડો પાંજરામાં સપડાતા વન વિભાગને તેને પકડવામાં સફળતા મળી હતી.દીપડો પકડાઈ જતા ચિકાર ફળિયા સહિત આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોમાં પણ રાહતનો માહોલ જોવા મળ્યો છે.

## બીલમાળ ધામે 'આશીર્વાદનો દીવો' પ્રગટાવી વડાપ્રધાનનાં જન્મદિવસની ભાવભરી ઉજવણી



સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાનાં પ્રસિદ્ધ અંધ નારેશ્વર નાગ જ્યોતિર્લિંગ બીલમાળ ધામ ખાતે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે એક વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શિવ પરિવાર તથા પ.પૂ. અનેકરૂપી મહારાજના પાવન સાનિધ્યમાં વૈદિક પદ્ધતિથી પૂજન-વિધિ સંપન્ન કરવામાં આવી હતી અને 'આશીર્વાદનો દીવો' પ્રગટાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'એક દીવો, એક ભાવ કરીએ રાષ્ટ્રસેવાને સલામ'ના પ્રેરણાદાયી સંદેશ સાથે સમગ્ર ધામને દિવડાઓથી ઝળહળતું કરી દેવાયું હતું. આદી પ.પૂ.અનેકરૂપી મહારાજનાં સાનિધ્યમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ સંસ્કૃત ગીતના ગાન દ્વારા વડાપ્રધાનને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.આ ઉજવણી દરમિયાન વડાપ્રધાન મોદીના મુખ્યમંત્રીથી લઈને વડાપ્રધાન સુધીના જાહેર જીવનના ૨૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના ઐતિહાસિક સંદર્ભને પણ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.આયોજકો અને સ્થાનિક લોકોએ દીપ પ્રગટાવી 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત અને સમૃદ્ધ ભારત'ના સંકલ્પને વધુ મજબૂત બનાવી આગળ ધપાવવાની વાતો દોહરાવી હતી.સમગ્ર કાર્યક્રમ દરમિયાન બીલમાળ ધામ ખાતે અત્યંત ભક્તિમય, ધાર્મિક અને સાંસ્કૃતિક વાતાવરણ સર્જાયું હતુ.આ પ્રસંગે ડાંગ જિલ્લાનાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી.પટેલ સહીત કર્મચારીઓની ટીમ ઉપસ્થિત રહી હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિન અને 25 વર્ષના જન સેવા કાર્ય નિમિત્તે કોઠંબા જય જલારામ માધ્યમિક શાળા ખાતે હોમાત્મક આહુતિ આપીને શુભકામના પાઠવવામાં આવી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

કોઠંબા તાલુકાની જય જલારામ માધ્યમિક શાળા ખાતે નરેન્દ્ર ભાઈ મોદીના 25 વર્ષના જનસેવા કાર્યક્રમની ઉજવણી અંતર્ગત હોમાત્મક આહુતિ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘ આયુષ અને તંદુરસ્ત જીવન માટે ગાયત્રી પરિવાર અને જલારામ માધ્યમિક શાળા કોઠંબા દ્વારા શુભકામના પાઠવવામાં આવી હતી. જલારામ માધ્યમિક શાળા કોઠંબા ખાતે નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિન તથા જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે શાળામાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળામાં ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, વકૃત્વ સ્પર્ધા, અને શાળામાં બાળકોને ચોપડા વિતરણનું કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આત્મનિર્ભર



ભારતના સ્વપ્ન દ્રષ્ટા એવા અદભુત, અભૂતપૂર્વ, અતુલનિય અસ્તિત્વ ધરાવતા નરેન્દ્રભાઈ મોદી ને ઉપસ્થિત મહાનુભાવો એ તેમજ સંગઠનના કાર્યકર્તા ઓએ જન્મદિવસની ઢેર સારી શુભકામનાઓ પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિન અને 25 વર્ષના જનસેવા કાર્યક્રમ નિમિત્તે યોજવામાં આવેલા આ કાર્યક્રમની અંદર દશરથભાઈ બારીયા, કોઠંબા મંડળ પ્રમુખ રોશનભાઈ પટેલ, કોઠંબા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી અનિતાબેન પટેલ, જિલ્લા મહામંત્રી ચિંતનભાઈ પટેલ , માજી જિલ્લા મહામંત્રી રાવજીભાઈ પટેલ તેમજ જય જલારામ માધ્યમિક શાળાના પ્રમુખ , એડવોકેટ અને નોટરી જીતેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે 'જય જલારામ માધ્યમિક શાળા કોઠંબા ' ના પ્રમુખ જીતેન્દ્રભાઈ પટેલે અથાગ પ્રયત્નો કરીને આ કાર્યક્રમને દીપાવ્યો હતો.

## "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત લુણાવાડા ખાતે "સ્વચ્છતા સેવા યોગદાન" કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી વિશેષ 'સેવા સંકલ્પ અભિયાન'ની ઉજવણી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે લુણાવાડા નગરપાલિકા દ્વારા આજ રોજ ચાર કોશિયા નાકા અને લુણાવાડા બસ ડેપો ખાતે 'સ્વચ્છતા સેવા યોગદાન' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે ઉપસ્થિત રહી જાતે શ્રમદાન કર્યું હતું તેમજ નગરમાં સ્વચ્છતા અભિયાનને વેગવંતું બનાવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ સ્થાનિક અગ્રણીઓ અને નગરપાલિકાની ટીમ સાથે લુણાવાડા બસ ડેપો અને ચાર કોશિયા નાકા પર સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. આ વેળાએ કલેક્ટરશ્રીએ માર્ગ પર આવેલી વિવિધ દુકાનો તથા વ્યવસાયિક એકમોના સંચાલકો-વેપારીઓ સાથે સંવાદ સાધીને પોતાની



દુકાન તેમજ આસપાસનો પરિસર સ્વચ્છ રાખવા અને કચરો નિયત કચરાપેટીમાં જ નાખવા ખાસ અનુરોધ કર્યો હતો.'સ્વચ્છ લુણાવાડા... સ્વસ્થ લુણાવાડા'ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક લોકપ્રતિનિધિઓ, સામાજિક આગેવાનો, નગરપાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓ તથા સફાઈ કર્મચારીઓ જોડાયા હતા. સૌએ એકસૂરે શ્રમદાન કરી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સ્વચ્છતાના સંકલ્પને સાકાર કરવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬" અભિયાન અંતર્ગત મેગા સફાઈ ઝુંબેશનો પ્રારંભ કરાવતા મેયરશ્રી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત સરકારશ્રી દ્વારા આગામી ૨જી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટે 'જન આંદોલન'ની ઉજવણીનું આહ્વાન કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ થી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દેશભરમાં 'સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬' અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે. આ રાષ્ટ્રીય અભિયાનમાં સહભાગી થવા અને જૂનાગઢ શહેરને સ્વચ્છ તેમજ રળિયામણું બનાવવાના શુભ આશયથી, જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા:૧૮/૦૯/૨૦૨૬ને, શુક્રવારના રોજ સવારે ૦૮:૦૦ કલાકે ગોધાણી કન્યા છાત્રાલય, પાદર ચોક, જોષીપરા, જૂનાગઢ ખાતેથી વિશેષ 'મેગા સફાઈ ઝુંબેશ' નો પ્રારંભ કરાવવામાં આવ્યો.આ તકે માન. કમિશનરશ્રી આઈ આર વાળા, શ્રી આકાશભાઈ કટારા, કોર્પોરેટરશ્રીઓ, નાયબ કમિશનરશ્રી આર.આર. રાવલિયા, શ્રી જયેશ વાજા, ગોધાણી કેમ્પસ કન્યા છાત્રાલય,જોષીપરાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી જે. કે. ઠેસીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઝુંબેશ અંતર્ગત શહેરમાં એક જ દિવસમાં 60થી વધુ સ્થળ પર મેગા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવાનોને આ અભિયાનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી, 'સ્વચ્છતા હી સેવા' ના મંત્રને સાર્થક કરવા અને સ્વચ્છ જૂનાગઢના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

## અંબાજી જતા પદયાત્રીઓની રાત્રિ સુરક્ષા માટે મહીસાગર ARTO કચેરીનો સંવેદનશીલ અભિગમ: રેડિયમ સ્ટિક, સેફ્ટી જેકેટ અને નાઈટ ગ્લોઈંગ બેન્ડનું વિતરણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભાદરવી પૂનમના મહામેળા નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી તરફ શ્રદ્ધાભેર પગપાળા જઈ રહેલા માઈભક્તોની રાત્રિ સુરક્ષાને ધ્યાને રાખી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (ARTO) કચેરી, મહીસાગર દ્વારા સંવેદનશીલ અભિગમ સાથે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. "સુરક્ષિત પદયાત્રા, સુરક્ષિત યાત્રા - માર્ગ સલામતી સૌની જવાબદારી"ના ઉમદા મંત્ર સાથે જિલ્લામાંથી પસાર થતા માર્ગો પર પદયાત્રીઓને રાત્રિના અંધકારમાં વાહન અકસ્માતથી બચાવવા માટે રેડિયમ સ્ટિક, રેડિયમ રિફ્લેક્ટર, સેફ્ટી જેકેટ તથા નાઈટ ગ્લોઈંગ રિસ્ટ બેન્ડનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધનોના ઉપયોગથી રાત્રિ દરમિયાન દૂરથી આવતા



વાહનચાલકોને પદયાત્રીઓ સ્પષ્ટપણે દ્રશ્યમાન થાય છે, જેથી અકસ્માતનો ભય નિવારી શકાય છે.આ પહેલ અંતર્ગત ARTO કચેરીની ટીમ દ્વારા પદયાત્રીઓ અને સેવા સંઘોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપતાં જણાવવામાં આવ્યું હતું કે, યાત્રિકોએ રાત્રિના સમયે ચાલતી વખતે હંમેશાં માર્ગની નિર્ધારિત સાઈડ જાળવી રાખવી, હાથમાં કે સામાન પર રેડિયમ સ્ટિક અને ગ્લોઈંગ બેન્ડ પહેરી રાખવા તેમજ ટોળામાં અસ્તવ્યસ્ત ચાલવાને બદલે શિસ્તબદ્ધ રીતે આગળ વધવું જોઈએ. સાથોસાથ આ માર્ગો પરથી પસાર થતા તમામ વાહનચાલકો પણ ગતિ મર્યાદા જાળવી પદયાત્રીઓની સુરક્ષા પ્રત્યે સભાન રહે તેવી અપીલ કરવામાં આવી હતી. વહીવટી તંત્રની આ તકેદારી અને સુરક્ષાલક્ષી વ્યવસ્થા બદલ પદયાત્રીઓ તથા સેવાભાવી અગ્રણીઓએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## જાફરાબાદમાં વિવિધ પાંચ દિવસીય ગણપતિનું ભકિતભાવપૂર્વક વાજતે ગાજતે વિસર્જન, ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી દરિયા કિનારો ગુંજી ઉઠયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગણેશભક્તોદ્વારાવિઘ્નહર્તા દેવને અશ્રુભીની આંખે વિદાય મહાઆરતી આરાધના બાદ દુંદાળાદેવને અશ્રુભીની વિદાય અપાઈ જાફરાબાદના વિવિધ ગૃપ તથા ખારવા વાડમાં ઘરે ઘરે ગણેશજીની સ્થાપના જુદા જુદા સ્થળોએ વિવિધ ગૃપ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ ભક્તિભાવ સાથે પાંચ દિવસના ગણેશોત્સવ સંપન્નઆસ્થાભેર ગણેશજીનું સમુદ્રમાં રંગે ચંગે વિસર્જન કરાયું હતું. શહેરમાં અલગ-અલગ સ્થળોએ ગણેશજીની મૂર્તિઓનુંસ્થાપન કરાયુંહતું. પાંચ દિવસ સુધી ભાવિકોએ આરતી પ્રસાદનો લાવો માણ્યો હતો. ગણેશ મહોત્સવ દરમિયાન રાસગરબા સહિત અનેકવિવિધધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરાઈ હતી. આજરોજ જુદા જુદા વિસ્તારોમાંથી ગણેશ વિસર્જન



યાત્રાઓ નીકળી હતી. જે ડીજેના તાલ સાથે મોટી સંખ્યામાં ભાવિકોવિસર્જનયાત્રામાંજોડાયા હતા. વિઘ્નહર્તા ગણેશજીની આરતી ઉતારી તેમજ પૂજા અર્ચના કરી બાપ્પા ને ભક્તિભાવનું ભોજનનું ભાતું બાંધી બોટ મારફતે વિઘ્નહર્તા બાપ્પાને દરિયામાં લઈ જવામાં આવ્યા હતા અને મહિલાઓ અને બાળકો દ્વારા શ્રીજીને અશ્રુભીની આંખે વિદાય પાંચ દિવસનું આતિથ્ય માણી મોંઘેરા મહેમાન શ્રીજી ને ભક્તોએ ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તુ જલ્દી આના ભક્તોએ ભારે હૈયે બાપ્પાને વિદાય અપાઈ હતી.

## જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા પરિપત્ર દ્વારા સાગરખેડૂ ને શરતોને આધીન માછીમારી ટોકન ચાલુ કરવામાં આવ્યાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા વડી કચેરી ગાંધીનગર ની સુચના મુજબ પરિપત્ર જાહેર કરી પરિપત્ર માં જણાવેલ કે આ કચેરીના કાર્યક્ષેત્ર તળે આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો જેવા કે જાફરાબાદ, શિયાળબેટ, ચાંચ બંદર, નવાબંદર, સૈયદ રાજપરા, તથા સિમર ખડાબંદરના તમામ માછીમાર બોટ એસો. આગેવાનો સહકારી મંડળીઓ ના પ્રમુખશ્રી ઓ તથા માછીમાર બોટ માલિકોને જણાવેલ કે અત્રે ની કચેરીના ઉક્ત આધાર ૨ પત્રથી તા/૧૪/૦૯/૨૦૨૬ થી ૫(પાંચ દિવસ) સુધી ખરાબ હવામાન અને ભારે વરસાદ ના પગલે માછીમારી ટોકન બંધ કરવામાં આવેલ હતું જે હાલ વડી કચેરી ગાંધીનગર ના આધાર -૧ વાળા પત્રથી નિચેનિ શરતોને આધીન માછીમારી ટોકન ચાલુ કરવામાં આવેલ છે. જે તા/૧૮/૦૯/૨૦૨૬ થી તા/૨૨/૦૯/૨૦૨૬ દરમિયાન અથવા અન્ય સૂચના ન મળે ત્યાં સુધી તમામ માછીમારી બોટોએ બંદર ફિશ લેન્ડિંગ સેન્ટરો પરથી ૧૨ નોટિકલ માઈલ સુધીના વિસ્તારમાં માછીમારી કરવા માટે જ ટોકન ઈસ્યુ કરવામાં આવેલ છે.આ ઉપરોક્ત સમયગાળા દરમિયાન ૧૨ નોટિકલ માઈલથી આગળના વિસ્તારમાં માછીમારી કરવા માટે કોઈ પણ બોટોએ જવું નહીં તેવી કડક આદેશ અને સૂચનાઓ આપવામાં આવી છે. વખતો વખતની હવામાન વિભાગની ચેતવણી ને અનુસરવી તેમજ તંત્રના આદેશોનું યોગ્ય રીતે પાલન કરવા તથા દરિયામાં જતા સમયે જરૂરી સાવચેતી રાખવા જણાવવામાં આવેલ છે. સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે અંગે મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા પરિપત્ર જાહેર કરી જણાવવામાં આવેલ છે.

## લોહાણા મહિલા મંડળ અને મીનાબેન દત્તાના સંયુક્ત ઉપક્રમે ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | લોહાણા મહિલા મંડળ અને મીનાબેન દત્તાના સંયુક્ત ઉપક્રમે ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી સ્પર્ધા તા.2 ઓક્ટોબરના રોજ સાંજે 5 વાગ્યે પ્રેસિડેન્ટ હોલ, રેલ્વે સ્ટેશન સામે, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેની એન્ટ્રી ફી. 150 ( અલ્પાહાર સાથે) રાખવામાં આવી છે. સ્પર્ધા માટેની એન્ટ્રી લેવાની છેલ્લી તા.30 સપ્ટેમ્બર ૨૦૨૬ રહેશે. જેમાં 3 થી 5 વર્ષના બાળકોની એન્ટ્રી ફી ભરવાની નથી, સ્પર્ધા માટે 10 થી 18 વર્ષના બહેનો, 19 થી 35 વર્ષના બહેનો અને 36 થી ઉપરની વયના બહેનો માટે છે, વધુમાં આ સ્પર્ધા સમયે કોઈપણ બહેનોને વસ્તુ વેચાણનું ટેબલ રાખવું હોય તો તેની ફી 150 રહેશે, નિર્ણાયક નો નિર્ણય આખરી રહેશે, એન્ટ્રી ફી ના રૂ.150 google pay અથવા રોકડા ભરી એન્ટ્રી પાસ મેળવી લેવા જણાવ્યું છે., પાસ મેળવવા માટે મીનાબેન દત્તા- +91 97372 11021 પ્રિયંકાબેન દત્તા- 9624964123 અલ્પાબેન ઉનડકટ- 9879540771,પારૂલબેન સૂચક- 9033684576,રસીલાબેન સોઢા- 98251 05545, રશ્મિબેન વિઠલાણી-94295 80017,બિનલબેન ઉનડકટ- 97377 63555 નો સંપર્ક કરવા જણાવાયું છે.



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના પડવાણ ગામમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાયસીંગભાઇ ભીલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ ઉજવ્યો. આ ઉજવણી મા અંબેના મંદિરમાં કરવામાં આવી હતી.આ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું અને મોટી સંખ્યામાં લોકોએ આરતી ઉતારી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાંબા આયુષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ ઉજવણીમાં ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## મુરુ ગામની બહેનશ્રીએ પોતાના હાથે બનાવી પર્યાવરણમૈત્રી ગણેશ મૂર્તિ — 'માટી ઓગળી જાય, પરંપરા રહી જાય'નો સુંદર સંદેશ



જગદિશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ગણેશ મહોત્સવ દરમિયાન આજના આધુનિક યુગમાં બજારમાંથી તૈયાર મૂર્તિ ખરીદવાનો ટ્રેન્ડ વધ્યો છે, ત્યારે મુરુ ગામની એક બહેનશ્રીએ પોતાના હાથે દેશી માટીમાંથી ગણપતિ બાપાની મૂર્તિ તૈયાર કરી ગ્રામ્ય સંસ્કૃતિ, પરંપરા અને પર્યાવરણપ્રેમનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.ગામના તળાવમાંથી લાવવામાં આવેલી દેશી માટીને ગૂંથીને, કોઈ મશીન કે તૈયાર સામગ્રીનો સહારો લીધા વિના બહેનશ્રીએ પોતાની કળા અને શ્રદ્ધાથી ગણપતિ બાપાની મૂર્તિને આકાર આપ્યો છે. મૂર્તિ તૈયાર કરવામાં તેમની મહેનત સાથે ગણપતિ બાપા પ્રત્યેની અખૂટ શ્રદ્ધા પણ જોવા મળે છે.આ મૂર્તિની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સંપૂર્ણ માટીની અને પર્યાવરણમૈત્રી છે. વિસર્જન બાદ મૂર્તિ પાણીમાં ઓગળી જાય છે અને ફરી માટીમાં ભળી જાય છે, જેથી જળસ્રોત અને પર્યાવરણને નુકસાન થવાની શક્યતા ઘટે છે. "માટી ઓગળી જાય પણ માટી સાથે જોડાયેલી આપણી પરંપરા ક્યારેય ઓગળતી નથી."આજના સમયમાં સરળતાથી બજારમાંથી મૂર્તિ ખરીદી શકાય છે, છતાં પોતાના હાથથી માટી લાવી મૂર્તિ બનાવવાની આ પરંપરા એ બતાવે છે કે ગામડાંની ધરતી સાથે જોડાયેલી સંસ્કૃતિ આજે પણ જીવંત છે.મુરુ ગામની બહેનશ્રીની આ પહેલ માત્ર ગણપતિ મૂર્તિ બનાવવાની કળા નથી, પરંતુ 'ભક્તિ સાથે પ્રકૃતિની ભક્તિ' નો સુંદર સંદેશ પણ આપે છે. આવી પરંપરાઓ જળવાઈ રહે તે ખરેખર આવકાર્ય અને પ્રેરણાદાયી છે.

## મહિલા સશક્તિકરણની અનન્ય પહેલ: ડીસા ખાતે તા. ૨૩ થી ૨૭ સપ્ટેમ્બર સુધી ભવ્ય 'પ્રાદેશિક સરસ મેળા'નું આયોજન

માહિતી બ્યુરો, પાલનપુર | ભારત સરકાર અને ગુજરાત સરકારની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન અંતર્ગત કાર્યરત મહિલા સ્વસહાય જૂથો/ સખીમંડળોને વિવિધ કૌશલ્યલક્ષી તાલીમ આપી આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ઉત્પાદકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સ્વસહાય જૂથોને તેમના દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના પ્રદર્શન તેમજ વેચાણ માટે સીધું બજાર ઉપલબ્ધ થાય અને તેઓ આત્મનિર્ભર બને તે હેતુથી પ્રાદેશિક સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે.ભાદરવી પૂનમ મહામેળાને ધ્યાનમાં રાખીને ડીસા તાલુકાના હવાઈ પિલ્લર ખાતે તા.૨૩/૦૯/૨૦૨૬ થી તા.૨૭/૦૯/૨૦૨૬ દરમિયાન 'પ્રાદેશિક સરસ મેળા'નું આયોજન કરવામાં આવનાર છે. આ મેળામાં સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. મેળા માટે કુલ ૫૫ સ્ટોલ ઉભા કરવામાં આવનાર છે, જેના થકી સ્વસહાય જૂથોને તેમના ઉત્પાદનો માટે સીધું બજાર મળી રહેશે તેમજ તેમના ઉત્પાદનોને વિશાળ ગ્રાહકવર્ગ સુધી પહોંચાડવાની તક મળશે.આ પ્રાદેશિક સરસ મેળામાં બનાસકાંઠા જિલ્લા ઉપરાંત ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મહિલા સ્વસહાય જૂથો ભાગ લેશે અને પોતાના ઉત્પાદનોનું વેચાણ કરશે. મેળા દ્વારા મહિલા સ્વસહાય જૂથોની આવકમાં વધારો થાય, તેમની કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળે તેમજ મહિલાઓને આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવામાં સહાય મળે તે દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.


---


ચાર પાંચ દિવસ થી રેલ્વે સ્ટેશનના ખૂણા માં પગ થી માંથા સુધી ઓઢીને પોતાની જાત ને બચાવી ને ભૂખી તરસી બેઠેલ પૃથા ને ઊંડે ઊંડે લાગતું હતું કે એનો પતિ ભૂલ સમજાતા એને લેવા આવશે..કદાચ આવશે..કેમ? ભલે એ એનું શરીર એના શારીરિક સુખ ને લાયક રહ્યું નથી પણ છેલ્લા ત્રીસ વર્ષથી પતિ ને એની સેવાની આદત પડી ગઈ છે. માણસ નું મન કેટલું ભ્રમિત રહેતું હોય છે એને સમસ્યા માટે ક્યારેય લડવું જ નથી હોતું એટલે તો પરિસ્થિતિ થી ભગવા પ્રયત્નો કર્યા કરતું હોય છે.પુરુષ ના પ્રેમ નો અર્થ સ્ત્રી સમજી શકતી નથી એટલે તો મેનોપોઝ દરમિયાન અને બાદ એને પતિ ના એકાએક બદલાયેલા વર્તન થી દુઃખ થાય છે.પુરુષ ને એની પત્નીની સુંદરતા મેનોપોઝ બાદ આંખ ના કણા ની જેમ ખટક્યા કરતી હોય છે એટલે તો એ એનાથી દૂર રહેવા બહાનાઓ શોધ્યા કરતા હોય છે. આવું જ કંઈક ત્રીસ વર્ષ થી એના પતિ અજય અને એના પરિવાર ની થાક્યા વગર ચુપચાપ જવાબદારી નિભાવતી પૃથા સાથે થયું છે.
સતત ચાર દિવસ થી રેલ્વે સ્ટેશન ના ખૂણા માં બેઠેલ પૃથા ની આંખો રડી રડી ને સોજી ગઈ હતી આખું શરીર તાવ થી ધખારા મારતું હતું. અર્ધ બેભાન અવસ્થા માં બેઠેલ પૃથા ને સામજિક સંસ્થા મારા ધબકાર ના કાર્યકરો એને ત્યાં લઈ ગઈ.
દસેક દિવસ બાદ પૃથા એ આંખો ખોલી ત્યારે પ્રથમ નજર એના ખાટલા પાસે સંસ્થા ના માલિક માલતી દેસાઈ પર પડતાં જ એ રડવા લાગી. માલતી દેસાઈ એ પૃથા નો હાથ મજબૂતી થી પકડતા કહ્યું કે બેટા,ચિંતા ન કર તું એકદમ સહી સલામત હાથ માં છો,આજ થી હું તારી બા છું શું તું મારી દીકરી બનીશ? પૃથા એ રડતા રડતા કહ્યું કે મને નવજીવન આપનાર પ્રેમાળ માતા ની દીકરી બનવાનો અવસર મળ્યો એને ઈશ્વર ની કૃપા સમજું છું. થોડા જ દિવસો માં પૃથા એ સંસ્થા માં રહેતા અનાથ બાળકોના શિક્ષણ



પૃથા ની વ્યથા
લેખક- રુપાલી દવે

થી લઈને બુઝુર્ગો ની સેવા ના કાર્ય માં ખુદ ને વ્યસ્ત કરી દીધી.અંગ્રેજી વાંચતા લખતા આવડતું હતું એટલે માલતી બા સાથે રહીને એણે બીજા પણ ઘણા કામો ને પોતાની સૂઝ બુઝ થી સુલઝાવ્યા.
મારા ધબકાર માં દિવસો..બાદ મહિનાઓ..મહિનાઓ બાદ ઘણા વરસો પલક ઝબકતા પસાર થઈ ગયા. ત્રેપન વર્ષે માલતી બા ની સામાજિક સંસ્થા "મારા ધબકાર" માં આવેલ પૃથા ને જોતજોતા માં ૬૫ વર્ષ પૂરા થઈ ગયા. મારા ધબકાર સંસ્થા ના અનાથ બાળકો એ પૃથા મમ્મી ના ૬૫માં જન્મ દિવસ ને ખાસ બનાવવા આયોજન કર્યું હતું.
માલતી બા એ સામે બેઠેલ પૃથા ને પૂછ્યું કે બેટા,આજ ના દિવસે તને દુઃખી તો ન કરવી જોઈએ પણ મારા મનમાં પ્રશ્ન થાય છે કે તારો પતિ તો ક્રૂર હશેજ ત્યારે તો પત્ની ને નોધારી મૂકવાનો અધમ પ્રયાસ કર્યો હતો પણ બાળકો?
પૃથા એ સહેજ સ્મિત કરતા કહ્યું કે બા,તમારી પૃથા ની કુખે બાળકો તો જન્માવ્યા હતા પણ મારા બાળકો ને એની મમ્મી સ્માર્ટ અને ફેશનેબલ નહતી લાગતી એટલે તો મધુ ને મમ્મી માનતા હતા.
કોણ મધુ?
મારા પતિ ની ઓફિસ માં નોકરી કરતી ૪૦ વર્ષની કુંવારી સ્માર્ટ અને ફેશનેબલ સ્ત્રી નું નામ મધુ છે.
ઓહ..
બા, સારું કર્યું એ દિવસે મારા પતિ ને બદલે તમારા પાસે આવવા નું થયું નહિતર..નહિતર..એ લોકોનો મને ભગાડવા નો બીજો પ્રયાસ આના કરતા પણ જોખમી હોત.
રડમસ અવાજે ધીમેથી માલતી બા બોલ્યા કે ભગવાન ને ખબર હતી કે હું મારી સ્વર્ગવાસી દીકરી ગૌરી ને ખૂબ ઝંખતી હતી એટલે જ પૃથા ના સ્વરૂપે ગૌરી મારા જીવન માં પરત ફરી છે. દોડીને માલતી બા ને પ્રેમ થી ભેટતા પૃથા બોલી કે મારી બા.. તું ચિંતા ન કર તને છોડી ને ક્યાંય જવાની નથી..
એવું નહતું કે પૃથા ના પતિ એ એની શોધ ખોળ નહતી કરી..કરી હતી. મોટા દીકરા નયન અને દીકરી રાધિકા એ નાના મોટા ઘર ના કામો કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. ઘર માં ક્યાંય પૃથા ન દેખાતા વરસો થી કામ કરતી કામવાળી કામ છોડી ને નીકળી ગઈ. પંદર વર્ષ થી ઘર માં હક થી પૃથા ના પતિ ની પ્રેયસી બની ને રહેતી મધુ એ પોતાની સુંદરતા અને સ્માર્ટનેસ ઓછી થઈ જાય તેવું બહાનું આપીને રસોઈ અને ઘર કામ કરવાની પ્રેમથી મનાઈ ફરમાવી દીધી. નાના શહેરો માં બદનામી નામનું કલંક જે ઘર પર લાગે ત્યાં કામવાળા તો શું પડોશીઓ પણ ડોકિયું કરતા નથી. ગામ વાળા ના મુખે એકજ પ્રશ્ન રમતો હતો કે પૃથા ને ક્યાં મૂકી આવ્યા?
બે ત્રણ વાર તો પૃથા ના પિયર વાળા પણ દીકરી ની પૂછ પરછ માટે આવ્યા હતા પણ એ લોકો ને પૃથા ના પતિ એ જેમતેમ કરી ને સમજાવી ને મોકલી દીધા. પાંચેક દિવસ બાદ પૃથા ના પતિ ને પોતાની ભૂલ સમજાતા એ ફરી રેલ્વે સ્ટેશન ના ખૂણે એને શોધવા આવ્યો હતો પણ પત્ની ન મળતા ગભરાઈ ને પરત ફર્યો હતો. શું કરવું સમજાતું નહતું એટલે અંતે પૃથા ના પતિ એ પ્રેયસી મધુ ની પ્રેરણા થી સાસરિયા અને ગામવાળાને ઘર છોડી ને પત્ની ભાગી ગઈ છે એવા સમાચાર વહેતા મૂકી દીધા..
એના પતિ ના જીવન માંથી પ્રેયસી મધુ એ એકાદ વર્ષ માંજ અલવિદા બોલી ને બીજા બંદર નો હાથ પકડી લીધો.
નયન અને રાધિકા ને મમ્મીનાં પ્રેમ અને સેવા ની કદર ખૂબ થવા લાગી હતી પણ રેલ્વે સ્ટેશન પર મમ્મી ને મૂકી આવવાનો આઈડિયા એમણે જ પપ્પા ને આપ્યો હતો એટલે..એ દિવસે મધુ પ્રેમ માં ત્રણેય કરેલ નિર્ણય એ ત્રણેય નું વર્તમાન ધૂંધળું અને નિરર્થક બનાવી દીધું હતું.
અચાનક દૈનિક સમાચાર પત્રક ના પ્રથમ પાના પર મારા ધબકાર સામાજિક સંસ્થા ના સંચાલક માલતી બા સાથે જાણીતા ચહેરા નો ફોટો જોતાજ આખા શહેર માં "પૃથા" ના ચહેરા ની ઓળખ તાજી થઈ..ખાસ કરીને પૃથા ના દીકરા,દીકરી અને પતિ ન્યૂઝ પેપર પર પૃથા ને જોતાજ ખુશ ખુશાલ થઈ ગયા..પણ..પણ.ત્રણેય માં પોતાના પાપ નો હિસાબ પૃથા ને આપવાની તાકાત નહતી.. ક્યારેક ક્યારેક કાર માં આવતી જતી પૃથા ને ત્રણેય છુપાઈ ને જોતા હતા પણ એની નજીક જવાની હિંમત નહતી..
ઘણીવાર મારા ધબકાર સંસ્થામાં પૃથા ના ભાઈ ભાભી અને માતાજી મળવા આવતા ત્યારે તેને પૂછતા હતા કે તું જવાબદારી થી ભાગે એવી નથી,અમે જાણીએ છીએ કે જમાઈ એ જ કુલટા મધુના કહેવાથી વિના વિચાર્યે તને કાઢી મૂકી હશે..સાચું?
મંદ મંદ હાસ્ય માં પૃથા મૌન ધારણ કરવાનું ઉચિત સમજતી હતી.. ભૂતકાળ ને વખોડવા કરતા વર્તમાન ની ખુશી માં જીવવા નો આનંદ જ ખાસ હોય છે..





# રણવીરે 1000 દીકરીઓના શિક્ષણનો સંકલ્પ લીધો

## લાલબાગચા રાજાના દર્શને પહોંચ્યા; કહ્યું- આશા છે, તેનાથી બાપ્પા પ્રસન્ન થશે

(એજન્સી) મુંબઈ | તા.18

અભિનેતા રણવીર સિંહે મુંબઈના પ્રસિદ્ધ લાલબાગચા રાજા પંડાલમાં પહોંચીને ગણપતિ બાપ્પાનાં દર્શન કર્યા. આ દરમિયાન તેમણે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ 1000 દીકરીઓના શિક્ષણમાં મદદ કરવાનો સંકલ્પ લીધો. તેમણે કહ્યું કે બાપ્પાના આશીર્વાદ લઈને આગળની સફર માટે તેમના આશીર્વાદ માગ્યા.



રણવીર સિંહ ગત રાત્રે સફેદ કુર્તા-પાયજામામાં લાલબાગચા રાજાનાં દર્શન કરવા પહોંચ્યા હતા. એક મીડિયાને આપેલાં ઈન્ટરવ્યુમાં તેમણે બાપ્પા સમક્ષ લીધેલા પોતાના સંકલ્પ વિશે જણાવ્યું.

રણવીરે કહ્યું, "અહીં આવીને ખૂબ સારું લાગી રહ્યું છે. પસાર થયેલું વર્ષ મારા માટે અને મારા પરિવાર માટે બાપ્પાની કૃપાથી ખુશીઓથી ભરેલું રહ્યું છે. તેથી અહીં તેમના દર્શન કરવા, તેમનો આભાર માનવા અને આગળની સફર માટે, જીવનની સફર માટે તેમનાં આશીર્વાદ લેવા આવ્યા છીએ."

તેમણે આગળ કહ્યું, "આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે, હું સેવા સંકલ્પ અભિયાન સાથે જોડાઈને એક હજાર દીકરીઓના અભ્યાસમાં મદદ કરવાનો સંકલ્પ લઉં છું. આશા છે કે તેનાથી બાપ્પા પ્રસન્ન થશે અને તેમનાં આશીર્વાદ હંમેશાં આપણા પર રહેશે. બસ, આભાર. જય ગણેશ. જય ગણેશ."

'સેવા સંકલ્પ અભિયાન' વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને જનસેવાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસર પર શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન 17 સપ્ટેમ્બરથી 17 ઑક્ટોબર સુધી ચાલશે. આ અંતર્ગત લોકો અલગ-અલગ પ્રકારની સેવા કરવાનો સંકલ્પ લઈ શકે છે. આલિયા અને રણબીર પણ અભિયાન સાથે જોડાયા છે

રણવીર ઉપરાંત આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પણ આ અભિયાન સાથે જોડાયેલા છે. બંનેએ 20 શાળાઓના પુનર્નિર્માણનો સંકલ્પ લીધો છે.

કામની વાત કરીએ તો રણવીર સિંહ આ દિવસોમાં જય મહેતાની ફિલ્મ 'પ્રલય'ના શૂટિંગમાં વ્યસ્ત છે. ફિલ્મનું શૂટિંગ હાલમાં મુંબઈમાં ચાલી રહ્યું છે. તેમાં તેમની સાથે દક્ષિણ ભારતીય અભિનેત્રી કલ્યાણી પ્રિયદર્શન જોવા મળશે.

# ગણેશોત્સવમાં પહોંચ્યા શાહરૂખ અને રણવીર સિંહ

## બંને અભિનેતાઓએ નીતા અંબાણી સાથે ગણપતિની આરતી કરી; પરંપરાગત પોશાકમાં જોવા મળ્યા

(એજન્સી) મુંબઈ | તા.18

મુંબઈમાં અંબાણી પરિવારના ઘર 'એન્ટીલિયા'માં આયોજિત ગણેશોત્સવમાં સામેલ થવા શાહરુખ ખાન અને રણવીર સિંહ પહોંચ્યા. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે.

આ વીડિયોમાં શાહરુખ અને રણવીર એકસાથે ગણપતિની આરતી કરતા જોવા મળી રહ્યા છે. બંને અભિનેતાઓ નીતા અંબાણી સાથે ઊભા રહીને પૂજા-અર્ચનામાં સામેલ થયા.

વીડિયોમાં રણવીર સિંહ સફેદ રંગના કુર્તા-પાયજામામાં જોવા મળી રહ્યા છે. જ્યારે શાહરુખ ખાને પણ તહેવારને અનુરૂપ સફેદ શર્ટ અને કાળા ટ્રાઉઝર પહેર્યા હતા. નીતા અંબાણી પરંપરાગત પોશાકમાં બંને અભિનેતાઓની નજીક ઊભા રહીને પ્રાર્થના કરતાં જોવા મળી રહ્યાં છે.

જ્યારે શાહરુખ ખાન એન્ટિલિયામાં અંદર જતા હોય અથવા પાપારાઝી સામે પોઝ આપતા હોય એવો કોઈ વીડિયો સામે આવ્યો નથી. તેઓ સીધા ગણેશ પંડાલમાં નીતા અંબાણી સાથે જોવા મળ્યા.

નીતા અને મુકેશ અંબાણીના આ ધાર્મિક આયોજનમાં દર વર્ષની જેમ આ વખતે પણ અનેક સેલેબ્સ પહોંચ્યા. આ યાદીમાં સલમાન ખાન, કેટરિના કૈફ, વિકી કૌશલ,



રણબીર કપૂર, આલિયા ભટ્ટ, રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખનાં નામ સામેલ છે. તેમના ઉપરાંત માધુરી દીક્ષિત, ડૉ. શ્રીરામ નેને, કૃતિ સેનન, કરણ જોહર, રેખા અને ખુશી કપૂર પણ બાપ્પાના આશીર્વાદ લેવા પહોંચ્યા.



# સલમાનના બૉડીગાર્ડથી બાળકને ધક્કો લાગ્યો...

## એક્ટરે જોયું તો બાળક સાથે મિલાવ્યો હાથ; બાપ્પાના દર્શન કરવા પહોંચ્યા હતા સલમાન

(એજન્સી) મુંબઈ | તા.18

સલમાન ખાન ગુરુવારે મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને ભાજપના નેતા આશિષ શેલારના મુંબઈ સ્થિત નિવાસસ્થાન અને પંડાલમાં બાપ્પાનાં દર્શન કરવા પહોંચ્યા હતા. ગણપતિ ઉત્સવમાં સામેલ થયા બાદ જ્યારે તેઓ બહાર નીકળવા લાગ્યા, ત્યારે ચાહકો અને પાપારાઝીની મોટી ભીડ એકઠી થઈ ગઈ.

આ દરમિયાન ભીડમાં ઊભેલા એક બાળકને ભૂલથી બોડીગાર્ડે ધક્કો મારી દીધો. સલમાને બાળકને જોયો તો તેની પાસે જઈને પ્રેમથી હાથ મિલાવ્યો. ભારે ભીડ વચ્ચે સલમાન લોકોને રસ્તો ખાલી કરવાનો ઈશારો કરતા જોવા મળ્યા, જેથી તેઓ ત્યાંથી નીકળી શકે.

સલમાન ખાન કાળા ટી-શર્ટ અને પેન્ટમાં આશિષ શેલારના ઘરે પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં ચાહકો અને મીડિયા કર્મચારીઓ તેમની આસપાસ એકઠા થઈ ગયા. સુરક્ષા ટીમે તેમને બહાર કાઢવા માટે રસ્તો બનાવવો પડ્યો.

કારમાં બેસતા પહેલાં સલમાને ભીડમાં હાજર અનેક બાળકોને જોયા. સુરક્ષાકર્મીઓ ભીડને નિયંત્રિત કરીને લોકોને અભિનેતાથી દૂર રાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સલમાને સુરક્ષાકર્મીઓને ભીડ સંભાળતી વખતે સાવચેતી રાખવા કહ્યું. સલમાને બાળકો સાથે થોડો સમય વાતચીત કરી.

સલમાન ખાન મુંબઈમાં ગણેશ ચતુર્થી સમારોહમાં સતત સામેલ થઈ રહ્યા છે. તેઓ પોતાના પરિવાર સાથે ગણપતિ ઉત્સવ અને પરંપરાગત આરતીમાં પણ સામેલ થયા હતા. અભિનેતા બાંદ્રામાં પોતાના ભાઈ સોહેલ ખાનના ઘરે પણ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેમણે પરિવાર સાથે ગણપતિ વિસર્જનમાં ભાગ લીધો હતો. સલમાન ખાન મંગળવારે ખાન પરિવારના ગણપતિ વિસર્જનમાં સામેલ થયા હતા. તેમણે પરિવાર સાથે બાપ્પાની આરતી કરી હતી. આ વખતે ખાન પરિવારે સોહેલ ખાનના ઘરે ગણેશ ચતુર્થીનું આયોજન કર્યું હતું.

વિસર્જન દરમિયાનનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં સલમાન ગણપતિ બાપ્પાની આરતી ખોટી દિશામાં કરતા જોવા મળ્યા હતા. થોડા સમય બાદ બહેન અર્પિતાએ તેમને ટોકીને સાચી રીત જણાવી, જેના તરત બાદ સલમાને પોતાની ભૂલ સુધારી લીધી.

સલમાન ખાનના પરિવારના ગણપતિ વિસર્જનમાં તેમની અફવા ચાલતી ગર્લફ્રેન્ડ યૂલિયા વંતૂર પણ પહોંચી હતી. સલમાનના તરત બાદ યૂલિયાએ આરતી કરી. અર્પિતા ખાન તેમને પણ આરતી શીખવતી જોવા મળી.

સોહેલ ખાનના બિલ્ડિંગ પરિસરમાં યોજાયેલા ગણેશ વિસર્જનમાં સમગ્ર ખાન પરિવાર સામેલ રહ્યો. સોહેલ ખાન અને અર્પિતા શર્માએ બાળકો સાથે આરતી કરી. જ્યારે હેલન અને અન્ય મહેમાનોએ પણ બાપ્પાનાં દર્શન કર્યા.

સલમાન ખાને ગણેશ ચતુર્થી નિમિત્તે પોતાનો લુક સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. તે સોહેલ ખાન અને અંબાણી પરિવારના ઘરે ગણેશ સ્થાપના બાદ બૅન્ડાના લુકમાં પહોંચ્યો.

વિસર્જનમાં આવો જ કંઈક મળતો-જુલતો લુક જોવા મળ્યો. તેમણે ટી-શર્ટ, હાફ લેધર જેકેટ સાથે વિન્ટર કેપ પહેરી હતી. સોહેલ ખાનના ઘરે વિસર્જનમાં પહોંચેલા સલમાનનું ધ્યાન સ્ટાફના ખોળામાં સૂઈ રહેલી એક બાળકી તરફ ગયું. સલમાન તેની પાસે ગયા અને બાળકીને વહાલ કર્યું.

**સલમાને અંબાણી પરિવારના ઘરે બાપ્પાના આશીર્વાદ લીધા હતા** સલમાન ખાન અંબાણી પરિવારના ગણપતિ સેલિબ્રેશનનો ભાગ બન્યા છે. આ દરમિયાન તેમણે બાપ્પાના આશીર્વાદ લીધા અને ભગવાનને ફૂલો અર્પણ કર્યા. સલમાન ખાને નવા લુક સાથે એન્ટિલિયામાં પ્રવેશ કર્યો અને તસવીરો પડાવી. થોડા સમય બાદ તેઓ ગણપતિની મૂર્તિ સામે જઈને આશીર્વાદ લીધા. પંડિતજીએ તેમને તિલક લગાવ્યું અને ખેસ પહેરાવ્યો. ત્યારબાદ સલમાને ગણપતિ બાપ્પાને પુષ્પો અર્પણ કર્યા.



# અહાન પાંડે-અનીત પડ્ડાની લવ સ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ

## ઓક્ટોબરમાં અંધેરીમાં સ્ટુડિયોમાં શૂટિંગ પૂરૂ કરી નવેમ્બરમાં ગોવામાં આઉટડોર શૂટિંગ શરૂ કરાશે

મુંબઇ : ૨૦૨૫ની હીટ લવસ્ટોરી' સૈયારા'ની જોડી અનિત પડ્ડા અને અહાન પાંડેને લઇ મોહિત સૂરીએ તેમની બીજી લવસ્ટોરીનું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ કરી દેશે. પહેલાં અંધેરીમાં આવેલાં વાયઆરએફ સ્ટુડિયોમાં ઓક્ટોબરથી ઈન્ડોર શૂટિંગ કરવામાં આવશે. એ પછી નવેમ્બરમાં આ ફિલ્મનું શૂટિંગ ગોવામાં શરૂ કરવામાં આવશે. નિર્માતાના અંદાજ અનુસાર ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બર સુધીમાં પુરૂ કરી લેવામાં આવશે.

દરમ્યાન અહાન પાંડેની અલી અબ્બાસ ઝફર નિર્દેશિત એક્શન ફિલ્મનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે. અનિત પડ્ડાએ ૨૦૨૪માં બીગ ગર્લ્સ ડોન્ટ ક્રાય નામની સિરિઝ કરી હતી એ પછી તેની સૈયારા ફિલ્મ સાથે ફિલ્મી જગતમાં એન્ટ્રી પડી હતી. હવે અનિત પડ્ડા અને અહાન પાંડેની જોડી એક પરિપક્વ લવ સ્ટોરીમાં કામ કરવાની છે. તે સાથે આ કલાકારો ફક્ત વન ફિલ્મ વંડર છે કે ખરેખર લાંબી રેસના ખેલાડી પુરવાર થાય છે તે પણ સાબિત થઈ જશે.

# 'રામ જન્મભૂમિના નિર્ણયથી દુઃખી થઈ' : સ્વરા ભાસ્કર

## 'હું હિંદુ છું પણ મને અફસોસ થયો'; આમિર, શાહરુખ અને સલમાન ખાનને મેસેજ કરીને માફી માગી

(એજન્સી) મુંબઈ | તા.18

અભિનેત્રી સ્વરા ભાસ્કરે તાજેતરમાં જણાવ્યું હતું કે વર્ષ 2019ના અયોધ્યા રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ તેઓ ખૂબ દુઃખી થઈ ગઈ હતી. સ્વરાએ જણાવ્યું કે નિર્ણય બાદ તેમણે પોતાના મોબાઈલમાં રહેલા મુસ્લિમ સંપર્કોને મેસેજ કરીને માફી માગી હતી.

વાસ્તવમાં, ધ મિડનાઈટ અવરને આપેલા ઈન્ટરવ્યૂમાં સ્વરા ભાસ્કર અને ફહાદ અહમદે પોતાની પ્રેમકહાની વિશે વાત કરી હતી. બંનેની પ્રેમકહાનીની શરૂઆત એક વિરોધપ્રદર્શનથી થઈ હતી, જ્યાં બંને પહેલીવાર મળ્યાં હતાં.

ત્યારબાદ બંને સતત સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર સાથે કામ કરવા લાગ્યાં. સ્વરાએ જણાવ્યું કે ફહાદની કામ કરવાની રીત તેમને ઘણી પસંદ આવી હતી.

ઈન્ટરવ્યૂમાં સ્વરા ભાસ્કરે કહ્યું, "અને પછી રામ જન્મભૂમિનો મુદ્દો આવ્યો. જ્યારે આ મામલે ચુકાદો આવ્યો હતો. મને લાગે છે કે તે પણ એક ખૂબ મોટો મુદ્દો હતો. તે ચુકાદાથી હું ખૂબ દુઃખી હતી. હું વિચારી રહી હતી કે આ કેવો દેશ છે અને આવો ચુકાદો કેવી રીતે આવી શકે?"

તેમણે આગળ કહ્યું, "હું તે ચુકાદાથી ખૂબ પરેશાન હતી, કારણ કે મને લાગ્યું કે તે ખૂબ ખોટો અને અન્યાયપૂર્ણ હતો. તેથી મેં મારી ફોનબુકમાં રહેલા તમામ મુસ્લિમ લોકોને મેસેજ કર્યો. આમિર ખાન, શાહરુખ ખાન અને સલમાન સરથી લઈને ફહાદ અહમદ સુધી, મેં બધાને મેસેજ કર્યો."

અભિનેત્રીએ વધુમાં કહ્યું, "હું ખૂબ દુઃખી હતી અને બસ તમામ મુસ્લિમ લોકો સુધી મારી વાત પહોંચાડવા માગતી હતી. હું હિંદુ છું, પરંતુ હું તેમને જણાવવા માગતી હતી કે મને આ વાતનો ખરેખર અફસોસ છે. મને શરમ અનુભવી રહી હતી અને હું આ નિર્ણય સાથે સહમત નથી. આ મારી પોતાની વિચારધારા છે. જોકે, કેટલાક લોકોએ જવાબમાં કહ્યું કે બધું ઠીક છે અને મારે આ પ્રકારનો સંદેશ મોકલવાની જરૂર નથી."

આ પછી સ્વરા અને ફહાદ વચ્ચેની વાતચીત વધુ વધતી ગઈ. જ્યારે પણ દેશમાં કોઈ મોટો મુદ્દો બનતો, ત્યારે બંને મળીને તેના પર ચર્ચા કરતા હતા.


અયોધ્યા ભૂમિ વિવાદમાં સુપ્રીમ કોર્ટે નવેમ્બર 2019માં ચુકાદો આપતાં વિવાદિત 2.77 એકર જમીન રામ મંદિરના નિર્માણ માટે આપવાનો આદેશ આપ્યો હતો. સાથે જ મુસ્લિમ પક્ષને અયોધ્યામાં જ 5 એકર વૈકલ્પિક જમીન આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.



વર્ષ 2020માં પણ અભિનેત્રી સ્વરા ભાસ્કર અયોધ્યા જન્મભૂમિ મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે કરેલી પોતાની ટિપ્પણીને લઈને વિવાદોમાં આવી હતી.

હકીકતમાં, 1 ફેબ્રુઆરી 2020ના રોજ મુંબઈ કલેક્ટિવના એક કાર્યક્રમમાં સ્વરાએ અયોધ્યા ચુકાદા પર સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદના ધ્વંસને ગેરકાયદેસર માન્યો, પરંતુ એ જ ચુકાદામાં મસ્જિદ તોડી પાડનારાઓને જમીન આપી દીધી.







# સલમાનની મજાક ઉડાવતા જોવા મળ્યા સોનુ નિગમ

(એજન્સી) મુંબઈ | તા.18

બોલિવૂડ સિંગર સોનૂ નિગમનો એક એડિટેડ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ ટીવી પર 'મૈં હું હીરો તેરા' ગીત ગાઈ રહેલા સલમાન ખાનની સિંગિંગની મજાક ઉડાવતા દેખાઈ રહ્યા છે.

આ ક્લિપમાં સોનૂ માથું પકડીને અને એવું કહેતા નજરે પડે છે કે આવી સિંગિંગ સાંભળીને તેઓ રડી પડશે. વીડિયો પર વિવાદ વધતો જોઈ સોનૂ નિગમે પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને આ વાયરલ વીડિયોનું સત્ય સામે રાખ્યું છે.

તેમણે સ્પષ્ટ કર્યું કે ઈન્ટરનેટ પર કંઈ પણ બતાવી શકાય છે અને આ વીડિયો એડિટ કરીને બનાવવામાં આવ્યો છે. હકીકતમાં તેઓ કોઈની મજાક ઉડાવી રહ્યા નહોતા, પરંતુ એક પાકિસ્તાની બાળકીની સિંગિગથી પ્રભાવિત થઈને રડી પડ્યા હતા.

સોનુ નિગમે સ્પષ્ટ કર્યું કે સલમાન ખાન સાથે જોડીને શેર કરવામાં આવી રહેલો વીડિયો વર્ષ 2020નો છે. તે સમયે અભિનેતા જાવેદ જાફરીએ સોનુને નેસ્કેફે બેઝમેન્ટના ગીત 'બોલ હૂ'નો એક વીડિયો મોકલ્યો હતો, જેમાં નાની બાળકી હાદિયા હાશમીએ આલાપ ગાયો હતો.

હાદિયાની ગાયકી સાંભળીને સોનુ એટલા ભાવુક થઈ ગયા હતા કે તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા. તે જ દરમિયાન તેમણે બાળકીની પ્રશંસામાં એક વીડિયો બનાવીને શેર કર્યો હતો. હવે કેટલાક લોકોએ એ જૂના વીડિયોને સલમાન ખાનના ટીવી પર આપેલા પરફોર્મન્સ સાથે એડિટ કરીને વાયરલ કરી દીધો છે.

સોનુ નિગમની સ્પષ્ટતા કરતી પોસ્ટ પર ગાયક અનીશ મેથ્યુઝે પણ કમેન્ટ કરીને એડિટેડ વીડિયોની સચ્ચાઈની પુષ્ટિ કરી.

અનીશે લખ્યું કે તેમને સારી રીતે યાદ છે કે સોનુજીની આ પ્રતિક્રિયા 'નેસ્કાફે બેસમેન્ટ'ના ગીત 'બોલ હૂ'માં નાની બાળકી હાદિયા હાશમીના આલાપ પર હતી. અન્ય યુઝર્સે પણ લખ્યું કે ઈન્ટરનેટ પર વ્યૂઝ અને ટ્રોલિંગ માટે કોઈપણ વીડિયોનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ સમગ્ર મામલો સલમાન ખાન ફિલ્મ્સ (SKF)ની એક સોશિયલ મીડિયા પોસ્ટ બાદ શરૂ થયો હતો. ફિલ્મ 'હીરો'ને 10 વર્ષ પૂર્ણ થવા પર નિર્માતાઓએ સલમાન દ્વારા ગવાયેલા ગીત 'મૈં હૂ હીરો તેરા'ને લઈને એક પોસ્ટ શેર કરી હતી, જેમાં મ્યુઝિક કમ્પોઝર અમાલ મલિકનું નામ લખવામાં આવ્યું ન હતું. અમાલે સોશિયલ મીડિયા પર ક્રેડિટ ન મળવા બદલ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. જોકે બાદમાં નિર્માતાઓએ પોસ્ટ એડિટ કરીને અમાલનું નામ સામેલ કરી લીધું હતું. પરંતુ ત્યાર બાદ સલમાનના ચાહકોએ અમાલ અને તેમના ભાઈ અરમાન મલિકને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## અંજુ બોબી જ્યોર્જે ભારત માટે એશિયન ગેમ્સમાં 30-32 એથ્લેટિક્સ મેડલ જીતવાની વ્યક્ત કરી આશા



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

આગામી એચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬ને લઈને ભારતીય એથ્લેટિક્સ જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI) ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને દેશના દિગ્ગજ એથ્લીટ અંજુ બોબી જ્યોર્જે એક નિવેદનમાં દાવો કર્યો છે કે ભારત એશિયન ગેમ્સમાં ૩૦ થી ૩૨ એથ્લેટિક્સ મેડલ જીતવામાં સફળ રહેશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારતીય ખેલાડીઓ અગાઉના હાંગઝોઉ એશિયન ગેમ્સના ૨૯ મેડલના રેકોર્ડને આસાનીથી વટાવીને નવો ઈતિહાસ રચશે.

વર્ચ્યુઅલ માધ્યમથી થયેલી વાતચીતમાં અંજુ બોબી જ્યોર્જે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે આ ભારતીય એથ્લેટિક્સનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે. તેમણે કહ્યું, "એક પ્રશાસક તરીકે હું આ ભૂમિકાને માણી રહી છું. આપણે વર્લ્ડ લેવલ પર અનેક મેડલ જીત્યા છે અને મોટાભાગની ઈવેન્ટ્સમાં આપણું પ્રદર્શન શાનદાર રહ્યું છે. આપણે જે લક્ષ્ય રાખ્યું હતું તે હાંસલ કર્યું છે, અને ૩૦ થી ૩૨ મેડલનો આ આંકડો તદ્દન વાસ્તવિક છે."

પોતાના જમાનાની દિગ્ગજ લોંગ જમ્પર રહી ચૂકેલી અંજુએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે મહિલાઓની લોંગ જમ્પ સ્પર્ધામાં અન્સી સોજન અને શૈલી સિંહ શાનદાર પ્રદર્શન કરશે અને એશિયન ગેમ્સમાં ટોચના બે સ્થાન હાસલ કરશે. ઉલ્લેખનીય છે કે જૂન મહિનામાં ભુવનેશ્વર ખાતે ઈન્ટર-સ્ટેટ મીટમાં ૨૫ વર્ષીય અન્સી સોજને ૬.૮૮ મીટરના જમ્પ સાથે અંજુ બોબી જ્યોર્જ ૨૦૦૪ એથેન્સ ઓલિમ્પિક્સનો ૬.૮૩ મીટરનો જૂનો રેકોર્ડ તોડ્યો હતો. અંજુએ કહ્યું કે બંને ખેલાડીઓ એકબીજાને પડકાર આપી રહી છે અને આ સ્પર્ધા તેમને વધુ બેહતર બનાવી રહી છે.

**ક્રિકેટના મેદાનમાં અદભૂત નજારો!**

# 3-0થી હારેલી અફઘાની ટીમનો કેપ્ટન ભારતીયોની ઉજવણીમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના ક્રિકેટ સંબંધો હંમેશાંથી અત્યંત સૌહાર્દપૂર્ણ અને મૈત્રીપૂર્ણ રહ્યા છે. તાજેતરમાં રમાયેલી ટી-20 સીરિઝમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને અફઘાનિસ્તાનને ૩-૦થી ક્લીન સ્વીપ કરી લીધું છે. આ સીરિઝની છેલ્લી અને ત્રીજી ટી-20 મેચ રાજધાની દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં ભારતે ૧૨૭ રનોના વિશાળ અંતરે ભવ્ય વિજય મેળવ્યો હતો. આ ભવ્ય જીત બાદ ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ખેલદિલીનું જે અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેની ચર્ચા આજે ચારેય તરફ થઈ રહી છે.

સીરિઝ ગુમાવવાના કારણે અફઘાનિસ્તાનના કેપ્ટન ઈબ્રાહિમ જાદરાન ખૂબ જ નિરાશ હતા. આવા મુશ્કેલ સમયે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ટ્રોફી સેલિબ્રેશન દરમિયાન અફઘાનિસ્તાનના કેપ્ટનને પોતાની સાથે સ્ટેજ પર આમંત્રિત કર્યા અને તેમની હોંસલા અફજાઈ કરી હતી. અય્યરે માત્ર તેમને ટ્રોફી સાથેની વિજયી ઉજવણીમાં સામેલ જ ન કર્યા, પરંતુ તેમની સાથે ફોટા પણ ક્લિક કરાવ્યા હતા. અય્યરના આ વર્તનની સરખામણી ભૂતકાળમાં ભારતીય ખેલાડી અજિંક્ય રહાણે દ્વારા




બતાવાયેલી ખેલદિલી સાથે કરવામાં આવી રહી છે, જ્યારે અગાઉ અફઘાનિસ્તાને તેની પહેલી ટેસ્ટ મેચ ભારત વિરુદ્ધ રમી હતી ત્યારે પણ ભારતીય ટીમે આવો જ મૈત્રીપૂર્ણ સહયોગ આપ્યો હતો.

આ આખરી ટી-20 મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં ૨૨૨ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. ભારત તરફથી ઓપનર અભિષેક શર્માએ માત્ર ૩૦ બોલમાં જ વિસ્ફોટક સદી ફટકારીને ટેસ્ટ પ્લેઈંગ નેશનના ખેલાડી તરીકે સૌથી ઝડપી ટી-20 સદી નોંધાવવાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેમણે કુલ ૧૦૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેમની સાથે ઓપનિંગ કરતા સંજૂ સેમસને પણ પોતાની સતત બીજી ફિફ્ટી ફટકારીને ટીમને મજબૂત સ્થિતિ આપી હતી.


સામે પક્ષે, ૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની પૂરી ટીમ માત્ર ૯૪ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ટી-20 ક્રિકેટના ઈતિહાસમાં અફઘાનિસ્તાનની આ સૌથી મોટી હાર છે.

ભારત તરફથી બોલિંગમાં નીતિશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ ૩-૩ વિકેટ ઝડપીને વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. શાનદાર સદી ફટકારવા બદલ અભિષેક શર્માને 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ સીરિઝ'ના ખિતાબથી નવાજવામાં આવ્યા હતા. જોકે, મેચ અને સીરિઝની આ જીત કરતાં પણ શ્રેયસ અય્યર દ્વારા અફઘાનિસ્તાની કેપ્ટનને આપવામાં આવેલું માન-સન્માન આખી સીરિઝનું સૌથી મોટું અને યાદગાર આકર્ષણ બની રહ્યું હતું.

# ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટરની રેસમાં આ ગુજરાતી દિગ્ગજનું નામ! અજિત અગરકરની વિદાય નક્કી

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) માં ટૂંક સમયમાં જ મોટા ફેરફારો જોવા મળી શકે છે. ટીમ ઈન્ડિયાના વર્તમાન ચીફ સિલેક્ટર અજીત આગરકરનો કાર્યકાળ આ જ મહિને પૂરો થઈ રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, તેમને કાર્યકાળમાં આગળ એક્સટેન્શન મળવાની શક્યતાઓ ખૂબ જ ઓછી છે. BCCI ની વાર્ષિક સામાન્ય સભા યોજાવાની છે, જ્યારે આગરકરે અગાઉ જ બુધવારે મળેલી મહત્ત્વપૂર્ણ પસંદગી બેઠકની અધ્યક્ષતા કરી લીધી હતી. તેમની અધ્યક્ષતાવાળી આ સિલેક્શન કમિટીએ વેસ્ટ ઈન્ડીઝ સામેની વાઈટ-બૉલ સીરિઝ અને ઈરાની ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે.




પૂર્વ ફાસ્ટ બોલર અજીત આગરકરને જુલાઈ ૨૦૨૩માં ટીમ ઈન્ડિયાની સિલેક્શન કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા હતા. તેમના આ કાર્યકાળ દરમિયાન ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કરતા ૩ મોટા ખિતાબ પોતાના નામે કર્યા હતા. જેમાં ૨૦૨૪નો ટી-૨૦ વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ટીમ ઈન્ડિયા ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ સુધી પણ પહોંચી હતી. ભારતીય ક્રિકેટમાં સકારાત્મક બદલાવ લાવવાની દ્રષ્ટિએ તેમનો આ કાર્યકાળ અત્યંત સફળ અને મહત્ત્વપૂર્ણ રહ્યો છે.

અજીત આગરકરનો કાર્યકાળ પૂરો થયા બાદ ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર કોણ બનશે તેને લઈને અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. એક વિશ્વસનીય સૂત્રના જણાવ્યા અનુસાર, ભારતના પૂર્વ વિકેટકીપર અને ગુજરાતના દિગ્ગજ ખેલાડી પાર્થિવ પટેલ તેમજ પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝા અજીત આગરકરની જગ્યા લેવા માટે રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે.

આ બંને પૂર્વ ખેલાડીઓ IPL માં ૩-૩ વખત ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે, જેનો સમૃદ્ધ અનુભવ તેમની પાસે છે. પાર્થિવ પટેલે ભારત માટે ૨૫ ટેસ્ટ, ૩૮ વનડે અને ૨ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચો રમીને ૧૭૦૦ થી વધુ રન બનાવ્યા છે, જ્યારે પ્રજ્ઞાન ઓઝાએ ૨૪ ટેસ્ટ, ૧૮ વનડે અને ૬ ટી-૨૦ ઈન્ટરનેશનલ રમીને ૧૪૦ થી વધુ વિકેટો ઝડપી છે.

## ક્રિકેટર પૃથ્વી શૉની લવ લાઈફમાં મોટો ઝટકો

### મંગેતર આકૃતિ અગ્રવાલે સંબંધ તોડ્યો, પોસ્ટ વાયરલ



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતીય ક્રિકેટ ટીમમાંથી લાંબા સમયથી બહાર ચાલી રહેલા યુવા ઓપનિંગ બેટ્સમેન પૃથ્વી શૉની વ્યાવસાયિક કારકિર્દી સાથે હવે તેમની અંગત જિંદગીમાં પણ મોટી મુશ્કેલીઓ અને આંચકાઓ સામે આવી રહ્યા છે. પૃથ્વી શૉ ફરી એકવાર પોતાના અંગત સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. તેમની મંગેતર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તથા અભિનેત્રી આકૃતિ અગ્રવાલે ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરીને સગાઈ તૂટી ગઈ હોવાની સત્તાવાર માહિતી આપી છે. આકૃતિ અગ્રવાલે પોતાની આ પોસ્ટમાં લખ્યું છે કે, 'અત્યંત ભારે હૈયે મારે જણાવવું પડી રહ્યું છે કે મેં અને મારા મંગેતરે ભવિષ્યના અલગ-અલગ લક્ષ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે એકબીજાને ઘણો પ્રેમ અને આદર આપીએ છીએ, છતાં અમે એ વાસ્તવિકતા સ્વીકારી લીધી છે કે અમારા રસ્તા સાથે ચાલવા માટે નથી બન્યા. અમારી અંગત જવાબદારીઓ અને વર્તમાન પરિસ્થિતિઓને જોતાં પરસ્પર સહમતિથી સંબંધનો અંત લાવવાનું નક્કી કર્યું છે.' ઉલ્લેખનીય છે કે પૃથ્વી શૉ અને આકૃતિ અગ્રવાલના ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ સગાઈના સમાચાર સામે આવ્યા હતા, અને છેલ્લા કેટલાક દિવસોથી બંને વચ્ચે અણબનાવ હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી જેને આ પોસ્ટે સાબિત કરી દીધી છે.

૨૬ વર્ષીય આ ક્રિકેટરને એક સમયે ભારતીય ક્રિકેટનો આગામી મહાન સુપરસ્ટાર માનવામાં આવતો હતો. તેમણે ૨૦૧૮માં માત્ર ૧૮ વર્ષની નાની ઉંમરે વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાના ડેબ્યૂ ટેસ્ટ મેચમાં જ શાનદાર સદી ફટકારીને સનસનાટી મચાવી દીધી હતી. જો કે, ત્યારપછી ખરાબ ફોર્મ, ખરાબ ફિટનેસ અને અન્ય વિવાદોના કારણે તેઓ રાષ્ટ્રીય ટીમમાંથી બહાર થઈ ગયા હતા. હાલના સમયમાં તેઓ સ્થાનિક ક્રિકેટ તેમજ આઈપીએલ (IPL) જેવી મોટી સ્પર્ધાઓમાં પણ પોતાની વાપસી કરવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે અંગત જીવનમાં આવેલા આ ઝટકાએ તેમની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે.

**એચી-નાગોયા એશિયન ગેમ્સ માટે**

## 11 સભ્યોની ભારતીય બોક્સિંગ ટીમની જાહેરાત




(એજન્સી) નવી દિલ્હી । તા. 18

આગામી ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનના એચી-નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ૧૧ સભ્યોની મજબૂત ભારતીય બોક્સિંગ ટુકડીની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને આત્મવિશ્વાસથી છલકાતી ભારતીય બોક્સિંગ ટીમ આ વખતે એશિયન ગેમ્સમાં પણ નવો ઈતિહાસ રચવાના ઈરાદા સાથે રિંગમાં ઉતરશે.

ભારતીય બોક્સિંગ ટીમે તાજેતરમાં જ પૂર્ણ થયેલી ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સમાં ૭ ગોલ્ડ અને ૩ સિલ્વર મેડલ સહિત કુલ ૧૦ મેડલ જીતીને રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું હતું. આ ભવ્ય સફળતા બાદ ભારતીય બોક્સર્સનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ચરમસીમા પર છે. એશિયન ગેમ્સ માટે પસંદ કરવામાં આવેલા ૧૧ બોક્સર્સમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે મેડલ જીતનાર દિગ્ગજ ખેલાડીઓ મુખ્ય આકર્ષણ રહેશે. એશિયન ગેમ્સ ૨૦૨૬ માટેની ૧૧ સભ્યોની આ ટુકડીમાં સચિન સિવાચ, પ્રીતિ પવાર, સાક્ષી ચૌધરી, અંકુશ પંગહાલ અને પ્રિયા ઘંઘાસનો સમાવેશ થાય છે, જેમણે કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું હતું. આ ઉપરાંત, સિલ્વર મેડલ વિજેતા ઓલિમ્પિક પદક વિજેતા લવલીના બોરગોહેન, જાદુમણી સિંહ અને નરેન્દર બેરવાલ પણ આ ટીમનો મહત્વનો હિસ્સો છે. અગાઉની એશિયન ગેમ્સની વાત કરીએ તો, ભારતે બોક્સિંગમાં એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સહિત કુલ ત્રણ સત્તાવાર મેડલ જીત્યા હતા.

**દેશનું પ્રતિનિધિત્વ ન કરી શકવું ખૂબ જ મુશ્કેલ છે, ચાહકોને પાઠવી શુભેચ્છાઓ**


# એશિયન ગેમ્સમાંથી બહાર થયા નીરજ ચોપરા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર અને બે વખતના ઓલિમ્પિક પદક વિજેતા નીરજ ચોપરાને લઈને એક મોટા અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. નીરજ ચોપરા પગની ગંભીર ઈજા (એન્કલ લિગામેન્ટ ઈન્જરી) ના કારણે આગામી એશિયન ગેમ્સ ૨૦૨૬માંથી સત્તાવાર રીતે બહાર થઈ ગયા છે. પોતાની આ ઈજા અને એશિયન ગેમ્સ ગુમાવવાની વાસ્તવિકતા વિશે નીરજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લિંક્ડઈન પર એક અત્યંત ભાવનાત્મક નોટ શેર કરી છે, જે હાલ ખૂબ વાયરલ થઈ રહી છે.

નીરજ ચોપરાની છેલ્લી સ્પર્ધાત્મક રમત લૌસાન ડાયમંડ લીગમાં રહી હતી, જ્યાં તેમણે ૮૮.૦૫ મીટરના પોતાના સિઝન-બેસ્ટ થ્રો સાથે બીજું સ્થાન મેળવ્યું હતું. ૨૮ વર્ષીય નીરજ એશિયન ગેમ્સના બે વખતના ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, જેમણે ૨૦૧૮માં જકાર્તા અને ૨૦૨૩માં હાંગઝોઉ એશિયન ગેમ્સમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યા હતા. આ ઉપરાંત તેઓ ૨૦૧૮ના એશિયન ગેમ્સમાં ભારતના ધ્વજવાહક પણ રહ્યા હતા. પોતાની પોસ્ટમાં નીરજ ચોપરાએ લખ્યું, "એશિયન ગેમ્સ મને મારી કારકિર્દીની કેટલીક સૌથી ખાસ ક્ષણો આપી છે, અને આ સિઝનમાં ભારતનું પ્રતિનિધિત્વ ન કરી શકવું મારા માટે ખૂબ જ મુશ્કેલ છે." તેમણે નાગોયા ખાતે જઈ રહેલા ભારતીય ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા ઉમેર્યું કે તેઓ દલ સાથે ચાલવાનું ચૂકી જશે પરંતુ પૂરા જોશથી બધાનું સમર્થન કરશે.

તાજેતરના વર્ષોમાં નીરજને અનેક ફિટનેસ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. ૨૦૧૯માં તેમની કોણીની સર્જરી થઈ હતી, ૨૦૨૨માં ગ્રોઈન ઈજાના કારણે તેઓ કોમનવેલ્થ ગેમ્સથી દૂર રહ્યા હતા, જ્યારે ૨૦૨૩ અને ૨૦૨૪માં પણ મસલ સ્ટ્રેઈન અને એડક્ટરની સમસ્યાઓ નડી હતી. આ વખતે એન્કલ લિગામેન્ટ ઈજાના કારણે તેમને આ દર્દનાક નિર્ણય લેવો પડ્યો છે.




**એશિયન ગેમ્સ 2026 માટે ભારતનું કબડ્ડી સ્ક્વોડ**

## એચી-નાગોયા એશિયન ગેમ્સ માટે મજબૂત ભારતીય કબડ્ડી ટીમોની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

આગામી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતીય ઓલિમ્પિક અને સ્પોર્ટ્સ જગતમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જાપાનના એચી-નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સ માટે ભારતીય પુરૂષ અને મહિલા કબડ્ડી ટીમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતીય કબડ્ડી ટીમ આ મહાકુંભમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરશે અને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા પૂરી રીતે તૈયાર છે.

અગાઉ ૨૦૨૩માં ચીનના હાંગઝોઉ ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતીય પુરૂષ ટીમે રોમાંચક મુકાબલામાં ઈરાનને ૩૩-૨૯થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે મહિલા ટીમે પણ ચાઈનીઝ તાઈપેઈને ૨૬-૨૫થી હરાવીને પીળો પદક (ગોલ્ડ મેડલ) પોતાના નામે કર્યો હતો. એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારત સૌથી સફળ કબડ્ડી રાષ્ટ્ર રહ્યું છે, જ્યાં પુરૂષ વર્ગમાં ૮ અને મહિલા વર્ગમાં ૩ ગોલ્ડ મેડલ ભારતના નામે છે. માત્ર ૨૦૧૮ના જકાર્તા-પાલંબર્ગ એશિયન ગેમ્સને બાદ કરતા ભારતે હંમેશાં કબડ્ડીમાં સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે.

ભારતીય પુરૂષ કબડ્ડી ટીમ: અંકિત, દેવાંક દલાલ, રાહુલ સતપાલ, સુમિત, જયદીપ, અયન, અર્જુન દેશવાલ, અસલમ ઈનામદાર, ગૌરવ ખત્રી, સુનીલ કુમાર, પવન કુમાર સેહરાવત અને આશુ મલિક.

ભારતીય મહિલા કબડ્ડી ટીમ: જ્યોતિ ઠાકુર, નિકિતા, પૂજા હથવાળા, રાજ રાની, પુષ્પા રાણા, રિતુ શોરાણ, ભાવના દેવી, સંજુ દેવી, મનીષા કુમારી, રિતુ નેગી, પિંકી રોય અને સોનાલી વિષ્ણુ.

અનુભવી અને યુવા ખેલાડીઓથી સજ્જ આ બંને ટીમો પાસેથી દેશને વધુ એકવાર ગોલ્ડ મેડલની પ્રબળ આશા છે. ફેન્સની નજર હવે એચી-નાગોયાના મેદાન પર છે જ્યાં ભારતીય કબડ્ડી ખેલાડીઓ ફરી એકવાર તિરંગો લહેરાવવા માટે પરસેવો પાડશે.

**રેકોર્ડ** // **34 બોલમાં 11 છગ્ગા અને 9 ચોગ્ગા સાથે ફટકાર્યા 108 રન**

# અભિષેકનો ઝંઝાવાત : 30 બોલમાં સદી ફટકારી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ભારતીય ક્રિકેટ જગતમાં ફરી એકવાર નવો ઈતિહાસ રચાયો છે. ભારતીય ઓપનર અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામેની ત્રીજી અને આખરી ટી-૨૦ મેચમાં માત્ર ૩૦ જ બોલમાં તોફાની સદી ફટકારીને સનસનાટી મચાવી દીધી છે. આ શાનદાર ઈનિંગ સાથે અભિષેકે આઈસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશ તરફથી તેમજ પૂર્ણકાલીન સભ્ય દેશની સામે સૌથી ઝડપી ટી-૨૦ સદીનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ભારતે આ મેચ સાથે અફઘાનિસ્તાનને હરાવીને શ્રેણી ૩-૦થી પોતાના નામ કરી લીધી હતી.




અભિષેક શર્માએ પોતાની આ વિસ્ફોટક બેટિંગ દરમિયાન માત્ર ૩૪ બોલમાં ૧૧ ગગનચુંબી છગ્ગા અને ૯ આકર્ષક ચોગ્ગાની મદદથી કુલ ૧૦૮ રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. સૌથી ખાસ વાત એ છે કે તેણે પોતાની આ ઈનિંગમાં ૧૦૨ રન તો માત્ર બાઉન્ડ્રીઝ (ચોગ્ગા અને છગ્ગા) ની મદદથી જ ફટકાર્યા હતા. આ ધમાકેદાર પ્રદર્શનના જોરે તેણે ભારત તરફથી ફાસ્ટેસ્ટ ટી-૨૦ સદીનો રોહિત શર્માનો અગાઉનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. અભિષેક શર્માએ આઈસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશ સામે સૌથી ઝડપી સદી ફટકારવાના મામલામાં ન્યુઝીલેન્ડના ફિન એલનનો રેકોર્ડ ત્રણ બોલના અંતરથી તોડી નાખ્યો છે. ફિન એલને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપમાં કોલકાતા ખાતે સાઉથ આફ્રિકા સામેની સેમિ ફાઈનલમાં ૩૩ બોલમાં સદી ફટકારી હતી. આ ઉપરાંત ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ પણ ૨૦૨૪માં ગામ્બિયા સામે ૩૩ બોલમાં સદી ફટકારી હતી, જેઓ હવે સંયુક્ત રીતે બીજા ક્રમે ધકેલાયા છે. ભારતીય સંદર્ભમાં વાત કરીએ તો, રોહિત શર્માએ ૨૦૧૭માં ઈન્દોર ખાતે શ્રીલંકા સામે ૩૫ બોલમાં સદી ફટકારી હતી, જેનો રેકોર્ડ હવે અભિષેકે તોડી નાખ્યો છે. (નોંધનીય છે કે ટેસ્ટ, વન ડે અને ટી-૨૦ રમવાનો કાયમી દરજ્જો ધરાવતા દેશોને આઈસીસીના પૂર્ણકાલીન સભ્ય દેશો કહેવામાં આવે છે).

ઓવરઓલ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટના ઈતિહાસ પર નજર કરીએ તો, અભિષેકની ૩૦ બોલની આ સદીને ફાસ્ટેસ્ટ સદીઓની યાદીમાં વિશ્વમાં ત્રીજો ક્રમ મળ્યો છે. આ યાદીમાં ઈસ્ટોનિયાના સાહિલ ચૌહાણે ૨૭ બોલમાં (સાયપ્રસ સામે, ૨૦૨૪) પ્રથમ અને તુર્કીયેના મુહમ્મદ ફહાદે ૨૯ બોલમાં (બલ્ગેરિયા સામે, ૨૦૨૫) સદી ફટકારીને સ્થાન મેળવ્યું છે, અને હવે આ યાદીમાં અભિષેક શર્મા ગર્વભેર ત્રીજા સ્થાને બિરાજમાન થયા છે.

**સ્ટેડિયમમાં સમર્થન કે જોશ આપવો મુશ્કેલ બનશે**

# ₹2,999 સુધીના જંગી ટિકિટ દર સામે ચાહકોની ચેતવણી

(એજન્સી) બેંગલુરુ । તા. 18

ભારત અને પાનામા વચ્ચે આગામી ૨૫ સપ્ટેમ્બરે બેંગલુરુના શ્રી કાંતિએરૂવા સ્ટેડિયમ ખાતે રમાનારી હાઈ-પ્રોફાઈલ ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચ મેદાન પર ઉતરે તે પહેલા જ વિવાદોના ઘેરાવામાં આવી ગઈ છે. ત્રણ વર્ષ કરતાં વધુ સમય બાદ બેંગલુરુના આ મેદાન પર રાષ્ટ્રીય ટીમ પરત ફરી રહી છે, પરંતુ ટિકિટોના આસમાને પહોંચેલા ભાવોના કારણે સ્થાનિક ફૂટબોલ સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફીફા એશિયન કપ છોડીને પાનામા, બ્રાઝિલ અને ઉરુગ્વે જેવી મોટી ટીમો સામે રમવાના નિર્ણયની ટીકાઓ વચ્ચે હવે ટિકિટના ઊંચા દર નવો વિવાદ બન્યા છે.

બેંગલુરુ એફસીના લોકપ્રિય ફેન ગ્રુપ 'વેસ્ટ બ્લોક બ્લૂઝ દ્વારા ટિકિટના ઊંચા ખર્ચ સામે ગુરુવારે સોશ્યલ મીડિયા પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) ની એક સોશ્યલ મીડિયા પોસ્ટ, જેમાં ભારતીય ડિફેન્ડર આકાશ મિશ્રા ચાહકોને મેચમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ કરી રહ્યા છે, તેના જવાબમાં ફેન ક્લબે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે ડિફેન્ડરને નિરાશાનો સામનો કરવો પડી શકે છે. વેસ્ટ બ્લોક બ્લૂઝે સોશ્યલ મીડિયા પર પ્રતિક્રિયા આપતા લખ્યું કે, "વેસ્ટ બ્લોક સ્ટેન્ડ માટે ૨,૯૯૯ ની કિંમતે અમે મેચ દરમિયાન કોઈ ઉત્સાહ કે માહોલની ખાતરી આપી શકતા નથી. ન તો બેનર્સનું વચન આપી શકાશે અને ન તો કોઈ નારેબાજી કે ચિયરિંગનું." ફેન ક્લબે વધુમાં ઉમેર્યું હતું કે આવા જંગી દરો પર સ્ટેડિયમમાં કદાચ ખાલી ખુરશીઓ જ જોવા મળશે. એક તરફ જ્યાં એઆઈએફએફ વિશ્વકપ રમેલી પાનામા જેવી મજબૂત ટીમ સામે મેચ રમાડીને ભારતીય ફૂટબોલને વૈશ્વિક સ્તરે લઈ જવાનો દાવો કરી રહી છે, તો બીજી તરફ સામાન્ય ફૂટબોલપ્રેમીઓની પહોંચ બહાર ગયેલા ટિકિટના ભાવ આ આયોજન સામે મોટા સવાલો ખડા કરી રહ્યા છે.



**અમેરિકાનું પાંખડ તો જુઓ! :** રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદનારા દેશો પર 100% ટેરિફ લાદવાની તૈયારી

# ભારતને 100% ટેરિફની ધમકી, ખુદ રશિયા સાથે વેપાર

(એજન્સી) વાશિંગ્ટન । તા. 18

અમેરિકા દ્વારા વૈશ્વિક વેપાર અને રાજનીતિમાં ફરી એકવાર પોતાના બેવડા ધોરણો સામે લાવવામાં આવ્યા છે. અમેરિકા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ભારે ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે, જેના અંતર્ગત ભારત અને ચીન જેવા રશિયાના મોટા ઊર્જા ખરીદનાર દેશોને સીધા નિશાન બનાવવામાં આવશે. તાજેતરમાં જ અમેરિકન પ્રતિનિધિ સભા દ્વારા 'લિંડસે ઓ. ગ્રાહમ રશિયા અને ઈરાન પર પ્રતિબંધ લગાવતો અધિનિયમ ૨૦૨૬' મંજૂર કરવામાં આવ્યો છે, જે હેઠળ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનને આ કડક પગલાં લેવાની સત્તા મળશે.

એક તરફ અમેરિકા રશિયાના ઓઈલ વેપાર પર આર્થિક દબાણ વધારીને અન્ય દેશોને ધમકી આપી રહ્યું છે, તો બીજી તરફ તેણે પોતાની પરમાણુ જરૂરિયાતો માટે રશિયાથી ખાસ પ્રકારના યુરેનિયમની આયાતનો રસ્તો ખુલ્લો રાખ્યો છે. નવા કાનૂનમાં એવી ખાસ જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે કે જે અંતર્ગત રશિયા સાથેના નાગરિક પરમાણુ સહયોગ અને ચોક્કસ પ્રકારના યુરેનિયમની આયાત



પર આ પ્રતિબંધો લાગુ પડશે નહીં, જે તેના સ્પષ્ટ બેવડા વલણને દર્શાવે છે.

આ વ્યાપક પ્રતિબંધક કાયદાના 'સેક્શન ૧૧૧' અને 'સેક્શન ૧૧૪' હેઠળ કેટલાક મહત્વપૂર્ણ અપવાદો રાખવામાં આવ્યા છે. જેમાં પ્રથમ નાગરિક પરમાણુ સહયોગ છે, જે અંતર્ગત અમેરિકા અને રશિયા વચ્ચે પરમાણુ ઊર્જા અધિનિયમ હેઠળ થયેલી સમજૂતીની પ્રવૃત્તિઓને મુક્તિ આપવામાં આવી છે. તેમજ બીજો મહત્વનો અપવાદ ઓછા-સંવર્ધિત યુરેનિયમ (LEU) છે, જેમાં પરમાણુ રિએક્ટરમાં વપરાતા કેટલાક ખાસ ઓછા-સંવર્ધિત યુરેનિયમ અને ચિકિત્સીય (મેડિકલ) આઈસોટોપની આયાત પર પ્રતિબંધ લાગુ નહીં થાય.

અમેરિકાના આ પાંખડ અને બેવડા વલણ પાછળ તેની પોતાની પરમાણુ ઈંધણની અનિવાર્ય જરૂરિયાતો જવાબદાર છે. ભલે અમેરિકા દુનિયાને દેખાડવા માટે રશિયા પરની આર્થિક નિર્ભરતા ઘટાડવાનો દાવો કરતું હોય, પરંતુ પરમાણુ ઈંધણના મામલે વાસ્તવિકતા તદ્દન અલગ છે.

આંકડાકીય માહિતી મુજબ, વર્ષ ૨૦૨૫માં અમેરિકાના નાગરિક પરમાણુ પ્લાન્ટોએ મેળવેલી એરિચમેન્ટ સેવાઓમાં એકએકલા રશિયાનો હિસ્સો જ લગભગ ૨૬ ટકા જેટલો મોટો હતો. આ આંકડા સાબિત કરે છે કે અમેરિકા ખુદ પરમાણુ ઈંધણ માટે કયા સ્તરે રશિયા પર નિર્ભર છે અને પોતાના સ્વાર્થ માટે તે કેવા બેવડા ધોરણો અપનાવે છે.

**નાઈજિરિયામાં ચોંકાવનારી ઘટના**

# અટકાયતમાં લીધેલા 37 લોકોના મોત



(એજન્સી) નાઈજિરિયા । તા. 18

નાઈજીરીયાના નાઈજર રાજ્યમાં સુરક્ષા કસ્ટડીમાં ૩૭ શંકાસ્પદ ગેરકાયદે ખનનકર્તાઓના મોતનો એક અત્યંત ચોંકાવનારો અને દુખદ મામલો સામે આવ્યો છે. ગુરુવારે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી અને ખળભળાટ મચી ગયો છે. આ તમામ લોકો 'નાઈજીરીયા સિક્યોરિટી એન્ડ સિવિલ ડિફેન્સ કૉર્પ્સ' (NSCDC) ની કસ્ટડીમાં હતા. નાઈજર રાજ્યના ગવર્નર મોહમ્મદ ઉમરુ બાગીએ પ્રેસ કૉન્ફરન્સ યોજીને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને તેને અત્યંત દુ:ખદ ગણાવી છે. આ મામલાની ન્યાયિક અને સઘન તપાસ માટે એક વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે, તેમજ રાજ્યમાં ત્રણ દિવસના શોકની જાહેરાત સાથે જાન્યુઆરીમાં યોજાનારા ચૂંટણી પ્રચારને પણ સ્થગિત કરી દેવામાં આવ્યો છે.

મૃત્યુ પામનાર આ તમામ લોકો એ વ્યક્તિઓ હતા, જેમની મંગળવાર અને બુધવારે ગેરકાયદે ખનન ગતિવિધિઓમાં સંડોવણી હોવાની શંકાના આધારે સિવિલ ડિફેન્સ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે નાઈજર રાજ્ય ખનિજ સંપદાથી અત્યંત સમૃદ્ધ છે અને ત્યાં મોટી સંખ્યામાં લોકો સોના તથા અન્ય કિંમતી ખનિજોની શોધમાં કામ કરતા હોય છે, જેના કારણે આ ક્ષેત્રમાં ગેરકાયદે ખનનની ઘટનાઓ સતત સામે આવતી રહે છે.

આ ખરાબ પરિસ્થિતિઓ અને ગૂંગળામણને કારણે જ સ્થિતિ વણસી હોવાની અને લોકોના શ્વાસ રૂંધાવાથી મોત થયા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પોલીસે સત્તાવાર રીતે ફોજદારી તપાસ શરૂ કરી દીધી છે, જેથી સાચા કારણો બહાર આવી શકે અને જવાબદારો સામે કડક કાર્યવાહી થઈ શકે.

મૃત્યુ પામનાર લોકો એ વ્યક્તિઓ હતા, જેમની મંગળવાર અને બુધવારે ગેરકાયદે ખનન ગતિવિધિઓમાં સંડોવણી હોવાની શંકાના આધારે સિવિલ ડિફેન્સ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. નાઈજર રાજ્ય ખનિજ સંપદાથી સમૃદ્ધ છે અને ત્યાં મોટી સંખ્યામાં લોકો સોના તથા અન્ય ખનિજોની શોધમાં કામ કરે છે, જેના કારણે આ ક્ષેત્રમાં ગેરકાયદે ખનનની ઘટનાઓ સતત સામે આવતી રહે છે.

સિવિલ ડિફેન્સ વિભાગના દાવા મુજબ હિરાસતમાં રહેલા લોકોમાં કથિત રીતે બીમારી ફેલાવાને કારણે આ મોત થયા છે. જોકે, ગુપ્તચર એજન્સીઓની પ્રારંભિક રિપોર્ટમાં એવા સંકેતો મળ્યા છે કે હિરાસત કેન્દ્રમાં ક્ષમતા કરતા વધુ લોકોને રાખવામાં આવ્યા હતા અને ત્યાં પૂરતા પ્રમાણમાં હવા (વેન્ટિલેશન)ની વ્યવસ્થા નહોતી. આ ખરાબ પરિસ્થિતિઓ અને ગૂંગળામણને કારણે સ્થિતિ વણસી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને લઈને પોલીસે સત્તાવાર તપાસ શરૂ કરી દીધી છે.

### બીમારી કે વ્યવસ્થાનો અભાવ? કારણો પર મતમતાંતર

આ કરુણ ઘટના પાછળના કારણોને લઈને તંત્ર અને ગુપ્તચર એજન્સીઓ વચ્ચે મતમતાંતર જોવા મળી રહ્યો છે. સિવિલ ડિફેન્સ વિભાગના દાવા મુજબ હિરાસતમાં રહેલા લોકોમાં કથિત રીતે કોઈ ગંભીર બીમારી ફેલાવાને કારણે આ મોત થયા છે. જોકે, બીજી તરફ ગુપ્તચર એજન્સીઓની પ્રારંભિક રિપોર્ટમાં તદ્દન અલગ જ સંકેતો મળ્યા છે. રિપોર્ટ મુજબ હિરાસત કેન્દ્રમાં ક્ષમતા કરતા ખાસ્સા વધુ લોકોને ભરીને રાખવામાં આવ્યા હતા અને ત્યાં પૂરતા પ્રમાણમાં હવા (વેન્ટિલેશન) ની યોગ્ય વ્યવસ્થા નહોતી.

## ન્યૂઝ બ્રીફ

### 'બ્રિક્સ-સમિટ' દરમિયાન શી-જિનપિંગને તમ્મર આવી ગયાં હતાં ?



નવી દિલ્હી | નવી દિલ્હીમાં આયોજિત 'બ્રિક્સ-સમિટ' દરમિયાન ચીનના પ્રમુખ શી જિનપિંગને લઈને એક અત્યંત ચોંકાવનારો અને ખળભળાટ મચાવતો દાવો સામે આવ્યો છે. ચાયના ડેમોક્રેટિક પાર્ટી (CDP) ના ચેરમેન વાનઝૂન ઝીએ દાવો કર્યો છે કે બ્રિક્સ સમિટ દરમિયાન શી જિનપિંગને અચાનક ભારે તમ્મર આવવા લાગ્યાં હતાં અને તેઓ બેશુદ્ધ સમાન સ્થિતિમાં મુકાઈ ગયા હતા. આ ઘટના બાદ તેઓ તાત્કાલિક પોતાના ખાસ વિમાન દ્વારા ચીન રવાના થઈ ગયા હતા. ચીની વિપક્ષી નેતાના જણાવ્યા મુજબ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ઉચ્ચ સ્તરીય મંત્રણા અને મુલાકાત પૂર્ણ થયા બાદ શી જિનપિંગ તુરંત જ પોતાની હોટેલ પર પહોંચી ગયા હતા. તબિયત નાદુરસ્ત હોવાના કારણે તેઓ નિર્ધારિત ભોજન સમારંભમાં (બેન્કવેટ) ઉપસ્થિત રહ્યા ન હતા. હોટેલમાં થોડો સમય રોકાણ દરમિયાન તબીબોની વિશેષ ટીમ દ્વારા તેમની સારવાર કરવામાં આવી હતી, ત્યારબાદ તેઓ ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા હતા. દુનિયાને બતાવવા માટે કે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે, તેઓ વિમાન સુધી જાતે ચાલીને ગયા હતા અને કોઈના ટેકા વગર આગળ વધ્યા હતા.

### ટ્રમ્પની 'બર્થ ડે બોય' મોદીને 100 ટકા ટેરિફની ગિફ્ટ



વોશિંગ્ટન | યુક્રેન સામે યુદ્ધે ચઢેલા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાત કરતા ભારત અને ચીન જેવા દેશોની મુશ્કેલીઓમાં વધારો કરતી એક મોટી ઘટના સામે આવી છે. અમેરિકન સંસદમાં રશિયા સામે સેકન્ડરી પ્રતિબંધો લગાવતું એક મહત્વપૂર્ણ બિલ ભારે મતદારીથી પસાર થઈ ગયું છે. આ બિલ હવે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સહી માટે જશે. જો આ બિલ કાયદાનું રૂપ ધારણ કરશે, તો તે યુએસ પ્રમુખને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદતા ટોચના પાંચ દેશો પર ૧૦૦ ટકા સુધીનો જંગી ટેરિફ લગાવવાની સત્તા પ્રદાન કરશે. રશિયા અને ઈરાન પર આર્થિક દબાણ વધારવાના ઉદ્દેશ્યથી લાવવામાં આવેલા 'લિન્ડસે ગ્રાહન સેકન્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' નામના આ બિલને અમેરિકન સંસદમાં ૨૯૨ વિરુદ્ધ ૧૫૯ મતોની બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે. આ અગાઉ આ બિલ અમેરિકન સેનેટમાં ૮૯-૧૧ના મતોથી મંજૂર થઈ ચૂક્યું છે. હવે પ્રમુખ ટ્રમ્પ આના પર હસ્તાક્ષર કરશે કે નહીં અને કયા દેશો પર આ ટેરિફનો અમલ થશે તે અંગેનો આખરી નિર્ણય ટ્રમ્પ પ્રશાસન લેશે.


**બહિષ્કાર :** હાઈ કમિશનમાં ઘૂસણખોરી અંગેની કાર્યવાહી; ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર

# 80 લોકોની હત્યા કરનાર સીરિયલ કિલર ઝડપાયો: યુવતી બનીને પોલીસને આપતો હતો થાપ!

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

બ્રાઝિલમાંથી અપરાધ જગતને હચમચાવી નાખનારી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસને લાંબા સમયથી થાપ આપી રહેલો અને ડઝનબંધ હત્યાઓનો શંકાસ્પદ આરોપી આખરે પોલીસના સકંજામાં આવી ગયો છે. પોલીસની ધરપકડ અને કડક કાર્યવાહીથી બચવા માટે ૩૩ વર્ષીય સિરિયલ કિલર જોરલાન અલ્વેસ દા સિલ્વાએ મહિલાનો અજીબોગરીબ વેશ ધારણ કરી લીધો હતો. આ કુખ્યાત શખ્સ મહિલાના કપડાં પહેરીને અને સાથે ૨ વર્ષના એક બાળકને લઈને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે જ બ્રાઝિલના પૈરાઈબા રાજ્યમાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, આ ઘટના બ્રાઝિલના ઉત્તર-પૂર્વીય રાજ્ય પૈરાઈબાની છે. ધરપકડ વખતે જોરલાને પટ્ટાવાળો ડ્રેસ પહેર્યો હતો, માથા પર લાંબા કાળા વાળની વિગ લગાવી હતી તેમજ મહિલાઓના સેન્ડલ, કાળા ચશ્મા અને નેલ પોલીશ પણ લગાવી રાખી હતી જેથી કોઈ તેને ઓળખી ન શકે. આશ્ચર્યની વાત તો એ છે કે પોતાની ઓળખ સંપૂર્ણપણે છુપાવવા તે પોતાની સાથે લગભગ ૨ વર્ષના માસૂમ બાળકને લઈને ફરી રહ્યો હતો. પોલીસે જ્યારે તેના માથા પરથી વિગ હટાવી ત્યારે તેની અસલી અને ખતરનાક ઓળખ બહાર આવી હતી. હાલ પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ બાળક કોનું હતું અને આરોપી પાસે કેવી રીતે આવ્યું.



પ્રારંભિક પૂછપરછ દરમિયાન આ આરોપીએ જે ખુલાસા કર્યા તેણે સુરક્ષા એજન્સીઓના હોશ ઉડાડી દીધા છે. જોરલાને કબૂલાત કરી છે કે તેણે પોતાના જીવનભરમાં અંદાજે ૮૦ લોકોની નિર્દયતાથી હત્યા કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, તે સંગઠિત ગુનાખોરી સાથે સંકળાયેલી ગેંગ માટે સોપારી લઈને હત્યાઓ અંજામ આપતો હતો. તેણે એવો પણ દાવો કર્યો છે કે તેણે માત્ર ૩ મહિનાના ટૂંકા ગાળામાં જ ઓછામાં ઓછી ૧૫ હત્યાઓ કરી છે અને આશ્ચર્યજનક રીતે તેણે પોતાની પ્રથમ હત્યા માત્ર ૧૩ વર્ષની નાની વયે જ કરી નાખી હતી. પોલીસે હાલ તેના આ તમામ દાવાઓની સચ્ચાઈ ચકાસવા માટે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

આ ધરપકડ પહેલાં પોલીસે જોરલાન અને તેના સાથીઓની એક કારને અટકાવીને તલાશી લીધી હતી, તે સમયે તેનો એક સાથી પકડાઈ ગયો હતો પરંતુ જોરલાન ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ત્યારબાદ પોલીસે સઘન વોચ ગોઠવીને તેને દબોચી લીધો હતો. પૂછપરછ દરમિયાન ૧ ઓગસ્ટના રોજ રિયો તિંતોમાં થયેલી ૨ વેપારીઓની હત્યાના કેસમાં પણ મહત્વના પુરાવા હાથ લાગ્યા છે. પોલીસ અધિકારી ડગલસ ગાર્સિયાના જણાવ્યા મુજબ, આરોપી પોલીસ ટીમને એ જગ્યાએ પણ લઈ ગયો હતો જ્યાં એક મૃતદેહને ગુપ્ત રીતે દાટી દેવામાં આવ્યો હતો. જો જોરલાન દ્વારા કરાયેલો ૮૦ હત્યાઓનો દાવો સત્તાવાર રીતે સાબિત થશે, તો તે બ્રાઝિલના ગુનાહિત ઈતિહાસનો સૌથી મોટો અને ભયાનક સિરિયલ કિલિંગ કેસ બની જશે. અગાઉ બ્રાઝિલમાં પેડ્રો રોડ્રિગ્સ ફિલ્હો નામના ગુનેગારને ૭૧ હત્યાઓ માટે દોષિત ઠેરવાયો હતો. હાલ પોલીસ આ ખૂનીના સમગ્ર ગુનાહિત નેટવર્કની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

પ્રારંભિક પૂછપરછ દરમિયાન આ આરોપીએ જે ખુલાસા કર્યા તેણે સુરક્ષા એજન્સીઓના હોશ ઉડાડી દીધા છે. જોરલાને કબૂલાત કરી છે કે તેણે પોતાના જીવનભરમાં અંદાજે ૮૦ લોકોની નિર્દયતાથી હત્યા કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, તે સંગઠિત ગુનાખોરી સાથે સંકળાયેલી ગેંગ માટે સોપારી લઈને હત્યાઓ અંજામ આપતો હતો. તેણે એવો પણ દાવો કર્યો છે કે તેણે માત્ર ૩ મહિનાના ટૂંકા ગાળામાં જ ઓછામાં ઓછી ૧૫ હત્યાઓ કરી છે અને આશ્ચર્યજનક રીતે તેણે પોતાની પ્રથમ હત્યા માત્ર ૧૩ વર્ષની નાની વયે જ કરી નાખી હતી.

# જયશંકરે ભૂતાનને 43 જર્સી ગાયો ભેટ આપી, આ અસામાન્ય ભેટ પાછળ રહસ્ય રહેલું છે

(એજન્સી) થીમ્પુ । તા. 18

ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરની હાલની ભૂતાન મુલાકાત અત્યંત અસામાન્ય, વ્યૂહાત્મક અને વ્યવહારૂ રહી છે. પોતાની આ યાત્રા દરમિયાન વિદેશમંત્રીએ ભૂતાનના બૂમથાંગની વિશેષ મુલાકાત લીધી હતી અને ત્યાંના ડેરી ઉદ્યોગને વેગ આપવા માટે ૪૩ જર્સી ગાયો ભેટમાં આપી હતી. આ અનોખી પહેલ દ્વારા ભારતે ભૂતાનમાં પશુ-ઉછેર અને ડેરી વિકાસ માટે સહાયનો મોટો હાથ લંબાવ્યો છે. બૂમથાંગ ખાતે ભૂતાનનું નેશનલ કેટલ બ્રીડીંગ સેન્ટર આવેલું છે, જ્યાં આ ગાયો અર્પણ કરવામાં આવી હતી.

આ ગાયો ભેટ આપતી વખતે વિદેશમંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે સામાન્ય રીતે ખેડૂતો ખેતીની સાથેસાથે પશુ ઉછેરનો વ્યવસાય પણ કરતા હોય છે, અને આ વિસ્તારના અંદાજે ૪૦,૦૦૦ જેટલા ખેડૂતોને આનાથી સીધો લાભ મળશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ માત્ર કોઈ સામાન્ય કે પ્રતીકાત્મક ભેટ નથી, પરંતુ આ પાછળનો મુખ્ય હેતુ ભૂતાનના ખેડૂતોનું જીવન ધોરણ ઊંચું લાવવાનો અને દેશમાં દૂધ ઉત્પાદન ક્ષમતામાં મોટો વધારો કરવાનો છે. બૂમથાંગ એ ભૂતાનની પૂર્વ રાજધાની રહી છે, જ્યાંના ઐતિહાસિક રાજમહેલની પણ જયશંકરે મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે ત્યાં રચાયેલું સંગ્રહસ્થાન (મ્યુઝિયમ) અને રાજસભા ગૃહ પણ નિહાળ્યા હતા. આ પ્રસંગે ભૂતાનના વિદેશ મંત્રી અને વિદેશ વ્યાપાર મંત્રી લ્યોનમો ડી.એન. ધુંગ્યેલ પણ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ જયશંકરે કુર્જે લ્હખાંગ મંદિરની મુલાકાત લઈને પ્રાર્થના પણ કરી હતી. પોતાની આ મુલાકાતના અંતિમ દિવસે એસ. જયશંકરે ભૂતાનના વડાપ્રધાન ત્શેરિંગ તોબગે સાથે મુલાકાત કરી હતી અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહકાર વધુ ઘનિષ્ટ બનાવવા માટે ઊંડી મંત્રણા કરી હતી.

# અમેરિકામાં મોટી દુર્ઘટના, મિશિગનમાં ચાલુ ઉડાને તૂટી પડ્યું F-16 ફાઈટર જેટ, પાઈલટ સુરક્ષિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

અમેરિકાના મિશિગન રાજ્યમાંથી એક મોટા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. મિશિગનમાં ગુરુવારે એક નિયમિત ટ્રેનિંગ મિશન દરમિયાન અમેરિકન વાયુસેનાનું અત્યંત શક્તિશાળી F-16 ફાઈટર જેટ અચાનક દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું હતું.

સદનસીબે આ ગંભીર અકસ્માતમાં વિમાનમાં સવાર પાયલટે અદ્ભુત સમયસૂચકતા વાપરીને વિમાન જમીન પર પડે તે પહેલાં જ ઈજેક્શન કરી લીધું હતું અને પેરાશૂટની મદદથી સુરક્ષિત બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, પાયલટને સહીસલામત બહાર કાઢીને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ દુર્ઘટના મિશિગનના ગ્રેન્ડ ટ્રેવર્સ કાઉન્ટીના ગ્રામીણ વિસ્તારમાં આવેલી બ્લેયર ટાઉનશીપ



પાસે થઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ, આ F-16 વિમાન ટેક્સાસ એર નેશનલ ગાર્ડની ૧૪૯મી ફાઈટર વિંગ સાથે જોડાયેલું હતું અને મિશિગનમાં ચાલી રહેલા નિયમિત તાલીમી અભિયાનનો હિસ્સો હતું. આ ટ્રેનિંગ અલ્પેલા સ્થિત નેશનલ ગાર્ડના કૉમ્બેટ રેડીનેસ ટ્રેનિંગ સેન્ટર સાથે સંકળાયેલી હતી.

આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે સ્પષ્ટ થયું નથી, પરંતુ એર ટ્રાફિક કંટ્રોલ સાથેની રેડિયો વાતચીત અને પ્રાથમિક સંકેતોના આધારે વિમાન કોઈ પક્ષી સાથે અથડાયું હોવાની (બર્ડ હિટ) પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ સુરક્ષા અને સલામતીના ભાગરૂપે આસપાસના વિસ્તારમાં કડક પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા હતા.

F-16 વિમાનની ઈમરજન્સી પાવર સિસ્ટમમાં 'હાઈડ્રાજિન' નામના અત્યંત ઝેરી રસાયણનો ઉપયોગ થતો હોવાથી તંત્ર વધુ સતર્ક બન્યું હતું. સંભવિત રાસાયણિક જોખમને ધ્યાનમાં રાખીને શરૂઆતમાં સ્થાનિક લોકોને ઘરોમાં જ રહેવા અને બાદમાં ક્રેશ સાઈટની આસપાસ એક માઈલના ઘેરાવામાં આવેલા વિસ્તારને ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે રાહત અને બચાવ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી, અને સદનસીબે જમીન પર અન્ય કોઈ નાગરિકના ઘાયલ થયાના કે જાનહાનિના કોઈ અહેવાલ નથી.

**એઆઈ** | **વોશિંગ્ટનમાં બાયોફિઝિસિસ્ટ ડગલસ યોવાનની ભવિષ્યવાણી**

# માણસે જે ન કર્યું તે એઆઈ કરશે: બુદ્ધિના અવનવા સ્વરૂપોને શોધશે

(એજન્સી) વોશિંગ્ટન । તા. 18

માનવ જે રીતે વિચારે છે તેનાથી સંપૂર્ણપણે અલગ રીતે વિચારતી મશીનની કલ્પના હવે વિજ્ઞાનની ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે. વોશિંગ્ટનના જાણીતા બાયોફિઝિસિસ્ટ અને ગણિતશાસ્ત્રી ડગલસ યોવાન દ્વારા રજૂ કરવામાં આવેલી એક પરિકલ્પના મુજબ, ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માત્ર માણસે આપેલી માહિતી પરથી જવાબ આપતી મર્યાદિત સિસ્ટમ નહીં રહે. તે બુદ્ધિના એવા નવા સ્વરૂપો અને પ્રકારો શોધવામાં મદદ કરશે, જેના વિશે આપણે હાલમાં કલ્પના પણ નથી કરી શકતા.

આજે એઆઈ ગણતરી કરે છે, પ્રશ્નોના જવાબ આપે છે, તસવીરો અને ભાષા સમજે છે તથા વૈજ્ઞાનિક



સંશોધનમાં પણ મદદરૂપ બને છે. પરંતુ જો એઆઈની ક્ષમતા સતત આ જ પ્રકારે વધતી જાય, તો શું તે એવી રીતે વિચારી શકે કે જે માનવ મગજ માટે સ્વાભાવિક જ નથી? વૈજ્ઞાનિક ડગલસ યોવાને આ જ સવાલના આધારે એક અત્યંત રસપ્રદ વિચાર રજૂ કર્યો છે. તેમના મતે બુદ્ધિ માત્ર માનવ મગજ સુધી મર્યાદિત હોવી જરૂરી નથી, અને ભવિષ્યની એઆઈ સિસ્ટમો ક્વોન્ટમ કમ્પ્યુટિંગની મદદથી બુદ્ધિના બિલકુલ નવા પ્રકારો વિકસાવી શકશે. આ વિચારનો સૌથી આશ્ચર્યજનક અને રસપ્રદ ભાગ એ છે કે એઆઈ ભવિષ્યમાં માત્ર હાલના જ્ઞાનનો ઉપયોગ નહીં કરે, પરંતુ તદ્દન નવી વૈજ્ઞાનિક શક્યતાઓને પણ ઉજાગર કરશે. એઆઈ કોઈ એવી ગાણિતિક રીત કે ફોર્મ્યુલા શોધી શકે છે જે અત્યાર સુધી પૃથ્વીના કોઈપણ માનવ વૈજ્ઞાનિકે વિચારેલી ન હોય. તે ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિત જેવા અલગ-અલગ વિષયોના જ્ઞાનને એકસાથે જોડીને અદ્ભુત પરિકલ્પનાઓ રજૂ કરી શકે છે. આ સમગ્ર પ્રક્રિયાનું સૌથી મોટું સકારાત્મક પાસું માણસ અને એઆઈ વચ્ચેનો પરસ્પર સહકાર છે. જે રીતે હાલ એઆઈ માણસ સાથે કામ કરીને શીખી રહ્યું છે, તે જ રીતે ભવિષ્યમાં માણસો એઆઈ સાથે કામ કરીને નવા વિચારો મેળવશે, જે ભવિષ્યની અનેક મહાન શોધોમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. વિજ્ઞાનની આ નવી સફર માનવજાત માટે પ્રગતિના નવા દ્વાર ખોલી રહી છે.

# અમેરિકામાં અર્ધી રાતે કત્લ-એ-આમ, બાલ્ટીમોરમાં કેટલાયે લોકોને ગોળી મરાઈ

(એજન્સી) બાલ્ટીમોર । તા. 18

અમેરિકામાંથી ફરી એકવાર હિંસા અને ગોળીબારની એક અત્યંત ચિંતાજનક ઘટના સામે આવી છે. મેરીલેન્ડ રાજ્ય સ્થિત બાલ્ટીમોર શહેરમાં બુધવારે રાત્રિએ કેટલાયે લોકોને અંધાધૂંધ ગોળી મારવાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર પૂર્વ બાલ્ટીમોરના બ્લોક ૧૪૦૦ની ઈસ્ટ ફાયેટ-સ્ટ્રીટમાં આ ગોળીબારની ઘટના બની હતી. આ લોહિયાળ ઘટનાના સમાચારો મળતાં જ પોલીસ કાફલો તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને પોતાના ઘેરામાં લઈને સઘન તપાસ શરૂ કરી દીધી હતી.

સ્થાનિક રિપોર્ટ્સ અને બાલ્ટીમોરના મેયરના કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, પ્રારંભિક તપાસમાં તો હાલ પાંચ લોકોને ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે. બાલ્ટીમોર પોલીસના જણાવ્યા પ્રમાણે અધિકારીઓને આશરે રાત્રે નવ વાગે આ ગોળીબારની માહિતી મળી હતી. સૂચના મળતાની સાથે જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ઈસ્ટ-ફાયેટ-સ્ટ્રીટ અને કેરોલિન સ્ટ્રીટને સંપૂર્ણપણે બંધ કરી દીધી હતી, જેથી કોઈ પુરાવા નષ્ટ ન થાય અને ઘટનાસ્થળની આસપાસની સ્થિતિ તેમજ પુરાવાઓ એકત્રિત કરી શકાય.

અમેરિકાના અન્ય મોટા શહેરોની જેમ જ બાલ્ટીમોર પોલીસ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ પણ અવારનવાર બનતી આવી ગોળીબારની ઘટનાઓ પર નજર રાખી રહી છે, પરંતુ હજુ સુધી ગોળીબાર કરનારાઓ કે આ હુમલા પાછળના ચોક્કસ કારણો વિશે કોઈ સત્તાવાર અને વિશેષ માહિતી બહાર આવી નથી.

# ભાજપ અને ચૂંટણી પંચ સાથે મળીને પાર્ટી તોડે છે
# TMCનું ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાતા રાહુલ ગાંધી ભડક્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, શિવસેના, NCP બાદ હવે TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરાયું છે. તેમણે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર પાર્ટીઓ તોડવાનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ લોકશાહીના પતનનું પ્રતીક છે. ચૂંટણી પંચે TMCના બંને જૂથો માટે નામ અને ચિહ્ન ફ્રીઝ કર્યા છે, જેથી કોઈ તેનો ઉપયોગ ન કરી શકે.Rahul Gandhi Slams ECI Over Freezing TMC Name Symbol: ભારતીય રાજકારણમાં પક્ષપલટો અને ચૂંટણી પ્રતીકોને લઈને ચાલતી ખેંચતાણ હવે પશ્ચિમ બંગાળના મુખ્ય રાજકીય પક્ષ તૃણમૂલ કોંગ્રેસ સુધી પહોંચી ગઈ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા TMCનું નામ અને ચૂંટણી ચિહ્ન બંને જૂથો માટે ફ્રીઝ કરવાનો આદેશ



આપવામાં આવતાં જ દેશનું રાજકીય તાપમાન વધી ગયું છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આ સમગ્ર મામલે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો માંડ્યો છે.તૃણમૂલ કોંગ્રેસના વિવાદ પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ સમગ્ર ઘટનાક્રમને એક પૂર્વઆયોજિત પેટર્ન ગણાવી છે. તેમણે કહ્યું કે, પહેલા શિવસેના, પછી NCP અને હવે તૃણમૂલ કોંગ્રેસ. દરેક વખતે એક જ પેટર્ન, ભાજપ અને ચૂંટણી પંચ મળીને એક પાર્ટીને તોડે છે. ત્યારબાદ તેનું ચૂંટણી ચિહ્ન છીનવી લેવામાં આવે છે. જ્યારે આખેઆખી પાર્ટી ચોરી થઈ શકે છે, તો કરોડો ભારતીયોના મત ચોરી થવા એ પણ કોઈ આશ્ચર્યની વાત નથી. વોટ ચોરી. સરકાર ચોરી. હવે પાર્ટી ચોરી. આ આપણા લોકશાહીના પતનનું પ્રતીક બની ગયા છે.ચૂંટણી પંચની બંધારણીય જવાબદારીઓ પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ચૂંટણી પંચનું કામ જનાદેશનું રક્ષણ કરવાનું છે, પરંતુ વાસ્તવિકતામાં એવા પરિબળોને સહયોગ મળી રહ્યો છે જે જનતાના નિર્ણયને પલટી નાખે છે. આ સંઘર્ષ માત્ર મમતા બેનરજી પૂરતો સીમિત નથી, પરંતુ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ ધરાવતા દેશના દરેક રાજકીય પક્ષ અને પ્રત્યેક મતદારનો સંઘર્ષ છે.ભારતના ચૂંટણી પંચે લીધેલા વચગાળાના નિર્ણય અનુસાર તૃણમૂલ કોંગ્રેસના બંને પક્ષો માટે પાર્ટીનું સત્તાવાર 'નામ' અને 'ચૂંટણી ચિહ્ન' હાલ પૂરતું ફ્રીઝ કરી દેવાયું છે. જ્યાં સુધી આયોગ દ્વારા અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી મમતા બેનરજી કે ઋતબ્રત બેનરજી કોઈપણ ચૂંટણીમાં TMCનું નામ કે તેના પ્રતીકનો ઉપયોગ કરી શકશે નહીં.એપ્રિલ મહિનામાં યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજયનો સામનો કર્યા બાદ તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક જૂથબંધી સપાટી પર આવી ગઈ હતી. આ આંતરિક સંઘર્ષની શરૂઆત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પસંદ કરવાના મુદ્દે થઈ હતી. ત્યારબાદ TMCના 80 ધારાસભ્યોમાંથી અંદાજે 58 ધારાસભ્યો ઋતબ્રત બેનરજીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં સામેલ થઈ ગયા હતા.

## પશ્ચિમ બંગાળની નંદીગ્રામ પેટાચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવારની ધરપકડ

પશ્ચિમ બંગાળ | પશ્ચિમ બંગાળના નંદીગ્રામ પેટાચૂંટણીમાં એક મોટો રાજકીય ઘાટ સર્જાયો છે. મમતા બેનર્જીએ કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન આપવાની જાહેરાત કરી અને તેના થોડા જ સમય બાદ બંગાળ પોલીસે મિલન પ્રધાનની એક જૂના કેસમાં ધરપકડ કરી લીધી છે. આ પહેલાં મમતા સમર્થક ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સાથે મુલાકાત કર્યા બાદ ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. પશ્ચિમ બંગાળની નંદીગ્રામ પેટાચૂંટણીમાં શુક્રવારે મોટો રાજકીય ડ્રામા સર્જાયો હતો. મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાનને સમર્થન આપવાના નિર્ણયના થોડા જ કલાકોમાં પોલીસે જૂના કેસના સંદર્ભમાં કોંગ્રેસ ઉમેદવારની અટકાયત કરી લીધી હતી. આ ઘટનાથી રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મમતા બેનર્જીના જૂથ તરફથી ઉમેદવાર બનાવવામાં આવેલા સંચિતા પ્રધાન ડે, કે જેઓ વ્યવસાયે શિક્ષિકા છે, તેમણે શુક્રવારે રાજ્ય સચિવાલય 'નબન્ના' ખાતે મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે પેટા ચૂંટણીમાંથી પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું હતું. ત્યારબાદ નંદીગ્રામમાં મમતા જૂથનો કોઈ ઉમેદવાર ન રહેતાં, મમતા બેનર્જીએ ઈન્ડિયા (INDIA) ગઠબંધનને મજબૂત કરવાના હેતુથી કોંગ્રેસના મિલન પ્રધાનને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.

**News Brief**

### UPI પર લાગતો ચાર્જ ગ્રાહકો પાસેથી વસૂલીશું અથવા રોકડ વ્યવહાર કરીશું : વેપારીઓનો બળાપો

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૦.૪૦ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાની જાહેરાત કરી ત્યારથી દેશભરમાં ભારે વિવાદ શરૂ થઈ ગયો છે. હવે દેશભરમાં સમાજમાં દરેક વર્ગમાંથી દુકાનદારો, વેપારીઓ, પેટ્રોલ પંપ ડીલરો, સ્ટોક બ્રોકર્સથી લઈને મોટી-મોટી કંપનીઓ જ નહીં સામાન્ય લોકોમાં પણ આ અંગે ભારે ગભરાટ ફેલાયો છે. લોકોનું માનવું છે કે વેપારીઓ પર લગાવાયેલા આ ચાર્જનો અંતિમ બોજ લોકો પર જ પડશે. એમડીઆરનો વિરોધ કરતાં વેપારીઓએ દાવો કર્યો છે કે તેઓ આ ચાર્જ ગ્રાહકો પાસેથી જ વસૂલશે અથવા યુપીઆઈને બાજુ પર રાખી રોકડ વ્યવહાર શરૂ કરશે. બીજીબાજુ સરકારે એમડીઆરનો બચાવ કરતા રોકડ વ્યવહાર વધવાનો ભય નકારી કાઢ્યો છે.ડિજિટલ અર્થતંત્ર તરફ આગળ વધી રહેલા ભારતમાં યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪૦ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચાર્જને વેપારીઓથી લઈને ઉદ્યોગપતિઓ સુધીના દરેક વર્ગે નકારી કાઢ્યો છે. અનેક વેપારીઓનું કહેવું છે કે મોંઘવારી અને પ્રતિસ્પર્ધાના આ સમયમાં સરકારનું આ પગલું વેપારીઓ અને ગ્રાહકો બંને માટે અયોગ્ય છે. એમડીઆર ચાર્જ સંપૂર્ણપણે દુકાનદારો પર નંખાયો છે. સામાન્ય માણસે એક રૂપિયો પણ આપવો નહીં પડે, પરંતુ વેપારીઓ એક નહીં તો બીજા સ્વરૂપે આ ચાર્જ ગ્રાહકો પર જ નાંખી દેશે અથવા તેમની પાસેથી રોકડમાં વ્યવહાર કરશે. આ ચાર્જથી માત્ર દુકાનદારો જ નહીં સામાન્ય માણસની મુશ્કેલી પણ વધશે.અન્ય એક વેપારીએ જીએસટી લાગુ કરાયો તે સમયને યાદ કરતા કહ્યું હતું કે તે સમયે પણ ગ્રાહકોએ જ જીએસટીનો બોજ ઉઠાવવો પડયો હતો.

# દેશમાં ચિપ ડિઝાઈનનું લોકશાહીકરણ

ચિપઈન સેન્ટર કેવી રીતે દેશભરના એન્જિનિયરો માટે કેન્દ્રિય ચિપ-ડિઝાઈન અને ફેબ્રિકેશન સુવિધાઓ અને વિશિષ્ટ તાલીમ પહોંચાડી રહ્યું છે. નવી ચિપની શરૂઆત વિદ્યાર્થી, સંશોધક અથવા ઉદ્યોગસાહસિકના મનમાં આવેલા એક વિચારથી થઈ શકે છે. પરંતુ તે વિચારને પરિકલ્પનાથી લઈને સિલિકોન ચિપમાં સાકાર કરવા માટે મોંઘા સોફ્ટવેર, શક્તિશાળી કમ્પ્યુટર્સ, પ્રશિક્ષિત નિષ્ણાતો અને સેમિકન્ડક્ટર ફાઉન્ડ્રી સુધી પહોંચની જરૂર પડે છે. મોટાભાગની કોલેજો અને સ્ટાર્ટ-અપ્સ આ બધું પોતાની રીતે પરવડી શકતા નથી.

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) દ્વારા સી-ડેક (C-DAC) બેંગલુરુ ખાતે સ્થાપિત ચિપઈન (ChipIN) સેન્ટર, સહિયારા રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ચિપ-ડિઝાઈન સપોર્ટ દ્વારા આ અવરોધોને દૂર કરવામાં મદદ કરી રહ્યું છે. એક જ જગ્યાએથી મોંઘા સંસાધનો સુધી સુરક્ષિત ઓનલાઈન પહોંચ પ્રદાન કરીને, તે દરેક કોલેજ માટે મોંઘા સાધનો ખરીદવાની અને અલગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂરિયાતને દૂર કરે છે.

400 શૈક્ષણિક સંસ્થાઓ અને 100 સ્ટાર્ટ-અપ્સ સહિત 500 સંસ્થાઓના 1 લાખથી વધુ એન્જિનિયરો ચિપઈન સેન્ટરના આ સહિયારા પ્લેટફોર્મમાં જોડાયા છે, જે કેન્દ્રિય ચિપ-ડિઝાઈન સુવિધા માટે સૌથી મોટો યુઝર બેઝ બનાવે છે.

વ્યવહારમાં, ચિપઈન એક વ્યાવસાયિક ચિપ-ડિઝાઈન પ્રયોગશાળાને વિદ્યાર્થીના ઘરઆંગણે લાવે છે. ટેકનોલોજી હબથી દૂર રહેતો વિદ્યાર્થી અગ્રણી સંસ્થાઓને ઉપલબ્ધ સમાન અદ્યતન સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે. આ ચિપ ડિઝાઈનનું લોકશાહીકરણ કરે છે, જે ભૌગોલિક સ્થિતિ અથવા નાણાકીય તાકાતને બદલે ટેલેન્ટ અને વિચારોને નક્કી કરવા દે છે કે કોણ ભાગ લઈ શકે છે.

ચિપઈન ચિપ ડિઝાઈન કરવા, તેના સર્કિટનું પરીક્ષણ કરવા અને તે બનાવી શકાય છે કે નહીં તે તપાસવા માટે ઉપયોગમાં લેવાતા અદ્યતન ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) સાધનો સુધી પહોંચ પ્રદાન કરે છે. તે શક્તિશાળી કોમ્પ્યુટિંગ, પુનઃઉપયોગી ડિઝાઈન બ્લોક્સ અને માનક ડિઝાઈન પદ્ધતિઓ પણ પ્રદાન કરે છે. PARAM ઉત્કર્ષ સુપરકોમ્પ્યુટર જટિલ સિમ્યુલેશનને સપોર્ટ કરે છે, જ્યારે રાષ્ટ્રીય પ્રી-સિલિકોન વેલિડેશન પ્લેટફોર્મ ઉત્પાદન કરતા પહેલા ડિઝાઈનની તપાસ



> વિવિયન ડેસાલ્ફાઈન
સી-ડેક બેંગલોર ખાતે
સાયન્ટિસ્ટ-એફ

કરવામાં મદદ કરે છે.

માત્ર સાધનો જ દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકતા નથી. એક નાની ભૂલ ચિપને નિષ્ફળ બનાવી શકે છે. તેથી ચિપઈન તાલીમ, તકનીકી સહાય અને ફેબ્રિકેશન-કોમ્પ્લાયન્સ ચકાસણીઓ પ્રદાન કરે છે. તેના નિષ્ણાતો પરીક્ષણ કરે છે કે શું ડિઝાઈન ફાઉન્ડ્રીના નિયમોનું પાલન કરે છે, તેના ભાગો યોગ્ય રીતે જોડાયેલા છે કે નહીં અને શું તે ઉત્પાદન માટે તૈયાર છે. ડિઝાઈનરો પ્રતિસાદ મેળવે છે અને જ્યાં સુધી તે જરૂરી ધોરણોને પૂર્ણ ન કરે ત્યાં સુધી તેમના કાર્યમાં સુધારો કરે છે. લોકશાહીકરણનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ મલ્ટી-પ્રોજેક્ટ વેફર સેવા છે, જે યુરોપમાં યુરોપ્રેક્ટિસ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોસિસ (MOSIS) દ્વારા પણ ઉપયોગમાં લેવાતો અભિગમ છે. પૂર્ણ સેમિકન્ડક્ટર વેફર બનાવવું મોંઘું હોવાથી, ચિપઈન ઘણી સંસ્થાઓની ડિઝાઈન તપાસે છે અને તેને એક વેફર પર સાથે મૂકે છે. દરેક સંસ્થા એક નાનો ભાગ વાપરે છે અને ખર્ચ વહેંચે છે. આ વેફરનું ઉત્પાદન મોહાલી સ્થિત સેમિ-કન્ડક્ટર લેબોરેટરી (SCL) ખાતે થાય છે, અને તૈયાર ચિપ્સ તેના ડિઝાઈનરોને પરીક્ષણ માટે પરત કરવામાં આવે છે.

આવા આઠ શેર્ડ-વેફર રન્સ સંસ્થાઓમાંથી 205 ડિઝાઈન્સ SCL મોહાલી સુધી લઈ ગયા છે. ચિપઈને વિદેશી ફાઉન્ડ્રીઝ ખાતે 100 થી વધુ ટેપ-આઉટ્સ સક્ષમ કર્યા છે. ટેપ-આઉટ એ એવો તબક્કો છે કે જેમાં પૂર્ણ થયેલી ડિઝાઈન ઉત્પાદન માટે મોકલવામાં આવે છે. આ કાર્યક્રમ લગભગ એક લાખ વિદ્યાર્થીઓ અને એન્જિનિયરો સુધી પહોંચ્યો છે અને ડિઝાઈન-ટૂલના ઉપયોગના ચાર કરોડથી વધુ કલાકો નોંધાયા છે, જે દર્શાવે છે કે ચિપ ડિઝાઈન વર્ગખંડના શિક્ષણમાંથી વાસ્તવિક-સિલિકોનના અનુભવ તરફ આગળ વધી રહી છે. લાભ માત્ર આંકડાઓ પૂરતો મર્યાદિત નથી. વિદ્યાર્થી વિચારથી લઈને કાર્યરત ચિપ સુધીની સમગ્ર યાત્રાનો અનુભવ કરી શકે છે. એક પ્રોફેસર મોંઘી પ્રયોગશાળા બનાવ્યા વિના વ્યવહારુ ડિઝાઈન ભણાવી શકે છે. એક સ્ટાર્ટ-અપ પ્રોડક્ટ ડેવલપમેન્ટ માટે ભંડોળ બચાવતી વખતે વિચારનું પરીક્ષણ કરી શકે છે. ઉદ્યોગોને એવા એન્જિનિયરો મળે છે જેઓ વાસ્તવિક ડિઝાઈન અને ઉત્પાદન જરૂરિયાતોને સમજે છે.

ભારતની સેમિકન્ડક્ટર આકાંક્ષાઓ માટે ફેબ્રિકેશન ક્ષમતા અને તે ફેબ્સ જે ચિપ્સનું ઉત્પાદન કરશે તેનું ડિઝાઈનિંગ કરવા માટે સક્ષમ લોકો બંનેની જરૂર છે. સાધનો, કમ્પ્યુટિંગ, તાલીમ, નિષ્ણાત સહાય, કોમ્પ્લાયન્સ ચકાસણીઓ અને ફેબ્રિકેશન પહોંચને એકીકૃત કરીને, ચિપઈન અપૂરતા સંસાધનોને સહિયારી રાષ્ટ્રીય ક્ષમતામાં ફેરવી રહ્યું છે. દરેક ઘરઆંગણે ચિપ-ડિઝાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લાવીને, ચિપઈન સુનિશ્ચિત કરી રહ્યું છે કે ભારતની આગામી ક્રાંતિકારી ચિપ દેશમાં ગમે ત્યાં રહેલા કોઈ પણ વર્ગખંડ, પ્રયોગશાળા અથવા સ્ટાર્ટ-અપમાંથી ઉભરી શકે છે.

## ગટરના ઊંડા ખાડામાં ફસાયેલી વાછરડીને હિન્દુ સંગઠને સલામત બહાર કાઢી

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા શહેરમાં આજે જીવદયા અને સેવાભાવનાનું એક પ્રેરણાદાયી દૃશ્ય જોવા મળ્યું હતું. શહેરની અર્ચના સ્કૂલની બાજુમાંથી પસાર થતી મુખ્ય ગટરના ઊંડા છેલામાં એક નિર્દોષ વાછરડી અચાનક ગરકી જતા જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી હતી. ગટરના કાદવ-કીચડમાં ફસાયેલી વાછરડીની કરુણ ચીસો



સાંભળીને આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતા જ નખત્રાણા હિન્દુ સંગઠનના સેવાભાવી યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત અને અથાગ પ્રયત્નો બાદ સંગઠનના કાર્યકરોએ વાછરડીને ગટરના છેલામાંથી સહીસલામત બહાર કાઢી તેને નવજીવન આપ્યું હતું.આ સેવાકાર્યમાં હિન્દુ સંગઠનના શ્રી મમુ ભાઈ રબારી, શ્રી શિવ રાજદે, શ્રી પ્રીત પિત્રોડા, શ્રી ભાર્ગવ પટેલ અને શ્રી લાલજીભાઈ રાજાણી સહિતના યુવાનોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ગૌવંશ પ્રત્યેની તેમની આ નિસ્વાર્થ સેવા અને જીવદયાની ભાવનાને સમગ્ર નખત્રાણા પંથકમાંથી બિરદાવવામાં આવી રહી છે અને લોકો હિન્દુ સંગઠનના આ કાર્યને હૃદયપૂર્વક વંદન કરી રહ્યા છે.

## ભારતીય રેલવે દ્વારા મહારાષ્ટ્રમાં ચૌક-કરજત રેલવે સેક્શનના ડબલિંગ માટે ₹497 કરોડ મંજૂર

(એજન્સી) નવી દિલ્હી | તા.18

મહારાષ્ટ્રમાં રેલવે ક્ષમતા વધારવા અને ટ્રેન કામગીરીમાં સુધારો કરવા તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, ભારતીય રેલવેએ સેન્ટ્રલ રેલવેના ચૌક-કરજત રેલવે સેક્શન (10.86 કિમી)ના ડબલિંગ માટે 497 કરોડના ખર્ચે મંજૂરી આપી છે. રેલવે નેટવર્કની ક્ષમતા વધારવાના ઉદ્દેશ્યથી ડબલિંગ, ટ્રિપલિંગ, ક્વાડ્રપલિંગ, ફ્લાયઓવર અને બાયપાસ કામગીરી માટેના અમ્બ્રેલા વર્ક્સ હેઠળ આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.ચૌક-કરજત સેક્શન એ પનવેલ-ચૌક-કરજત માર્ગનો એક ભાગ છે, જે મુસાફરો અને ફ્રેઈટ બંનેની હિલચાલ માટે એક મહત્વપૂર્ણ કોરિડોર છે. આ સેક્શનનું ડબલિંગ હાલના સિંગલ-લાઈન વિસ્તાર પર વધારાની ક્ષમતા પૂરી પાડશે અને ટ્રેનોની હિલચાલ સુધારવામાં મદદ કરશે.પ્રોજેક્ટ પૂરો થવા પર, આ સેક્શન દરરોજ બંને દિશામાં પાંચ વધારાની પેસેન્જર ટ્રેનોને સુગમ બનાવે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટ વાર્ષિક 18.35 મિલિયન ટન (MTPA)ના વધારાના ફ્રેઈટ ટ્રાફિકને ટેકો આપે તેવી પણ અપેક્ષા છે. તે ફ્રેઈટ ટ્રેનોના વિલંબને ઘટાડવામાં પણ મદદ કરશે.ચૌક-કરજત સેક્શનનું ડબલિંગ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા, ક્ષમતા વધારવા અને મુસાફરો તથા ફ્રેઈટની હિલચાલમાં સુધારો કરવા પર ભારતીય રેલવેના નિરંતર ધ્યાન કેન્દ્રિત કરવાનો આલેખ રજૂ કરે છે.

## ફાઈનાન્સર બળજબરીથી, અડધી રાતે વાહન જપ્ત કરી શકે નહીં : સુપ્રીમ

નવી દિલ્હી : ફાઈનાન્સ કંપનીઓ અને નોન-બેન્કિંગ ધિરાણ કંપનીઓ આરબીઆઈના નિશ્ચિત નિયમો અને પૂર્વ નોટિસની પ્રક્રિયાનું પાલન કર્યા વિના ધિરાણ હેઠળનું વાહન જપ્ત કરી શકે નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું. સુપ્રીમે કહ્યું કે, લોનની વસૂલી અથવા વાહનની જપ્તીનું કામ માત્ર કાયદાકીય રીતે જ કરી શકાય છે. આ સાથે સુપ્રીમે ફાઈનાન્સરને દંડ કરતા ટ્રક માલિકને રૂ. ૧૦ લાખનું વળતર અપાવ્યું હતું.ન્યાયાધીશો પીએસ નરસિંહા અને આલોક અરાધેની બેન્ચે સ્પષ્ટ કર્યું કે, અડધી રાતે તાળું તોડીને મરજીમુજબ વાહન આંચકી લેવું એ બંધારણની કલમ ૧૪ (સમાનતા) અને કલમ ૨૧ (આજીવિકાના અધિકાર)નો ખુલ્લેઆમ ભંગ છે. બેન્ચે કહ્યું કે, લોન પરનું વાહન જપ્ત કરવાનો ફાઈનાન્સરને અધિકાર છે, પરંતુ તેના માટે કાયદાકીય માર્ગે જ આગળ વધવું પડે. ફાઈનાન્સર બળજબરીથી, છેતરપિંડી કરીને અથવા કરારની શરતોનો ભંગ કરીને વાહન જપ્ત કરી શકે નહીં.

## ભારતીય રેલવે દ્વારા મુકુટબન (આદિલાબાદ) અને ગડચાંદુર વચ્ચે 38.21 કિમીની નવી રેલવે લાઈન માટે ₹493 કરોડ મંજૂર

(એજન્સી) નવી દિલ્હી | તા.18

પ્રાદેશિક રેલવે કનેક્ટિવિટી મજબૂત કરવા અને મુસાફરો તથા માલસામાન (ફ્રેઈટ)ની વધુ ઝડપી અને કાર્યક્ષમ હિલચાલને સુગમ બનાવવા તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, ભારતીય રેલવેએ દક્ષિણ મધ્ય રેલવેમાં મુકુટબન (આદિલાબાદ) અને ગડચાંદુર વચ્ચે 493 કરોડના ખર્ચે 38.21 કિમીની નવી રેલવે લાઈનના નિર્માણને મંજૂરી આપી છે. ઔદ્યોગિક અને ખાણકામ કેન્દ્રો માટે કનેક્ટિવિટી મજબૂત બનાવવી: યવતમાળ જિલ્લાનું મુકુટબન અને ચંદ્રપુર જિલ્લાનું ગડચાંદુર એ મહત્વના ઔદ્યોગિક અને ખાણકામ કેન્દ્રો છે, જે સિમેન્ટ પ્લાન્ટ્સ, વેસ્ટર્ન કોલફીલ્ડ્સ લિ.ની કોલસાની ખાણો અને નજીકના લાઈમસ્ટોનની ખાણોને સેવાઓ પૂરી પાડે છે. નવી રેલવે લાઈન આ ઔદ્યોગિક ક્લસ્ટરો માટે રેલવે કનેક્ટિવિટી મજબૂત કરશે અને માલસામાનની વધુ કાર્યક્ષમ હિલચાલને સુગમ બનાવશે.માલસામાનની હિલચાલ સુધારવા અને વર્તમાન નેટવર્કનું ભારણ ઘટાડવા માટે ટૂંકો માર્ગ : નવી રેલવે લાઈન ટૂંકો અને વધુ કાર્યક્ષમ રેલ માર્ગ પૂરો પાડશે, જેનાથી મુસાફરીનું અંતર, પરિવહનનો સમય અને સંબંધિત ખર્ચ ઘટશે. તે હાલના વર્ધા-માણિકગઢ સેક્શનનું ભારણ ઘટાડવા માટે એક વૈકલ્પિક માર્ગ પણ પૂરો પાડશે, જેનાથી ફ્રેઈટ ટ્રાફિકની વધુ સરળ હિલચાલને ટેકો મળશે.ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ મુજબ, પ્રોજેક્ટ કાર્યરત થયા પછી દરરોજ બંને દિશામાં બે મેમૂ ટ્રેનો સાથે 6.08 MTPA ફ્રેઈટ ટ્રાફિકને ટેકો આપે તેવી અપેક્ષા છે. ફ્રેઈટ ટ્રાફિકમાં કોલસો અને કોક, સિમેન્ટ, સ્પોન્જ આયર્ન, મેટલ સ્ક્રેપ, આયર્ન એન્ડ સ્ટીલ, ખાતરો અને અનાજ સહિત અન્ય વસ્તુઓનો સમાવેશ થાય તેવી અપેક્ષા છે.માજરી-નાંદેડ માર્ગ અને મુખ્ય ગંતવ્ય સ્થાનો સાથે સીધી કનેક્ટિવિટી : નવી લાઈન કોલસા અને સિમેન્ટ ક્લસ્ટર તથા માજરી-નાંદેડ માર્ગ વચ્ચે સીધી કનેક્ટિવિટી પૂરી પાડશે, જેનાથી મહારાષ્ટ્ર અને કર્ણાટકના જાલના, પરભણી, છત્રપતિ સંભાજીનગર અને અન્ય ગંતવ્ય સ્થાનો તરફ કોલસા, સિમેન્ટ અને RMSP ટ્રાફિક માટે ટૂંકો માર્ગ સુલભ બનશે.ભીડભાડ વાળા બલ્હારશાહ-નાગપુર માર્ગ પર નિર્ભરતા ઘટાડવી : આ પ્રોજેક્ટ ભીડભાડ વાળા બલ્હારશાહ-નાગપુર હાઈ-ડેન્સિટી નેટવર્ક (HDN) માર્ગ પર નિર્ભરતા ઘટાડશે, સાથે જ યવતમાળ અને ચંદ્રપુર જિલ્લાના પ્રમાણમાં ઓછા જોડાયેલા વિસ્તારોમાં રેલવે કનેક્ટિવિટીમાં સુધારો કરશે. આનાથી ઉન્નત રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા પ્રદેશમાં ઔદ્યોગિક અને આર્થિક વિકાસને ટેકો મળશે. પ્રાદેશિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવું : નવી રેલવે લાઈન પ્રાદેશિક રેલવે નેટવર્કમાં ક્ષમતા ઉમેરશે, આવશ્યક ચીજવસ્તુઓની હિલચાલને સુગમ બનાવશે અને વધતી જતી ફ્રેઈટ તથા મુસાફરોની જરૂરિયાતો માટે વધારાનો રેલ કોરિડોર પૂરો પાડશે. આ પ્રોજેક્ટ ઔદ્યોગિક અને પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવાની સાથે હાલના રેલવે નેટવર્કના વધુ કાર્યક્ષમ ઉપયોગમાં યોગદાન આપે તેવી અપેક્ષા છે.


ભારત સરકાર
કૉર્પોરેટ કાર્ય મંત્રાલય
ઝડપી કૉર્પોરેટ નિર્ગમન પ્રક્રિયા કેન્દ્ર (સી-પેસ),
આઈ.આઈ.સી.એ. બિલ્ડિંગ, 7મો માળ,
પ્લોટ P-6,7,8, સેક્ટર-5, આઈ.એમ.ટી. માનેસર, ગુડગાંવ,હરિયાણા - 122050.
ઈમેલ: roc.cpace@mca.gov.in

સત્યમેવ જયતે

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing
Accelerated Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

ફોર્મ નંબર STK-6
જાહેર નોટિસ
(કંપની અધિનિયમ, 2013 ની કલમ 248 ની ઉપ-કલમ (2) અને ઉપ-કલમ (4) અને કંપનીઓ (કંપની રજિસ્ટરમાંથી કંપનીઓના નામ રદ કરવા બાબત) નિયમો, 2016 ના નિયમ 7 ના અનુસંધાનમાં)

જાહેર નોટિસ: ROC/C-PACE/STK-2/248(2)/2026-27/1273 તારીખ: - 08/09/2026
સંદર્ભ:
1. કંપની અધિનિયમ, 2013 ની કલમ 248 (2) હેઠળ ગુજરાત રાજ્યમાંથી નીચેની (65) કંપનીઓના નામ દૂર કરવાના સંબંધમાં:

| અ.નં. | વર્ક આઈટમ | CIN | કંપનીના નામ |
|---|---|---|---|
| 1 | AC5505502 | U27205GJ2021PTC121733 | સ્ટીલવેલ પ્રાઈવેટ લિમિટેડ |
| 2 | AC5433842 | U55101GJ2026PTC176601 | સરિતકિનારા રિસોર્ટ્ઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 3 | AC5438389 | U35105GJ2025PTC165548 | અરિકા સોલાર હાર્વેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ |
| 4 | AC5450845 | U46909GJ2025PTC163929 | જૈન ડિસ્પેન્સર પ્રાઈવેટ લિમિટેડ |
| 5 | AC5506419 | U80100GJ2025PTC165014 | હાઈ ટેક ઈન્ટેલિજન્ટ ફોર્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 6 | AC5459954 | U74909GJ2025PTC164075 | મૂનલાઈટિંગ વર્ક પ્રાઈવેટ લિમિટેડ |
| 7 | AC5542326 | U46497GJ2025PTC163663 | એક્લાટિક ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ |
| 8 | AC4955204 | U66120GJ2025PTC162499 | આક્યા ગ્લોબલ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| 9 | AC5478706 | U46610GJ2025PTC159462 | અજવા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ |
| 10 | AC5476465 | U52291GJ2024PTC156872 | સાઈસન ચગો પ્રાઈવેટ લિમિટેડ |
| 11 | AC5299422 | U62090GJ2025PTC160110 | મીટર ફેન્ટેસી સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 12 | AC5387643 | U58203GJ2025PTC159853 | એનપીવીઆર ગેમિંગ સ્ટુડિયોઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 13 | AC5428561 | U10309GJ2024OPC155207 | જ્ઞાનમૂર્તિ ફૂડ્સ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ |
| 14 | AC5393901 | U46109GJ2025PTC158816 | પૅનમની એગ્ઝિમ પ્રાઈવેટ લિમિટેડ |
| 15 | AC5186174 | U35105GJ2024PTC152667 | એનવીવીપી ઝોન પ્રાઈવેટ લિમિટેડ |
| 16 | AC5506958 | U28220GJ2024PTC152737 | એક્સીડ ઈન્ડિયા ક્લીન પ્રાઈવેટ લિમિટેડ |
| 17 | AC5519196 | U46909GJ2024PTC151024 | સ્ટ્રાઈવસિસ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ |
| 18 | AC5508529 | U46302GJ2024PTC151124 | દેવકુંજ ઓઈલ એન્ડ નેચરલ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 19 | AC5385736 | U58202GJ2024PTC149090 | કૉગ્નિફિક્સ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 20 | AC5485774 | U21009GJ2023OPC143948 | ચતુર્વેદ લાઈફ સાયન્સ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ |
| 21 | AC5448534 | U86904GJ2023PTC142951 | અબિદાલ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ |
| 22 | AC5532160 | U74103GJ2023PTC140535 | સ્ટોરબિયૉન્ડ માર્કેટિંગ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 23 | AC5480576 | U62099GJ2023PTC140913 | એસીટેક ગ્લોબલ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ |
| 24 | AC5495192 | U62013GJ2023PTC139469 | વેબવાઈબ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 25 | AC5203604 | U22210GJ1999PTC036827 | અરિહંત એન્ટ્રેડ પ્રાઈવેટ લિમિટેડ |
| 26 | AC5156642 | U27320GJ1996PTC028911 | એમરૉન કાસ્ટિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 27 | AC5439711 | U05001GJ2004PTC043619 | પાર્થ અક્વા ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 28 | AC5551536 | U29130GJ1991PTC015540 | ઓમ બેરિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 29 | AC5427992 | U70200GJ2025OPC158126 | નોડેવિયા સોલ્યુશન્સ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ |
| 30 | AC5427734 | U36999GJ2022PTC135040 | સાકર બંક હાઉસ પ્રાઈવેટ લિમિટેડ |
| 31 | AC5532127 | U72200GJ2022PTC133602 | નોવસ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 32 | AC5482076 | U51909GJ2022PTC130908 | એએનપીજી ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 33 | AC5240090 | U63090GJ2022PTC134036 | ટીએનએસ ટર્મિનલ્સ મુન્દ્રા પ્રાઈવેટ લિમિટેડ |
| 34 | AC5152622 | U24100GJ2022PTC133824 | વયાબલ સાલ્ટ એન્ડ અલાઈડ પ્રાઈવેટ લિમિટેડ |
| 35 | AC5516905 | U25209GJ2022PTC129044 | રેડિવિવસ પેટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ |
| 36 | AC5449233 | U31909GJ2021PTC127682 | શિનજિત્સુ ઈકારપ્લગ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ |
| 37 | AC5532678 | U67100GJ2021PTC126731 | ફંડ વેલી એડવાઈઝરી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ |
| 38 | AC5537561 | U72900GJ2021PTC125523 | એકેજી હાઈ-ટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 39 | AC5487544 | U40106GJ2021PTC120777 | ન્યૂગ્ટિન પાવર પ્રાઈવેટ લિમિટેડ |
| 40 | AC5462441 | U74999GJ2021PTC123165 | 145 ડિઝાઈન એન્ડ ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 41 | AC5495438 | U24249GJ2021PTC125232 | હરખ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 42 | AC5398091 | U01100GJ2021PTC123013 | ખેડબ્રહ્મા ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ |
| 43 | AC5511211 | U74999GJ2020PTC117468 | બુકકીપર કેપીઓ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ |
| 44 | AC5484099 | U51909GJ2020PTC117334 | સુપરએપ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 45 | AC5307692 | U72900GJ2020PTC115806 | ક્લિકબઝ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ |
| 46 | AC5433624 | U72900GJ2020PTC112301 | રિયલ્ટીએક્સ માર્ટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 47 | AC5481024 | U05150GJ2020PTC112732 | મોના મરીન પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 48 | AC5492108 | U63000GJ2019PTC107095 | લામોન ઈન્વેસ્ટમેન્ટ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ |
| 49 | AC5540838 | U80301GJ2019PTC108736 | માસ સ્કિલ્સ એન્ડ કરિયર પ્રાઈવેટ લિમિટેડ |
| 50 | AC5395534 | U29100GJ2021PTC122193 | સિચુઆન વાયએનજે ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 51 | AC5291544 | U63030GJ2018PTC101634 | ફોરકાસલ શિપિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| 52 | AC5257374 | U51909GJ2017PTC100013 | સ્માર્ટલાઈફ હોમ ઓટોમેશન પ્રાઈવેટ લિમિટેડ |
| 53 | AC5532950 | U74999GJ2017PTC100221 | જીયુ લેબ્સ ટેક્નો પ્રાઈવેટ લિમિટેડ |
| 54 | AC5178017 | U65929GJ2018PTC102824 | ટ્રેડલેન્ડ ફિનટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 55 | AC5231087 | U74999GJ2017PTC098979 | દિવિષા સ્કિલ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ |
| 56 | AC5495851 | U90009GJ2017PTC099028 | વિકાસટેક્સ એન્વાયરોટેક સીઈટીપી પ્રાઈવેટ લિમિટેડ |
| 57 | AC5523377 | U72900GJ2017PTC097580 | આરઆઈ આઈટી સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ |
| 58 | AC5467669 | U65999GJ2017PTC096131 | આરપીએફએક્સ ફોરેક્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 59 | AC5445217 | U25209GJ2007PTC051340 | કેસલ પૉલિમર્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 60 | AC5097604 | U45203GJ2013PTC077548 | રાજભારત એસ્ટેટ ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 61 | AC5285091 | U34100GJ2014OPC080939 | સ્મિથ મોબિલિટી (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ |
| 62 | AC5461007 | U64120GJ2013PTC075381 | નેટવર્ક સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ |
| 63 | AC5234220 | U51900GJ2010PTC061865 | શાંભવી એગ્ઝિમ પ્રાઈવેટ લિમિટેડ |
| 64 | AC4688117 | U15400GJ2010PTC060653 | કચ્છ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 65 | AC5257788 | U29100GJ2008PTC054202 | હીટેક્સ ટેક્નોલોજીસ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ |

2. આ દ્વારા એ સૂચવવામાં આવે છે કે કંપની અધિનિયમ, 2013 ની કલમ 248 (2) હેઠળ કંપની રજિસ્ટ્રારને ઉપરોક્ત કંપનીઓના નામ કંપની રજિસ્ટરમાંથી આ આધારે દૂર કરવા માટેની અરજી પ્રાપ્ત થઈ છે કે કંપનીઓ તેમની સ્થાપનાના એક વર્ષની અંદર ધંધો શરૂ કરવામાં નિષ્ફળ રહી છે અથવા આ આધારે કે કંપની પાછલા 2 નાણાકીય વર્ષોથી કોઈ ધંધો ચલાવી શકી નથી અને આ સમયગાળા દરમિયાન કંપની અધિનિયમ, 2013 ની કલમ 455 હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે કોઈ અરજી કરી નથી અથવા કંપનીએ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવી લીધો છે, પરંતુ તેઓ કંપની તરીકે પોતાનું નામ રાખવા માંગતા નથી અને તેથી કંપની રજિસ્ટ્રારને પોતાનું/પોતાનાં નામ દૂર કરવા માટેનો અનુરોધ કર્યો છે.

3. તદનુસાર, કંપની રજિસ્ટ્રાર ઉપરોક્ત કંપનીઓના નામોને કંપનીઓના રજિસ્ટરમાંથી દૂર કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

4. જો કોઈ વ્યક્તિ/સંસ્થાને કંપની રજિસ્ટ્રારમાંથી કંપનીઓનું નામ દૂર કરવાના આ પ્રસ્તાવ સામે કોઈ વાંધો હોય, તો તે વ્યક્તિ/સંસ્થા આ નોટિસના પ્રકાશનની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર ઉપરોક્ત કાર્યાલયના સરનામે પોતાનો વાંધો મોકલી શકે છે.

ઈરકન તિરકી
ડેપ્યુટી રજિસ્ટ્રાર
ઝડપી કૉર્પોરેટ નિર્ગમન પ્રક્રિયા કેન્દ્ર

CBC07123/11/0557/2627

સિટી એક્સપ્રેસ
SATURDAY 19 SEPTEMBER-2026
AHMEDABAD



## હાઈટેક SG હાઈવે પર દર ચોમાસે જળબંબાકાર

અમદાવાદ | અમદાવાદમાં 18મી સપ્ટેમ્બરે વહેલી સવારે ધોધમાર વરસાદથી AMCની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી. SG હાઈવે પર કર્ણાવતી જંક્શન અને ગુરુદ્વારા અંડરબ્રિજ નજીક પાણી ભરાતા ટ્રાફિક જામ સર્જાયો. ખામીયુક્ત ગટર વ્યવસ્થા અને રોડના ઢાળને કારણે પાણી ન ઓસરતા વાહનચાલકોને હાલાકી પડી. ડી-વોટરિંગ વાનનો ઉપયોગ કરવો પડ્યો. વોટર કમિટી ચેરમેને બ્રિજની કામગીરી અને નવી ચેમ્બરને જવાબદાર ઠેરવી તપાસની ખાતરી આપી.

## નાના ચિલોડા નજીક ₹55 લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો

અમદાવાદ | નરોડા પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે ગ્રે જીન્સ અને સફેદ શર્ટ પહેરેલો એક શખ્સ થેલામાં નશાકારક પદાર્થ લઈને નાના ચિલોડા સર્કલથી નાના ચિલોડા ચાર રસ્તા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે બે નિષ્પક્ષ પંચોને સાથે રાખી ચામુંડા ટાયર સામે રોડ પર ગોઠવેલી વોચ દરમિયાન શંકાસ્પદ યુવકને ઘેરીને ઝડપી લીધો હતો.સ્થળ પર જ પ્રાથમિક કેમિકલ ટેસ્ટ કિટ વડે પરીક્ષણ કરતા સદર પદાર્થ 'મેફેડ્રોન' હોવાનું ખૂલ્યું હતું. ડિજિટલ કાંટાથી વજન કરતા બે પેકેટમાંથી કુલ 1850 ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું.

### અભ્યાસ અને કારકિર્દીની સાથે સામાજિક ફરજ નિભાવવાનો શ્રેષ્ઠ સમય એટલે 'વિદ્યાર્થીકાળ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-2026)' અને 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ'નો ગાંધીનગરથી શુભારંભ કરાવ્યો

અમદાવાદ | કેન્દ્ર-રાજ્ય સરકારની વિકાસલક્ષી ગૌરવગાથા, વડાપ્રધાનશ્રીની છેલ્લા ૨૫ વર્ષની સેવા અને સમર્પણની વિકાસયાત્રા તથા શિક્ષણ ક્ષેત્રે થયેલા હરણફાળ વિકાસને જન-જન તેમજ યુવા જગત સુધી પહોંચાડવા માટે જ્ઞાન અને ગમ્મત સાથેની અનોખી સ્પર્ધાઓનું આયોજન રાજ્યના શિક્ષણ વિભાગ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા સંયુક્ત પણે કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓ અને સ્પર્ધકોને આ અવસરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીકાળમાં અભ્યાસ અને કારકિર્દી ઘડતર સાથે સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો આ ઉત્તમ અવસર છે. વિદ્યાર્થીઓ પોતે સરકારી યોજનાઓની માહિતી મેળવે અને પોતાના પરિવાર, મિત્રો તથા આસપાસના નાગરિકોને જે યોજનાનો લાભ મેળવવા પાત્ર હોય તેનો લાભ અપાવે તે પણ એક મહત્વપૂર્ણ સેવા છે.તેમણે કહ્યું કે, ઘણી વખત નાગરિકો સરકારી યોજનાઓ વિશે જાણતા હોવા છતાં તેનો લાભ મેળવવાની પ્રક્રિયા કે પાત્રતા અંગે પૂરતી માહિતીના અભાવે લાભથી વંચિત રહી જાય છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ 'યોજના દૂત' બનીને જરૂરિયાતમંદ લોકો સુધી યોગ્ય માહિતી પહોંચાડી શકે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારની યોજનાઓનો લાભ માત્ર શહેરો સુધી સીમિત ન રહે, પરંતુ નાના ગામડાં અને છેવાડાના માનવી સુધી પહોંચે તેવો સરકારનો અભિગમ છે. ગેસ કનેક્શન, આવાસ, પાણીનું કનેક્શન કે અન્ય કોઈ પણ કલ્યાણકારી યોજના જરૂરતમંદ સુધી પહોંચે તે માટે 'સેચ્યુરેશન'ના અભિગમ સાથે રાજ્ય સરકાર કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં G3Qમાં જોડાવા અનુરોધ કર્યો હતો. ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝની પરિકલ્પનામાં જ્ઞાન સાથે શિક્ષણ, સ્પર્ધા અને સરકારી યોજનાઓના લાભો અંગે જાગૃતિનો સમન્વય રહેલો છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની જાહેર જીવનની સેવા સાધના સંદર્ભમાં યોજાનારા 'સેવા સંકલ્પ અભિયાન'માં પણ વિદ્યાર્થીઓને સક્રિયપણે જોડાવા અનુરોધ કર્યો હતો. સ્વચ્છતા જાગૃતિ સહિત પોતાની અનુકૂળતા મુજબની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા યુવાનો આ અભિયાનમાં સહભાગી બની શકે તેની તેમણે પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'વિકસિત ભારત'નો સંકલ્પ માત્ર મોટા શહેરોના વિકાસ પૂરતો સીમિત ન હોઈ શકે. નાના માણસ અને છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં જોડીને જ સર્વસમાવેશી વિકાસ શક્ય છે. આ દિશામાં યુવાનોની ભાગીદારી મહત્વપૂર્ણ છે. સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ અંગે તેમણે જણાવ્યું કે, સમાજ અને વ્યવસ્થામાં પડતી મુશ્કેલીઓના નવીન અને વ્યવહારુ ઉકેલો શોધવા માટે હેકાથોન જેવા પ્રયાસો યુવાનોને પોતાની સર્જનાત્મકતા અને ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની તક આપે છે. વિદ્યાર્થીઓ આ પહેલમાં ભાગ લઈને લોકોની સમસ્યાઓના ઉકેલ માટે નવીન વિચારો રજૂ કરી શકે છે.તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીનો કાર્યમંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' છે. વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સરકારની સાથે નાગરિકો અને ખાસ કરીને યુવાનોનો સહિયારો પ્રયાસ જરૂરી છે જ્ઞાન, ટેકનોલોજી અને સેવાના ત્રિવેણી સંગમ થકી વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિનો મહત્વનો ફાળો રહ્યો છે, તેમ જણાવતા શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ કહ્યું હતું કે, આ કાર્યક્રમ માત્ર સ્પર્ધાઓ નથી, પરંતુ રાજ્યના યુવાનોની જ્ઞાન શક્તિ, સર્જનાત્મકતા અને ઉત્સાહને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા સાથે જોડવાનો એક સબળ પ્રયાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ



મોદીના ૨૫ વર્ષના સેવા, સુશાસન અને લોકકલ્યાણના કાર્યકાળને બિરદાવતા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં લાખો વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ગુજરાતને સમગ્ર દેશમાં અગ્રેસર બનાવ્યું છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ વર્ષે 'G3Q' ક્વિઝને આધુનિક AI આધારિત લર્નિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવી છે, જે દરેક વિદ્યાર્થીને પર્સનલાઈઝ્ડ અભ્યાસનો વિશેષ અનુભવ પૂરો પાડશે. શાળા, કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત રાજ્યના સામાન્ય નાગરિકો માટે પણ આ સ્પર્ધા તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ યોજાશે. જેમાં વિજેતાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) માધ્યમથી આશરે રૂ. ૧૧ કરોડના રોકડ પુરસ્કારો આપવામાં આવશે. બીજી તરફ, 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ' દ્વારા લગભગ ૨૦ હજાર વિદ્યાર્થીઓને વહીવટી તંત્ર અને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓ સાથે જોડીને તેના નવીન અને પારદર્શક ઉકેલો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જેથી વર્ગખંડનું જ્ઞાન સમાજ ઉપયોગી બની શકે.યુવાનોમાં જિજ્ઞાસા, કઠોર પરિશ્રમ અને સ્પષ્ટ લક્ષ્ય હોવાની આવશ્યકતા પર ભાર મૂકતા મંત્રીશ્રીએ જગદીશચંદ્ર બોઝ, સી. વી. રામન અને ન્યૂટન જેવા મહાન વૈજ્ઞાનિકોના દ્રષ્ટાંતો આપ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, જીવનમાં નિષ્ફળતાથી ડરવાની જરૂર નથી, કારણ કે 'FAIL' નો સાચો અર્થ 'First Attempt In Learning' એટલે કે શીખવાનું પ્રથમ પગથિયું છે. જ્ઞાન આપણને સફળતાના શિખરે પહોંચાડે છે, પરંતુ ત્યાં ટકી રહેવા માટે સંસ્કાર અને સેવાભાવના જ જરૂરી છે.ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષ તથા 'વિકસિત ભારત@૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા જનભાગીદારી સાથે આગળ વધવાનો આ મહત્વપૂર્ણ અવસર છે. કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રની સાચી તાકાત તેનું માનવબળ અને યુવાશક્તિ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય યુવાનો માત્ર નોકરી શોધનારા નહીં, પરંતુ 'જોબ ક્રિએટર' બને તેવું અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો છે. આ દિશામાં આયોજિત ક્વિઝ અને હેકાથોન જેવા ઈનોવેટિવ કાર્યક્રમો વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, નવીન વિચારસરણી અને તાર્કિક ક્ષમતાને પ્રોત્સાહન આપશે. 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-2026)' એ રાજ્યના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે ખુલ્લી મુકાઈ છે, જે તાલુકા/મહાનગરપાલિકા, જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષા એમ ૩ સ્તરે યોજાશે. કુલ ૮ અઠવાડિયા સુધી ચાલનારી આ ક્વિઝ દર રવિવારથી શુક્રવાર સવારે ૮:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ઓનલાઈન રમી શકાશે. સ્પર્ધકો માટે રૂ. ૧૧ કરોડથી વધુના રોકડ પુરસ્કારો રાખવામાં આવ્યા છે, જે વિજેતાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સીધા જ બેંક ખાતામાં આપવામાં આવશે. આ પુરસ્કારોમાં રાજ્યકક્ષાના ઈનામો તરીકે શાળાકક્ષાના પ્રથમ વિજેતાને રૂ. ૧ લાખ અને કૉલેજકક્ષાના પ્રથમ વિજેતાને રૂ. ૩ લાખ એનાયત કરવામાં આવશે. આ ક્વિઝનું રજિસ્ટ્રેશન ૧૮ સપ્ટેમ્બરથી www.G3Q.ai પોર્ટલ પર શરૂ થયું છે અને ક્વિઝ સ્પર્ધા ૨૦ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે.આ સાથે જ યુવા સંકલ્પને બળ આપવા શરૂ કરાયેલી 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ (SFIC)' અંતર્ગત 'એક સમસ્યા, એક વિચાર, એક ક્રાંતિકારી ઉકેલ'ના મંત્ર સાથે સરકારી વિભાગો, મહાનગરપાલિકાઓ અને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓના ટેક્નોલોજીકલ નિવારણ લાવવા યુવાનોને આહ્વાન કરવામાં આવ્યું છે. જેમાં સહભાગી ટીમો પ્રોટોટાઈપ બનાવી ટોચના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી શકશે.

## પશ્ચિમ રેલવે દ્વારા ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા આગામી તહેવારોની સીઝન દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને સમાયોજિત કરવાના ઉદ્દેશથી ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે : 1) ટ્રેન નંબર 01909 અસારવા-આગરા કેન્ટ સ્પેશિયલના ફેરાનું 24 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ જ રીતે, ટ્રેન નંબર 01910 આગરા કેન્ટ-અસારવા સ્પેશિયલના ફેરાનું 23 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે.2) ટ્રેન નંબર 01906 અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરાનું 1 ડિસેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ જ રીતે, ટ્રેન નંબર 01905 કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલના ફેરાનું 30 નવેમ્બર, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ-ગાંધીગ્રામ સ્પેશિયલના ટર્મિનલમાં પરિવર્તન : 3) ગાંધીગ્રામ સ્ટેશન પર પ્લેટફોર્મ સીમાઓને કારણે, 4 ઓક્ટોબર, 2026 થી શરૂ થનારી ટ્રેન નંબર 04112 ગાંધીગ્રામ-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ, સાબરમતીથી ઓરિજિનેટ થશે તથા ટ્રેન નંબર 04180 સાબરમતી-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ રૂપે ચાલશે. આ જ રીતે, 3 ઓક્ટોબર, 2026 થી શરૂ થનારી ટ્રેન નંબર 04111 પ્રયાગરાજ-ગાંધીગ્રામ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ, સાબરમતી સ્ટેશન પર ટર્મિનેટ થશે તથા ટ્રેન નંબર 04179 પ્રયાગરાજ-સાબરમતી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ રૂપે ચાલશે.ટ્રેન નંબર 04180 સાબરમતીથી 17.45 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 20.00 કલાકે પ્રયાગરાજ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 04179 પ્રયાગરાજથી 16.00 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 15.40 કલાકે સાબરમતી પહોંચશે. તથા મહેસાણા અને ફતેહપુર વચ્ચે સમય અને સ્ટોપેજમાં કોઈ ફેરફાર થશે નહીં.ટ્રેન નંબર 01906 અસારવા - કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના સમયમાં ફેરફાર : ટૂંડલા સ્ટેશન પર પ્લેટફોર્મ સીમાઓને કારણે, 6 ઓક્ટોબર, 2026 થી અસારવાથી શરૂ થનારી ટ્રેન નંબર 01906 અસારવા-કાનપુર સેનટ્રલ સ્પેશિયલના ટૂંડલા, ફિરોજાબાદ અને ઈટાવા સ્ટેશનો પર સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રેન નંબર 01909, 01906 અને 04180 ના વિસ્તરણ કરાયેલા ફેરાનું બુકિંગ19 સપ્ટેમ્બર, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રેક સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

**અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે મેલા સ્પેશિયલ ટ્રેન દોડશે, 19 સપ્ટેમ્બરથી :** ખેડબ્રહ્મામાં યોજાતા પ્રસિદ્ધ "ભાદરવી પૂનમ" મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવા પહોંચે છે. મેળા દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે,અમદાવાદ મંડળ દ્વારા શ્રદ્ધાળુઓ અને મુસાફરોની સુવિધા માટે અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે મેલા સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિશેષ ટ્રેન વિશેષ ભાડા સાથે અનારક્ષિત રહેશે અને 19 સપ્ટેમ્બર 2026થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ સંચાલિત કરવામાં આવશે. સાબરકાંઠાના માનનીય સંસદસભ્ય શ્રીમતી શોભનાબેન બારૈયા તથા અમદાવાદ પશ્ચિમના માનનીય સંસદસભ્ય શ્રી દિનેશભાઈ મકવાણા દ્વારા "ભાદરવી પૂનમ" મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવા અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશને અનુરોધ કરવામાં આવ્યો હતો. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ દ્વારા આ મેલા સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## નરેન્દ્રભાઈ મોદીની 25 વર્ષની અવિરત જન સેવા-સાધનાની સેવા સંકલ્પ અભિયાનથી રાજ્યવ્યાપી ઉજવણી

**વડાપ્રધાનશ્રીના 76મા જન્મ દિવસથી શરૂ થયેલા સેવા સંકલ્પ અભિયાનમાં એક જ દિવસમાં રાજ્યવ્યાપી 410 રક્તદાન કેમ્પથી 18500 થી વધુ બોટલ્સ બ્લડ સ્વૈચ્છિક દાતાઓ પાસેથી મળ્યું**

**'સેવા મેરા યોગદાન'ને બ્લડ ડોનેશન દ્વારા સેવા સંકલ્પ અભિયાનમાં જોડાઈને અનેક રક્ત દાતાઓએ સાકાર કર્યું**

અમદાવાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અવિરત જન સેવા સાધનાના 25 વર્ષની સફળતાની ઉજવણી દેશ ભરમાં સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 76માં જન્મ દિવસ 17 સપ્ટેમ્બરથી એક મહિના સુધી આ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સેવાકિય કાર્યક્રમો જન ભાગીદારીથી યોજાશે. વડાપ્રધાનશ્રીના આ જન્મ દિવસની ઉજવણીના સેવા કાર્યોમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા મેરા યોગદાનના મંત્ર સાથે 'રક્તદાન મહાદાન' અને 'અપણા રક્તનું એક ટીપું કોઈ જરૂરતમંદને આપશે જીવનદાન'ના ધ્યેયથી રાજ્યના 34 જિલ્લાઓમાં 410 જેટલા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું લોક ભાગીદારીથી આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્રતયા આ કેમ્પ્સમાં એન.સી.સી. કેડેટ્સ, વિદ્યાર્થીઓ, યુવાનો, સુરક્ષાકર્મીઓ અને સમાજસેવી નાગરિક રક્ત દાતાઓએ જોડાઈને કુલ 18578 બોટલ રક્તદાન કર્યુ હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન કાળ અને સેવાકાર્યોને જન જન સુધી પહોંચાડવાના બહુવિધ કાર્યક્રમોમાં તેમના 76માં જન્મ દિવસે યોજાયેલી આ રક્તદાન શિબિર મહત્વપૂર્ણ બની છે.

## અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાનની થઈ શરૂઆત

### ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાની શપથ અપાવી

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 'સ્વચ્છતા એ જ સેવા-2026' અભિયાનનો શુભારંભ તારીખ 17 સપ્ટેમ્બર 2026 ના રોજ કરવામાં આવ્યો હતો. આ અભિયાન 02 ઓક્ટોબર 2026 સુધી આયોજિત કરવામાં આવશે. આ વર્ષે અભિયાનનો મુખ્ય વિષય "સ્વચ્છતામાં સહભાગિતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત" છે. આના પછી 'સ્વચ્છતા પખવાડિયું-2026' નું આયોજન 01 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર 2026 સુધી કરવામાં આવશે. 'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાન હેઠળ સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ સંકુલ અને સ્વચ્છ પર્યાવરણના ઉદ્દેશથી વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અભિયાન હેઠળ રેલવે સંકુલોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાની સાથે-સાથે જનભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે.અભિયાન હેઠળ મહેસાણા રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ



અને ઉપસ્થિત લોકોને સ્વચ્છતાની શપથ અપાવી. સૌએ પોતાના કામના સ્થળને અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવાના તથા સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી ભજવવાના સંકલ્પ લીધા.વિસનગર રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું. આ દરમિયાન રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત લોકોએ સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ સંકુલ અને સ્વચ્છ પર્યાવરણ જાળવી રાખવાના સંકલ્પ લીધા તથા 'સ્વચ્છ રેલવે-સ્વચ્છ ભારત' ના નિર્માણમાં જનભાગીદારીની હાકલ કરવામાં આવી. આ જ ક્રમમાં વિદ્યાર્થીઓએ કર્યુ ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપોનું શૈક્ષણિક પરીભ્રમણ 'સ્વચ્છતા એ જ સેવા 2026' અભિયાન હેઠળ આયોજિત 'સ્વચ્છતા જ્ઞાન યાત્રા' દરમિયાન પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, સાબરમતીના વિદ્યાર્થીઓએ ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો, સાબરમતી (ICD-SBI) નું શૈક્ષણિક પરીભ્રમણ કર્યું.પરીભ્રમણ દરમિયાન વિદ્યાર્થીઓને રેલવે કોચ અને ટ્રેનોની જાળવણી અને દેખરેખની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. વિશેષ રૂપે બાયો-ટૉયલેટની કાર્યપદ્ધતિ અને સંસાલન પદ્ધતિને વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી તથા રેલવે દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે કરવામાં આવી રહેલા પ્રયત્નોની માહિતી આપવામાં આવી.આના પછી કૉન્ફરન્સ હૉલમાં વિદ્યાર્થીઓ માટે ચિત્રકળા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણથી જોડાયેલા વિષયો પર પોતાની રચનાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું. 'સ્વચ્છતા એ જ સેવા 2026' હેઠળ 17 અને 18 સપ્ટેમ્બરના રોજ 'સ્વચ્છ પાઠશાળા-યુવા ફૉર સ્વચ્છતા' પ્રવૃત્તિઓ મારફતે સ્વચ્છતા શપથ, સ્વચ્છતા જાગૃતિ અને પ્રદર્શન સત્ર, સ્વચ્છતા જ્ઞાન યાત્રા, શેરી નાટક, વિષય આધારિત કલા સ્પર્ધાઓ તથા દાન અને પુનઃ ઉપયોગ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ મારફતે વિદ્યાર્થીઓ, યુવાનો, રેલવે કર્મચારીઓ અને સામાન્ય જનતાને સ્વચ્છતા અભિયાન સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

## 8 કલાકમાં રાજ્યના 222 તાલુકામાં વરસાદ:આજે બે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ, અમદાવાદ-વડોદરા સહિત 8 જિલ્લામાં યલો એલર્ટ; રાજ્યમાં સરેરાશ 8 ટકા વરસાદની ઘટ

અમદાવાદ | સાત દિવસમાં ફરી એક વાર રાજ્યમાં મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી દીધી છે. આજે 18 સપ્ટેમ્બરે સવારે 6થી બપોરે 2 વાગ્યા સુધીમાં 222 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ અરવલ્લીના મેઘરજ અને અમદાવાદ શહેરમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે 60 તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. તો 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે. આજે બે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને અમદાવાદ, વડોદરા સહિત 8 જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ 616.8 મીમી (24.28 ઈંચ) વરસાદ નોંધાયો છે. જો કે 673.9 મીમી (26.53 ઈંચ) સામાન્ય હોવો જોઈએ. એટલે કે સામાન્ય કરતા 8 ટકા વરસાદ ઓછો છે.


હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે. દાસે જણાવ્યું હતું કે, રાજ્યમાં આજે અને આવતીકાલે ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટા અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે અમદાવાદમાં આજે 6.5થી 11.5 સેન્ટીમીટર(2.55 ઈંચથી 4.52 ઈંચ) વરસાદ વરસી શકે છે. વરસાદી સિસ્ટમની વાત કરીએ તો અત્યારે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન ઉત્તર ગુજરાતની આસપાસ બનેલું છે, જે આવતીકાલે લો પ્રેશર સિસ્ટમમાં કન્વર્ટ થશે. અત્યારે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફના સ્વરૂપમાં સક્રિય છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ખરાબ હવામાનના કારણે આજે સવારે મુંબઈથી આવતી બે ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ કરવામાં આવી છે. જેને કારણે આ બંને ફ્લાઈટમાં બેસેલા 200થી વધુ હવાઈ મુસાફરોને કલાકો સુધી પરેશાની ભોગવવી પડી હતી. હિરાસર પાસે વરસાદને કારણે એર ક્રાફટનું ઉતરાણ મુશ્કેલીભર્યું છે. જેના કારણે હાલ 2 જ ફ્લાઈટ ડાયવર્ટ થઈ છે, પરંતુ વધુ ફ્લાઈટ ડાયવર્ટ થવાની શક્યતાઓ છે.

રાજ્યની જીવનદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલ તેની કુલ ક્ષમતાના 95.55 ટકા જળસંગ્રહ છે. ડેમમાં 38,847 ક્યુસેક પાણીની આવક સામે 41,746 ક્યુસેક જાવક ચાલુ છે. રાજ્યના અન્ય 206 જળાશયમાં 3,88,095 એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે, જે કુલ ક્ષમતાના 69.56 ટકા છે. રાજ્યના 206 ડેમમાંથી 27 ડેમ 100 ટકા ભરાયેલા છે, 37 ડેમ 70થી 100 ટકા વચ્ચે, 27 ડેમ 50થી 70 ટકા વચ્ચે, 41 ડેમ 25થી 50 ટકા વચ્ચે અને 74 ડેમ 25 ટકાથી ઓછા ભરાયેલા છે. સુરક્ષા અને પાણીના સ્તર મુજબ રાજ્યના 43 ડેમ હાઈ એલર્ટ પર, 11 ડેમ એલર્ટ પર અને 10 ડેમ વોર્નિંગ પર મુકવામાં આવ્યા છે.

વહેલી સવારથી મહીસાગરના લુણાવાડામાં વરસી રહેલા ઝરમર વરસાદ વચ્ચે પદયાત્રીઓ વરસાદની મજા માણતા માણતા અંબાજી રથ અને પગપાળા જઈ રહ્યા છે. જો કે ભાદરવા મહિનામાં ગરમી પડતી હોય છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે મેળા સ્પેશિયલ ટ્રેન



અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા ખેડબ્રહ્મામાં આયોજિત થનારા "ભાદરવી પૂનમ" મેળા દરમિયાન યાત્રીઓની વધારાની ભીડ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન 19 સપ્ટેમ્બર 2026 થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ ચાલશે. આ ટ્રેનની વિગતો આ મુજબ છે :

ટ્રેન નંબર 09405/09406 અસારવા-ખેડબ્રહ્મા-અસારવા અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન નંબર 09405 અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ 19 સપ્ટેમ્બર 2026 થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ અસારવાથી 09:35 કલાકે પ્રસ્થાન કરશે તથા 12:10 કલાકે ખેડબ્રહ્મા પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 09406 ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ 19 સપ્ટેમ્બર 2026 થી 01 ઓક્ટોબર 2026 સુધી દરરોજ ખેડબ્રહ્માથી 15:35 કલાકે પ્રસ્થાન કરશે તથા 18:10 કલાકે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન નરોડા, હિમ્મતનગર અને વડાલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેન 08 કોચ MEMU રેકથી સંચાલિત થશે તથા આમાં અનરિઝર્વ્ડ સેકન્ડ ક્લાસના કોચ રહેશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...